અમદાવાદ

# એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

કેન્સર વચ્ચે હિના ખાન માટે પોતાને ઓળખવી મુશ્કેલ, એક્ટ્રેસને...

પેજ-09

અશ્વિને રચ્યો ઈતિહાસ, વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં હાંસલ કરી આ સિદ્ધિ



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 23.00 |
| વડોદરા | 36.00 | 23.00 |
| સુરત | 34.00 | 24.00 |

પેજ 5




મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રે 50 ટકાથી વધુ નવા રોકાણકારો નાના શહેરોમાંથી...


26 OCTOBER-2024 SATURDAY


બિન લાદેનને જ્યા સંતાડ્યો હતો એ એબટાબાદમાં પાકિસ્તાન તૈયાર...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 79402.29 | ▼ | 662.87 |
| નિફ્ટી | 24180.80 | ▼ | 218.60 |
| સોનું | 79,402.00 | ▲ | 662.00 |
| ચાંદી | 97,685.00 | ▲ | 653.00 |


વર્ષ-13 । અંક-341 । વિક્રમ સંવત-2079 । આસો વદ-10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## સેન્સેક્સે 80000નું લેવલ ગુમાવ્યું
# શેરબજાર કડડભૂસ

(એજન્સી) મુંબઈ । તા. 25

આજે એટલે કે 25 ઓક્ટોબરે શેરબજારમાં સતત પાંચમા દિવસે ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 662 પોઈન્ટના ઘટાડા સાથે 79,402 પર બંધ રહ્યો હતો. નિફ્ટી પણ 218 પોઈન્ટ ઘટીને 24,180ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ સમયે, BSE સ્મોલ કેપ 1,307 પોઈન્ટ ઘટીને 52,335 પર બંધ રહ્યો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 20 ઘટ્યા અને 10 વધ્યા. નિફ્ટીના 50 શેરોમાંથી 38 ઘટ્યા અને 12 વધ્યા. એફએમસીજી અને હેલ્થકેર ઈન્ડેક્સ સિવાય તમામ સેક્ટર ઘટાડા સાથે બંધ થયા છે. નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સૌથી વધુ 2.52% ઘટ્યો હતો.



### મિડકેપ સ્મોલકેપ શેર્સમાં મોટો કડાકો
### મીડકેપ 1000, સ્મોલકેપ 1400 પોઈન્ટ તૂટ્યો

બીએસઈ મીડકેપ સેગમેન્ટમાં કુલ ટ્રેડેડ 132 શેર્સ પૈકી 119 શેર્સમાં 20 ટકા સુધી કડાકો નોંધાતા ઈન્ડેક્સ 1000 પોઈન્ટથી વધુ તૂટ્યો છે. પીએસયુ શેર્સમાં મોટાપાયે વેચવાલી નોંધાઈ છે. જેના પગલે BHEL, RVNL, SAIL, સેન્ટ્રલ બેન્કના શેર્સ 5 ટકાથી વધુ તૂટ્યા હતા. વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાઓ વચ્ચે વિદેશી રોકાણકારો મોટાપાયે રોકાણ પાછું ખેંચી રહ્યા છે. ઓક્ટોબરમાં ગઈકાલ સુધી એફઆઈઆઈએ કુલ 97205.42 કરોડની વેચવાલી નોંધાવી છે.

### રોકાણકારોના 8 લાખ કરોડ સ્વાહા

છેલ્લા કેટલાક દિવસથી શેરબજારમાં મોટા કરેક્શનના માહોલ વચ્ચે રોકાણકારોએ આજે વધુ રૂ. 8.32 લાખ કરોડ ગુમાવ્યા છે. 11.11 વાગ્યે સેન્સેક્સ 640.37 પોઈન્ટ અને નિફ્ટી 254.50 પોઈન્ટના ઘટાડે ટ્રેડ થઈ રહ્યો હતો. મિડકેપ અને સ્મોલકેપ શેર્સમાં મોટુ ગાબડું નોંધાયું છે. શેરબજારમાં મંદીનું જોર સતત વધી રહ્યુ છે.

### એશિયાઈ બજારોમાં આજે મિશ્ર કારોબાર

એશિયન માર્કેટમાં જાપાનનો નિક્કી 0.97% ડાઉન છે. જ્યારે કોરિયાનો કોસ્પી અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.42%ના વધારા સાથે કારોબાર કરી રહ્યા છે. 24 ઓક્ટોબરના રોજ યુએસ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજ 0.33% ઘટીને 42,374 પર અને S&P 500 0.21% વધીને 5,809 પર આવી. Nasdaq 0.76% વધીને 18,415 પર છે.

# લૉરેન્સ બિશ્નોઈ ગેંગ પર તવાઈ
## પંજાબ સહિત અનેક રાજ્યોમાંથી 7 શૂટર્સની ધરપકડ, દિલ્હી પોલીસની કાર્યવાહી

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

લોરેન્સ બિશ્નોઈ ગેંગ સામે પેન ઈન્ડિયા કાર્યવાહીમાં દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલને મોટી સફળતા મળી છે. ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ગેંગના 7 શૂટર્સની ધરપકડ કરવામાં આવી છે. પંજાબ અને અન્ય રાજ્યમાંથી તમામ શૂટર્સની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે શૂટર્સ પાસેથી હથિયારો પણ જપ્ત કર્યા છે. આ પહેલાં લોરેન્સ બિશ્નોઈ ગેંગ પર નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)એ પણ કાર્યવાહી કરી હતી. NIAએ લોરેન્સના ભાઈ અનમોલ બિશ્નોઈ પર 10 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે. અનમોલ બિશ્નોઈ ઉર્ફે ભાનુ કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો ભાઈ છે. તે સિંગર-રાજનેતા સિદ્ધુ મુસેવાલાની હત્યાનો આરોપી પણ છે.



### લૉરેન્સ બિશ્નોઈ માસૂમ બાળક છે, ગાંધીવાદી છે...
### સલમાન ખાનનો ઉલ્લેખ કરીને બોલ્યા સાધ્વી પ્રાચી

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં ગુરુવારે પહોંચેલા હિંદુવાદી નેતા સાધ્વી પ્રાચીએ લોરેન્સ બિશ્નોઈ પર મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે 'લોરેન્સ બિશ્નોઈ ગાંધીવાદી છે. સલમાન ખાને કેટલી યુવતીઓનું જીવન બરબાદ કર્યું છે અને આજે તેને જોખમ અનુભવાઈ રહ્યું છે. હું કોઈ ગુનેગારનું સમર્થન કરી રહી નથી પરંતુ બિશ્નોઈ એક ગાંધીવાદી છે. બિશ્નોઈ માસૂમ બાળક છે.

### લૉરેન્સના ભાઈ પર રાખ્યું 10 લાખનું ઈનામ, અનમોલ બિશ્નોઈ પર 18 કેસ

મુંબઈમાં બાબા સિદ્દીકીની હત્યા અને અભિનેતા સલમાન ખાનના ઘરે ફાયરિંગના કેસમાં લૉરેન્સ બિશ્નોઈ (Lawrence Bishnoi) ગેંગ પર સકંજો કસવા રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)એ મોટી કાર્યવાહી કરી છે. એનઆઈએ લૉરેન્સના ભાઈ અનમોલ બિશ્નોઈ (Anmol Bishnoi) પર 10 લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરી છે. અનમોલ પર બાબા સિદ્દીકીની હત્યા અને સલમાનને ઘરે ફાયરિંગમાં સામેલ હોવાનો આરોપ છે.

### હત્યા પહેલા ત્રણ શૂટરો અનમોલના સંપર્કમાં હતા

મીડિયા રિપોર્ટ મુજબ હત્યા કેસની તપાસ કરી રહેલી સીબીઆઈને આરોપીઓની પૂછપરછમાં માહિતી મળી છે કે, શૂટર અનમોલ બિશ્નોઈના સીધા સંપર્કમાં હતો. રિપોર્ટ મુજબ ત્રણ શંકાસ્પદ શૂટરોએ હત્યાને અંજામ આપતા પહેલા ઈન્ટેન્ટ મેસેજિંગ એપ (સ્નેપચેટ) દ્વારા અનમોલ સાથે વાતચીત કરી હતી. અનમોલ શૂટર અને ષડયંત્રકાર પ્રવિણ લોનકરના સંપર્કમાં હતો. રાષ્ટ્રીય તપાસ એજન્સી વર્ષ 2022માં બે કેસમાં ચાર્જશીટ ફાઈલ કરી હતી અને આ બંને કેસમાં અનમોલ હોવાનો આરોપ છે.

## સુપ્રીમ કોર્ટે આપ્યો મહત્વપૂર્ણ ચુકાદો
# ઉંમર માટેનું પાક્કું સર્ટિફિકેટ નથી આધાર કાર્ડ

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

આજના સમયે આધાર કાર્ડ આપણી દરેક નાની-મોટી જરૂરિયાતો સાથે જોડાયેલું છે. સિમ કાર્ડ ખરીદવાથી લઈને બેન્કમાં એકાઉન્ટ ખોલાવતી વખતે પણ આધાર કાર્ડને મહત્વના ડોક્યુમેન્ટની જેમ માનવામાં આવે છે પરંતુ સુપ્રીમ કોર્ટે પોતાના એક ચુકાદામાં સ્પષ્ટ કરી દીધું છે કે આધારનો માત્ર એક ઓળખ પત્ર તરીકે ઉપયોગ કરી શકાય છે અને આ તમારી ઉંમરને નક્કી કરવાનું સર્ટિફિકેટ નથી.

### શું છે સમગ્ર મામલો?

સુપ્રીમ કોર્ટે દાવેદાર-અપીલકર્તાઓના તર્કનો સ્વીકાર કરી લીધો અને મોટર એક્સિડન્ટ ક્લેઈમ ટ્રિબ્યુનલ (MACT) ના નિર્ણયને અકબંધ રાખ્યો, જેને મૃતકની ઉંમરની ગણતરી તેના સ્કુલ લીવિંગ સર્ટિફિકેટના આધારે કરી હતી. 2015માં અકસ્માતમાં મૃત્યુ પામેલા એક વ્યક્તિના પરિવારજનો દ્વારા દાખલ અપીલ પર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી રહી હતી. MACT, રોહતકે 19.35 લાખ રૂપિયાના વળતરનો આદેશ આપ્યો હતો. જેને હાઈકોર્ટે એ જોયા બાદ ઘટાડીને 9.22 લાખ રૂપિયા કરી દીધો કે એમએસીટીએ વળતર નક્કી કરતી વખતે ઉંમરની ગણતરીને ખોટી રીતે લાગુ કરી હતી.

**આધાર કાર્ડ અહીં કામ આવશે નહીં :** સુપ્રીમ કોર્ટે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના તે ઓર્ડરને કેન્સલ કરી દીધો જેમાં વળતર આપવા માટે માર્ગ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર વ્યક્તિની ઉંમર નક્કી કરવા માટે આધાર કાર્ડનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ ઉજ્જલ ભુઈયાંની બેન્ચે કહ્યું કે મૃતકની ઉંમર કિશોર ન્યાય (બાળકોની સારસંભાળ અને સુરક્ષા) અધિનિયમ, 2015ની કલમ 94 હેઠળ સ્કુલ લિવિંગ સર્ટિફિકેટમાં મેન્શન કરવામાં આવેલી ડેટ ઓફ બર્થ સાથે ગણતરી કરવી જોઈએ.

### UIDAI એ પણ ઉંમર માટેનું પાક્કું સર્ટિફિકેટ માન્યું નહીં

બેન્ચે ઉલ્લેખ કર્યો, 'અમે જાણ્યું છે કે યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) એ પોતાના પરિપત્ર નંબર 8/2023ના માધ્યમથી, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય દ્વારા 20 ડિસેમ્બર 2018એ જારી કાર્યાલય જાહેરાતના સંદર્ભમાં કહ્યું છે કે આધાર કાર્ડનો ઉપયોગ ઓળખ સ્થાપિત કરવા માટે કરવામાં આવી શકે છે, પરંતુ આ ઉંમર માટેનું પાક્કું સર્ટિફિકેટ નથી.'

# જ્ઞાનવાપી કેસમાં હિન્દૂ પક્ષને ઝટકો
## વારાણસી કોર્ટે સર્વેની માંગ કરતી અરજી ફગાવી

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

વિવાદાસ્પદ જ્ઞાનવાપી કેસમાં વારાણસી કોર્ટે હિંદુ પક્ષને ઝટકો આપતો નિર્ણય સંભળાવ્યો છે. આ કેસમાં વારાણસીના સિવિલ જજ સીનિયર ડિવિઝન ફાસ્ટ ટ્રેકે હિંદુ પક્ષની અરજી ફગાવી દીધી છે. ઉલ્લેખનીય છે કે, ઘણા વર્ષોથી જ્ઞાનવાપી મસ્જિદ મામલે ભારે વિવાદ ચાલી રહ્યો છે. વર્ષ 1991માં જ્ઞાનવાપી મસ્જિદ પર માલિકી હક્ક માટે હરિહર પાંડે, સોમનાથ વ્યાસ અને રામરંગ શર્મા દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. લગભગ બે દાયકાથી ચાલી રહેલી સુનાવણી બાદ હિંદુ પક્ષ દ્વારા વારાણસીની સિવિલ જજ સીનિયર ડિવિઝન ફાસ્ટ ટ્રેક કોર્ટમાં બે માંગણી રાખવામાં આવી. હિંદુ પક્ષની માંગ હતી કે, વજુખાનાનો ASI સર્વે કરાવવો જોઈએ.

### મુસ્લિમ પક્ષે હિંદુ પક્ષની અરજીનો કર્યો વિરોધ

હિંદુ પક્ષે જ્ઞાનવાપીના મુખ્ય ગુંબજ નીચે શિવલિંગ હોવાનો દાવો કરીને ખોદકામ કરાવી ASI સરવે કરવાની માંગ કરી હતી. જોકે બીજીતરફ મુસ્લિમ પક્ષે હિંદુ પક્ષની અરજીનો વિરોધ કર્યો છે અને કહ્યું છે કે, ખોદકામ કરવાથી મસ્જિદ સ્થળને નુકસાન થઈ શકે છે.

# હિમાચલમાં બનેલી 23 દવાઓના સેમ્પલ ફેલ
## દેશભરમાંથી સ્ટોક પાછો મંગાવવામાં આવ્યો
### કેન્સર, હાર્ટ એટેક અને બ્લડ સુગર માટે વપરાય છે

(એજન્સી) શિમલા । તા. 25

હિમાચલ પ્રદેશમાં બનતી 23 દવાઓ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO) ના ધોરણોને પૂર્ણ કરતી નથી.. તેના સેમ્પલ ફેલ થયા છે. આ દવાઓનો ઉપયોગ હાર્ટ એટેક, બ્લડ સુગર અને કેન્સર જેવા જીવલેણ રોગોની સારવારમાં થાય છે.

આ વર્ષે સપ્ટેમ્બરમાં, CDSCO અને રાજ્યના ડ્રગ કંટ્રોલરે રાજ્યની વિવિધ દવા ઉત્પાદક કંપનીઓના નમૂના લીધા હતા. CDSCOએ લેબમાં પરીક્ષણ કર્યા બાદ પોતાનો રિપોર્ટ શેર કર્યો છે. CDSCOની તપાસમાં 49 માંથી 20 સેમ્પલ ફેલ થયા હતા અને ડ્રગ કંટ્રોલરની તપાસમાં 18 માંથી 3 સેમ્પલ ફેલ થયા હતા. આ દવાઓ દેશભરમાં સપ્લાય કરવામાં આવે છે. સેમ્પલ ફેલ થયા બાદ ડ્રગ કંટ્રોલરે હિમાચલની ફાર્માસ્યુટિકલ કંપનીઓને દવાઓનો સ્ટોક પરત મંગાવવાની સૂચના આપી છે. રાજ્યના ડ્રગ કંટ્રોલર મનીષ કપૂરે કહ્યું કે, CDSCO એલર્ટ બાદ તમામ ફાર્માસ્યુટિકલ કંપનીઓને નોટિસ આપવામાં આવી છે.



જવાબ મળ્યા બાદ કંપનીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. પ્રસવ પીડા વધારવા અને રક્તસ્ત્રાવ ઘટાડવા માટે વપરાય છે સિરમૌરની પુષ્કર ફાર્મા કંપનીની ઓક્સીટોસિન દવાના સેમ્પલ ફેલ થયા છે. આ દવા શ્રમને ઝડપી બનાવવા અને ડિલિવરી પછી રક્તસ્ત્રાવ ઘટાડવા માટે આપવામાં આવે છે. હાર્ટ એટેકમાં વપરાય છે બદ્દીની માર્ટિન એન્ડ બ્રાઉન કંપની દ્વારા ઉત્પાદિત કેલ્શિયમ ગ્લુકોનેટ પણ ધોરણોને પૂર્ણ કરતું નથી. તેનો ઉપયોગ હાર્ટ એટેકના દર્દીઓ માટે થાય છે.

# 27 વિમાનોને બોમ્બની ધમકી
## ઉદયપુરમાં પ્લેનમાંથી મુસાફરોને ઉતાર્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

દેશમાં ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ પેસેન્જર ફ્લાઈટ્સ પર બોમ્બની ધમકીઓ મળવાનો સિલસિલો યથાવત છે. શુક્રવારે 27 ફ્લાઈટમાં બોમ્બની ધમકીઓ મળી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈન્ડિગો, વિસ્તારા અને સ્પાઈસ જેટની લગભગ 7 ફ્લાઈટ, જ્યારે એર ઈન્ડિયાની 6 ફ્લાઈટને ધમકીઓ મળી હતી. ઈન્ડિગોની સાતમાંથી છ ફ્લાઈટ્સ કે જેને બોમ્બની ધમકીઓ મળી હતી તેમાં 6E 2099 (ઉદયપુરથી દિલ્હી), 6E 11 (દિલ્હીથી ઈસ્તંબુલ), 6E 58 (જેદ્દાહથી મુંબઈ), 6E 17 (મુંબઈથી ઈસ્તંબુલ), 6E 108 (હૈદરાબાદથી ચંદીગઢ) અને 6E 133 (પુણેથી જોધપુર)નો સમાવેશ થાય છે. ઉદયપુરથી દિલ્હી જતી ફ્લાઈટ 6E 2099ને ટેક-ઓફની 10 મિનિટ પહેલા ધમકી મળી હતી, ત્યાર બાદ વિમાનમાં સવાર મુસાફરોને ઉતારી દેવામાં આવ્યા હતા. ફ્લાઈટની અંદર અને મુસાફરોની બેગ ચેક કરવામાં આવી હતી. બોમ્બની ચેતવણી ખોટી હોવાનું બહાર આવતાં ફ્લાઈટને 3.5 કલાક પછી રવાના કરવામાં આવી હતી.



# હરિયાણામાં ગૌમાંસ ખાવાની શંકામાં ભંગાર આપવાના બહાને બોલાવી મોતને ઘાટ ઉતાર્યો
### વિવાદ : લેબ રિપોર્ટમાં ગૌમાંસ ન હોવાનું ખુલ્યું

(એજન્સી) ચરખી દાદરી । તા. 25

27 ઓગસ્ટના રોજ હરિયાણાના ચરખી દાદરી જિલ્લાના બધરા શહેરમાં, મુસ્લિમ યુવક સાબિર મલિકની ગૌમાંસ ખાવાની શંકામાં હત્યા કરવામાં આવી હતી, જે ગાયનું માંસ ન હતું. લેબના રિપોર્ટમાં આ વાત સામે આવી છે. સાબીર પશ્ચિમ બંગાળનો રહેવાસી હતો. પોલીસે આ કેસમાં 2 સગીર સહિત 10 આરોપીઓની ધરપકડ કરી છે. આરોપ છે કે તેઓએ સાબીરને ભંગાર આપવાના બહાને બોલાવ્યો અને માર માર્યો. આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે 31 ઓગસ્ટના રોજ હુમલાનો એક વીડિયો વાઈરલ થયો હતો. આરોપીઓએ સાબીર સહિત બે યુવકોને લાકડીઓ વડે માર માર્યો હોવાનું બહાર આવ્યું છે. પૂછપરછ દરમિયાન આરોપીએ દાવો કર્યો હતો કે સાબીર અને તેના સાથી ગૌમાંસ ખાય છે. હિન્દુ સંગઠનો સાથે જોડાયેલા આ આરોપીઓએ એમ પણ કહ્યું હતું કે, તેમના વાસણોમાંથી બીફ મળી આવ્યું છે. પોલીસે આ માંસ કબજે કરી તેના સેમ્પલ પરીક્ષણ માટે



મોકલી આપ્યા છે. બાધરા ડીએસપી ભારત ભૂષણે કહ્યું કે, માંસના નમૂના ફરીદાબાદની લેબમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. અમને ત્યાંથી તેનો રિપોર્ટ મળ્યો છે. આ પ્રતિબંધિત માંસ ન હતું. અમે 10 આરોપીઓની ધરપકડ કરી છે. ટૂંક સમયમાં કોર્ટમાં ચલણ રજૂ કરશે. ચલણ સાથે લેબ રિપોર્ટ પણ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. હજુ છ આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે. પોલીસ તપાસ અનુસાર બાધરાના હંસવાસ ખુર્દ ગામમાં 27 ઓગસ્ટના રોજ બીફ ખાવાને લઈને વિવાદ થયો હતો.

# વાયુ પ્રદૂષણને કારણે મોર્નિંગ વોક બંધ કરી દીધી : સીજેઆઈ
## સીજેઆઈએ કહ્યું- ખરાબ હવાથી શ્વાસ સંબંધી રોગો થાય છે, તેથી જ મારા ડોક્ટરે ના કહ્યું છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે કહ્યું કે દિલ્હીમાં વધતા વાયુ પ્રદૂષણને કારણે તેમણે મોર્નિંગ વોક જવાનું બંધ કરી દીધું છે. તેમણે કહ્યું કે તેમના ડોક્ટરે તેમને મોર્નિંગ વોક માટે ન જવાની સલાહ આપી છે કારણ કે ખરાબ હવાને કારણે શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે. CJIએ સુપ્રીમ કોર્ટમાં આયોજિત દિવાળી પહેલાની ઉજવણીમાં પત્રકારો સાથે વાત કરતા આ વાત કહી. જસ્ટિસ ચંદ્રચુડ 10 નવેમ્બરે નિવૃત્ત થઈ રહ્યા છે. આ ઈવેન્ટમાં, CJIએ પણ જાહેરાત કરી હતી કે હવેથી પત્રકારો માટે સુપ્રીમ કોર્ટની કાર્યવાહીને કવર કરવા માટે કાયદાની ડિગ્રી હોવી ફરજિયાત રહેશે નહીં. દરમિયાન, શિયાળાની મોસમની શરૂઆત સાથે, દિલ્હીની હવાની ગુણવત્તા પહેલેથી જ 'ખૂબ નબળી' કેટેગરીમાં પહોંચી ગઈ છે. કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) અનુસાર, ગુરુવારે સવારે દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 385 નોંધાયો હતો. તે જ સમયે, યમુના નદીમાં ઝેરી ફીણ દેખાવા લાગ્યા છે.



**પર્યાવરણ મંત્રીએ કહ્યું- ભાજપને બોલવાનો અધિકાર નથી :** પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે કહ્યું- ભાજપને દિલ્હીના પર્યાવરણ પર કંઈપણ કહેવાનો અધિકાર નથી. કારણ કે યુપી, હરિયાણા, રાજસ્થાન અને કેન્દ્રમાં ભાજપની સરકાર સૂઈ રહી છે. ગોપાલ રાયે કહ્યું કે વધતી ઠંડીને કારણે દિલ્હી-NCRની હવાની ગુણવત્તા બગડી રહી છે. છેલ્લા બે દિવસથી પ્રદૂષણનું પ્રમાણ વધી રહ્યું છે.

### ભાજપે કહ્યું- ઝેરી રાજનીતિથી હવા અને પાણી ઝેરી

ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ કહ્યું- યમુના નદીનું પાણી ઝેરી બની ગયું છે. કેજરીવાલે કહ્યું હતું કે તેઓ 2025 સુધીમાં યમુના નદીની સફાઈ કરશે. જ્યારે લોકો યમુના નદીમાં છઠ પૂજાનો તહેવાર ઉજવે છે, ત્યારે તેમને કઈ બીમારીઓનો સામનો કરવો પડશે? યમુના નદીની સફાઈ માટે મળેલી તમામ રકમ જાહેરાતો પાછળ ખર્ચવામાં આવી હતી. દિલ્હીની ઝેરી હવા અને પાણીનું કારણ ઝેરી રાજકારણ છે.

# પદયાત્રામાં અરવિંદ કેજરીવાલ પર હુમલાનો પ્રયાસ, AAPએ ભાજપ પર લગાવ્યો આક્ષેપ



(એજન્સી) નવી દિલ્હી । તા. 25

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેઓ આજે વિકાસપુરીમાં પદયાત્રા કરી રહ્યા હતા, ત્યારે આ હુમલો કરવાનો પ્રયાસ કરાયો છે. આમ આદમી પાર્ટીએ કહ્યું કે, આ હુમલો ભાજપ દ્વારા કરવામાં આવ્યો છે. AAPએ પોલીસ પર પણ આક્ષેર કર્યો છે કે, કેજરીવાલ હુમલો કરવામાં આવ્યો ત્યારે દિલ્હી પોલીસે ભાજપના ગુંડાઓને ન રોક્યા.

### કેજરીવાલ પર હુમલો ચિંતાજનક : સિસોદિયા

આપના નેતા મનીષ સિસોદિયાએ કહ્યું કે, કેજરીવાલ પર થયેલો હુમલો ખૂબ જ નિંદનીય અને ચિંતાજનક છે. એ સ્પષ્ટ છે કે, આ હુમલો ભાજપે પોતાના ગુંડાઓ દ્વારા કરાવ્યો છે. જો કેજરીવાલને કંઈ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી ભાજપની રહેશે. અમે ડરવાના નથી. આમ આદમી પાર્ટી પોતાના મિશન પર અડગ રહેશે.

### સૌરભ ભારદ્વાજનો ભાજપ પર આક્ષેપ

આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અને દિલ્હીના મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે, વિકાસપુરી પદયાત્રા દરમિયાન ભાજપ સાથે સંકળાયેલા લોકોએ કેજરીવાલ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો છે. ઈડી અને સીબીઆઈ અને જેલમાં પણ વાત ન બની તો હવે ભાજપવાળાઓએ અરવિંદ કેજરીવાલ પર હુમલાઓ કરાવી રહ્યા છે. જો કેજરીવાલને કંઈ પણ થશે તો, તેની જવાબદાર ભાજપ હશે.

## બહાદરપૂરમાં સેવા સેતુ કાર્યક્રમમાં 4095 અરજીનો સ્થળ ઉપર નિકાલ કરાયો



કમલેશ પટેલ : સંખેડા

સંખેડા તાલુકાના બહાદરપુર ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. દસમા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમમાં સ્થળ ઉપર 4095 અરજીનો નિકાલ કરાયો હતો. બહાદરપુર ની ગ્રામ પંચાયત માં યોજાયેલા દસમાં આ તબક્કાના સેવા સેતુ કાર્યક્રમ પ્રસંગે ઉપસ્થિત સંખેડાના ધારાસભ્ય અભેસિંગભાઈ તડવી તાલુકા વિકાસ અધિકારી ઇન્ચાર્જ મામલતદાર મિલાપભાઈ તાલુકા હેલ્થ ઓફિસર વિકાસ રંજન બહાદરપુર ગ્રામ પંચાયતના સરપંચ ભૌમિકભાઈ દેસાઈ સહિતના વિવિધ વિભાગનાઅધિકારીઓકર્મચારીઓ ઉપરાંત રાજકીય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. જેનું સ્થળ ઉપર જ નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં મુખ્યત્વે આવકનો દાખલો જન્મ-મરણના પ્રમાણપત્રો ઈ વાય સી આધારકાર્ડનું બેન્ક એકાઉન્ટ સાથે જોડાણ કરવું, રાશનકાર્ડમાં નામ દાખલ કરવું, કમી કરવું, વિધવા સહાય, કુંવરબાઈનું મામેરું સહાય યોજના વિગેરે અરજીઓનો સ્થળ ઉપર જ નિકાલ કરાયો હતો અને મોટી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# રાજભા ગઢવીએ ડાંગના આદિવાસી સમાજ વિશે જે વાત કરી છે તે નિંદનીય છે, તમામ નેતાઓ આદિવાસી સમાજની પડખે

### રાજ્યકક્ષાનાં મંત્રી કુંવરજી હળપતિ સહીત વલસાડ ડાંગનાં સાંસદ ધવલભાઈ પટેલ તથા ડાંગ ભાજપનાં દિગ્ગજ નેતાઓએ રાજભા ગઢવીને લઈ પ્રતિક્રિયા આપતા ખળભળાટ

સુશીલ પવાર : ડાંગ

ગુજરાત રાજ્યનાં જાણીતા સાહિત્ય કલાકાર રાજભા ગઢવી દ્વારા 'ડાંગ જિલ્લામાં લૂંટી લેવામાં આવે છે અને કપડાય નથી રહેવા દેતા' એ પ્રકારની વિવાદાસ્પદ ટિપ્પણી કરતા લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો.ત્યારે આ મામલે રાજ્ય કક્ષાનાં મંત્રી કુંવરજીભાઈ હળપતિ અને ભાજપના દિગ્ગજ નેતાઓ પૈકીનાં વલસાડ ડાંગનાં સાંસદ ધવલ પટેલ,ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઈન અને ડાંગના ધારાસભ્ય વિજય પટેલ દ્વારા પ્રતિક્રિયા આપવામાં આવી હતી અને આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવી હતી.તો બીજી તરફ ડાંગ કોંગ્રેસનાં નેતાઓ દ્વારા આહવા અને વઘઈ ખાતે રાજભા ગઢવીનાં પૂતળાનું દહન કરી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.ગુજરાત રાજ્યના જાણીતા લોકસાહિત્ય કલાકાર રાજભાઈ ગઢવીનો એક વિડીયો સોશિયલ વાયરલ થઈ રહ્યો છે. જે વીડિયોમાં આદિવાસી સમાજનો અપમાન કરવામાં આવેલ હોય અને ભારત દેશનાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર અને ગુજરાતના ખાસ કરીને ડાંગ આહવા ના જંગલોમાં જંગલી, લૂંટારો અને કેટલાયને લીધા અને કપડાં કાઢી લીધા છે જેવા શબ્દોનો લોક ડાયરામાં જાહેર મંચ પર ઉપયોગ કર્યો હતો. જેને લઈને ડાંગ જિલ્લા વાસીઓમાં રોષની લાગણી જોવા મળી રહી છે.ત્યારે આ મામલે રાજ્ય કક્ષાનાં મંત્રી અને ડાંગ જિલ્લાનાં પ્રભારી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતુ કે રાજભા ગઢવીનો મે એક વીડિયો સાંભળ્યો છે.અને જ્યારે ડાયરો ચાલતો હતો ત્યારે ડાંગની ભોળી પ્રજા પર લૂંટી લેવાનો જે આક્ષેપ કર્યો છે.તે તથ્ય વિહીન છે.તમે જોયુ હશે કે જ્યારે સાપુતારા મેઘ મલ્હાર પર્વની ઉજવણી થાય ત્યારે દેશ વિદેશનાં પ્રવાસીઓનું ડાંગની દીકરીઓ દ્વારા ડાંગી નૃત્ય કરી ઉમળકાભેર સ્વાગત કરી સન્માન કરવામાં આવે છે.તે ભુલવુ ન જોઈએ અને આ શબ્દોને હું રાજ્યકક્ષાનાં મંત્રી અને ડાંગ જિલ્લા પ્રભારી મંત્રી તરીકે સખત રીતે વખોડી કાઢુ છું.અને આવનાર દિવસોમાં તમારા દ્વારા આવા નિવેદનો આપવામાં આવશે તો મારી ડાંગની પ્રજા તમારા મંડપ અને ડાયરા તોડી નાખતા અચકાશે નહિ.અને જાહેરમાં માફી ન માંગે તો આવનાર દિવસોમાં તમારા ડાયરા પણ ન થવા દઈશુની ચીમકી ઉચ્ચારી છે.જ્યારે આ મામલે વલસાડ ડાંગનાં સંસદ ધવલ પટેલે પ્રતિક્રિયા આપી હતી અને જણાવ્યું હતું કે, 'રાજભા ગઢવીના વાતોને સખત શબ્દોમાં વખોડી કાઢું છું. આહવા ડાંગના લોકોને લઈને રાજભા ગઢવી દ્વારા અપમાનજનક અને ડાંગના લોકોને કલંકિત કરતી ટિપ્પણી કરવામાં આવેલ છે. ડાંગના લોકો સેવાભાવી છે અને તેઓ ગરીબ હોવા છતાં પણ મહેમાન ને આદર સત્કાર કરતા હોય છે. સાપુતારા ખાતે તો દેશ વિદેશથી લોકો પ્રવાસ સાથે આવતા હોય છે જોકે સ્થાનિક આદિવાસીઓ તેમનો આદર સત્કાર કરતા હોય છે અને મહેમાન ગતિ કરતા હોય છે. જેના કારણે પ્રવાસીઓમાં પણ વધારો થવા પામેલ છે અને પ્રવાસન સ્થળ પણ વધારવામાં આવેલ છે. તેવામાં રાજભા ગઢવી દ્વારા આ પ્રકારનું નિવેદન આપવામાં આવેલ છે ત્યારે તાકીદે તેમના દ્વારા માફી માંગવામાં નહીં આવે ત્યાં સુધી વિરોધ નોંધાવવામાં આવશે. 'તેમજ આ મામલે ડાંગના ધારાસભ્ય વિજય પટેલ દ્વારા પ્રતિક્રિયા આપતા જણાવવામાં આવ્યું હતું કે,' રાજભા ગઢવીએ ડાંગના આદિવાસી સમાજ વિશે જે વાત કરી છે તેની અમે નિંદા કરીએ છીએ.

## સાપુતારામાં 68મી અખિલ ભારતીય શાળાકીય આર્ચરી સ્પર્ધાનું આયોજન



સુશીલ પવાર : ડાંગ

ગિરિમથક સાપુતારા ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગાંધીનગરનાં ઉપક્રમે 68 મી અખિલ ભારતીય શાળાકીય આર્ચરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે.આ સ્પર્ધામાં રાજ્યના 33 જિલ્લાઓની શાળાઓમાંથી અંડર-14, અંડર-17 અને અંડર-19 શાળાકીય વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે.આ સ્પર્ધાથી રાજ્યનાં યુવા ખેલાડીઓને પોતાની કાબેલિયત દર્શાવવાની એક અનોખી તક મળી રહી છે. ખાસ કરીને, ડાંગ જિલ્લાના આદિવાસી વિસ્તારમાંથી સરિતા ગાયકવાડ અને મુરલી ગાંવિત જેવા ખેલાડીઓએ રાજ્ય સરકારના ખેલ મહાકુંભમાં પોતાની પ્રતિભા આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકાવી છે. આવા યુવા ખેલાડીઓને પ્રેરણા આપવા માટે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.આ સ્પર્ધાનું મુખ્ય ઉદ્દેશ્ય ભારતને 2036 ઓલમ્પિકમાં આર્ચરી સ્પર્ધામાં સુવર્ણચંદ્રક અપાવવા માટે ચૂંટણી ખેલાડીઓને તૈયાર કરવાનો છે.ત્યારે આ માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રકારના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે..

## છોટાઉદેપુરના દરબાર હોલ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મલકાબેન પટેલની ઉપસ્થિતિમાં 'આયુષ મેળો' યોજાયો

કમલેશ પટેલ : સંખેડા



આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, આયુષ નિયામકશ્રીની કચેરી-ગાંધીનગર અને આયુર્વેદ શાખા, છોટાઉદેપુર જિલ્લા પંચાયતના સંયુક્ત ઉપક્રમે છોટાઉદેપુરના દરબાર હોલ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મલકાબેન પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં 'આયુષ મેળો' યોજાયો હતો. ૯મો રાષ્ટ્રીય આયુર્વેદિક દિવસ 'વૈશ્વિક સ્વાસ્થ્ય માટે આયુર્વેદ નવીનતા' થીમ પર ઉજવાયો હતો.

જેમાં છોટાઉદેપુરના સાંસદશ્રી જશુભાઈ રાઠવા પણ ઉપસ્થિત રહ્યા હતા. છોટાઉદેપુરના લોકોએ નિદાન અને આયુર્વેદિક સારવારનો લાભ લીધો હતો. જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ 'આયુષ મેળા'ની મુલાકાત લઈ દરરોજની દિનચર્યામાં યોગને સ્થાન આપવા અને આડઅસર વિનાના આયુર્વેદ ઉપચાર પદ્ધતિને આધારે જીવનશૈલીમાં પરિવર્તન કરવાનો અનુરોધ કર્યો હતો. સાંસદશ્રી જશુભાઈ રાઠવાએ પણ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આયુષ મેળામાં આયુર્વેદ ઔષધિ, રસોડા અને ઘરઆંગણાની ઔષધિઓનું પ્રદર્શન, સાથે આયુર્વેદ પદ્ધતિઓનું પ્રદર્શન કરાયું હતું. આ સાથે જ કાર્યક્રમમાં આંગણવાડી બહેનો દ્વારા વિવિધ આરોગ્ય માટે પોષણ યોગ્ય વાનગીઓ પ્રદર્શન મુકવામાં આવ્યું હતું. યોગ ઈન્સ્ટ્રક્ટરની ટીમ દ્વારા યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. સાથે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સ્ટોલની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ શ્રીમતિ શર્મિલાબેન રાઠવા, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી ગુમાનભાઈ રાઠવા, માજી ધારાસભ્યશ્રી શંકરભાઈ રાઠવા, જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી ડૉ.પારુલબેન વસાવા, ડીસ્ટ્રીક કોર્ડીનેટર ડૉ.રોહીણીબેન પટેલ, આયુષ તંત્ર જિલ્લા પંચાયતના અધિકારીઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ઘન કચરાના કલેક્શન માટે 18 ઇ-રીક્ષાનું લોકાર્પણ કરતા નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ



ભરત શાહ : રાજપીપળા

નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે ગરૂડેશ્વર તાલુકા પંચાયત કચેરી ખાતેથી ઘન કચરા વ્યવસ્થાપન માટે ૧૮ ઈ-રીક્ષાનું લોકાર્પણ કરતા જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શરૂ થયેલું સ્વચ્છ ભારત મિશન આજે જનઆંદોલનમાં પરિણમ્યું છે. લોકો પણ સ્વચ્છતાનું મહત્વ સમજતા થયા છે. નર્મદા જિલ્લામાં ઘન કચરા વ્યવસ્થાપનની દિશામાં પ્રારંભ થઈ ચુક્યો છે. ડોર ટુ ડોર કચરાનું કલેક્શન કરવા માટે ઈ-રીક્ષા ગામના દરેક ઘરે પહોંચીને સુકો અને ભીનો કચરાને કલેક્ટ કરીને સેગ્રીગેશન શેડ સુધી પહોંચાડશે. ઈ-રીક્ષા ફાળવેલા ૧૮ ગામોના પ્રત્યેક ઘરે ટકોર કરીને કચરો કલેક્ટ કરશે ત્યારે ગામના લોકો પણ સુકો અને ભીનો કચરો ઘરેલુ સ્તરે જ અલગ કરે તે માટે ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે ગ્રામજનોને પ્રેરિત કર્યા હતા. નોંધનીય છે કે, સેગ્રીગેશન શેડ પર એકત્રિત થયેલ કચરાને સ્ટોરેજ કરવા સહિત સુયોજિત વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## રાષ્ટ્રીય એક્તા પરેડ ની તડામાર તૈયારીઓ શરૂ કરાઈ વડાપ્રધાનના આગમન પૂર્વે યુધ્ધના ધોરણે કામગીરી જોશમાં

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લામાં આગામી તા.૩૧મી ઓક્ટોમ્બરના રોજ એક્તાનગર ખાતે પૂજ્ય સરદાર સાહેબની જન્મજયંતિ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ૩૦મીએ યોજાનાર આરંભ કાર્યક્રમ, નર્મદા મહાઆરતી દિપોત્સવ, લોકાર્પણ-ખાતમુહૂર્ત અને બીજા દિવસે સરદાર સાહેબની પ્રતિમાની પદપૂજા અને રાષ્ટ્રીય એક્તા પરેડ-૨૦૨૪, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, પરેડ માર્ચપાસ્ટ યોજાશે. આ બે દિવસીય કાર્યક્રમ દરમિયાન એક્તા નગરના આંગણે રાષ્ટ્રીય એક્તા પરેડની તડામાર તૈયારીઓ વિવિધ વિભાગો દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. યુધ્ધના ધોરણે રંગરોગાન, રોશની, હોર્ડીંગ્સ-બેનર, રસ્તાની બાજુમાં લગાવી દેવામાં આવ્યા છે અને દિવાળી જેવો માહોલ અત્યારથી જ શરૂ થઇ ગયો છે. રોડ રસ્તા-સર્કલના બ્યુટીફિકેશન, કલાત્મક મૂર્તિઓ અને સુશોભનથી સજાવવામાં આવી રહ્યા છે. રોડ અને આસપાસના વિસ્તારની સ્વચ્છતા સફાઈ પણ પુરજોશમાં કરવામાં આવી રહી છે. કાર્યક્રમ-આયોજનને આખરી ઓપ આપવા વિવિધ સમિતિના અધિકારીઓ સૌ તનતોડ રાત દિવસ મહેનત કરી રહ્યા છે. નર્મદા જિલ્લા કલેક્ટર સંજય મોદીએ આજે ૨૫મી ઓક્ટોબરે સવારે નર્મદા ઘાટ ગોરા ખાતે દિપોત્સવી પર્વ અને નર્મદા મહા આરતી સ્થળની રૂબરૂ મુલાકાત લઈને વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યુ હતું. આ મુલાકાત દરમિયાન ઈવેન્ટ એજન્સી અને ફરજ પરના અધિકારીઓ સાથે સુચારૂ આયોજન અમલવારી અંગે ચર્ચા કરી જરૂરી સૂચનો આપી માર્ગદર્શિત કર્યા હતા. અને SOP મુજબની સૂચનાઓનો અમલ કરવા હાકલ કરી હતી. જિલ્લા કલેક્ટર એ ગ્રીનરૂમ, બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, દિપોત્સવી કાર્યક્રમ, આરતી અંગેની માહિતી SOUADTGAના અધિકારીઓ પાસેથી મેળવી હતી.

## એક વ્યક્તિ Sou પાસેના ટાવર પર પોતાની માંગને લઈ ચઢી જતા મામલો ગરમાયો

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકામાં કેટલાક ખેડૂતો ની જમીન નો વિવાદ ઘણા સમયથી ચાલે છે અને આ મુદ્દે ખેડૂતો વારંવાર રજૂઆતો અને આંદોલન કરી ચૂક્યા છે છતાં કેટલાક અંશે સરકાર ના પેટ નું પાણી હાલતું ના હોય ઉપરાંત આ કારમી મોંઘવારી માં સામાન્ય વ્યક્તિ એ જીવવું મુશ્કેલ પડતાં પોતાની માંગણીઓ માટે અવનવા પ્રયાસ કરતા હોય જેમાં થોડા સમય પહેલા એક વ્યક્તિ પોતાની માંગ માટે ટાવર પર ચઢી આત્મહત્યા નો પ્રયાસ કર્યો હતો જેમાં જાણવા મળ્યા ઉજબ આ ઘટનામાં કેવડિયા ખાતે રહેતા ગણપતભાઈ શંકરભાઈ તડવી જમીન વળતરની માગણી લઈને ટાવર પર ચઢી ગયા અને આત્મહત્યાનો પ્રયાસ કરેલ આ



ઘટનાની જાણ થતા બીજેપી આગેવાનો સ્થળ પર પહોંચી સમજાવટ થી ગણપતભાઈને ટાવર પરથી નીચે ઉતારી વિગતવાર ચર્ચા કરી તેમની માંગણીઓનું સુખદ સમાધાન થાય તે માટેનું આયોજન કર્યું હતું. અને આવી જ ઘટના આજે પણ જોવા મળી જેમાં પોતાની માંગણી ને લઈ ગોરા ગામના કનુભાઈ નામના વ્યક્તિ હોવાનું જાણવા મળ્યું છે.

## ચાણસ્મા તાલુકાના કેશણી ગામે નિવૃત શિક્ષકના ઘરે તસ્કરી થઈ

નિતીન ઠાકર : ચાણસ્મા

શિયાળો ધીમા પગલે પ્રગરવ માંડી રહ્યો છે તે પૂર્વે જ નિશાચરો સક્રિય થઈ ગયા છે ત્યારે ચાણસ્મા તાલુકા ના કેશણી ગામે 20મી ઓક્ટોબર ના રોજ નિવૃત શિક્ષક પટેલ તુલસીભાઈ ગોવાભાઈ ઉ.વ. ૬૯ વર્ષ ના મકાન ને નિશાચરો એ નિશાન બનાવી સોના ના દાગીના ચાંદીના સિક્કા અને રોકડ રકમ મળી ૧.૮૨ હજારની તસ્કરી કરી દિવાળી સુધારી લેતાં જે ચોરી ની ઘટના ની જાણ કેશણી ગામ માં ચકચાર મચી જવા પામી છે જ્યારે ૨૪મી ઓક્ટોબર ના રોજ ચોરી ની ઘટના નો ભોગ .બનેલ નિવૃત્ત શિક્ષક મહેસાણા થી કેશણી ગામે ઘરે આવ્યા ત્યારે ઘરના મુખ્ય દરવાજા નું તાળું તૂટેલી હાલત માં જોતાં ઘરમાં ચોરી થયાની શંકા જતાં તપાસ કરતાં તિજોરી માં પડેલા રોકડા ૩૦ હજાર ચાંદીના સિક્કા સોના ના દાગીના મળી ૧.૮૨ હજાર (૧લાખ બ્યાસી હજાર ) ની ચોરી થયા નું જોવા મળતાં ચાણસ્મા પોલિશ ને જાણ કરતાં ચાણસ્મા પોલિશે ઘટના સ્થળે આવી વધુ તપાસ હાથ ધરી છે અન્ય બે બંધ મકાનોં ની ચોરી થયા ની ચાણસ્મા પોલિશ મથકે નોંધ કરાઈ નથી દિવાળી પૂર્વે કેશણી ગામે ચોરી ની ઘટના. પ્રકાશ માં આવતાં પોલિશ પેટ્રોલિંગ વધારવામાં આવે તેવી માંગ ગામજનો કરતાં સરપંચ દ્વારા ચાણસ્મા પી આઈ ને કેશણી ગામે પોલિશ પેટ્રોલિંગ વધારવા રજૂઆત કરવામાં આવ છે.

## શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં સંતરામપુરના ઉખરેલી ખાતે ગ્રામ સંવાદ કાર્યક્રમ યોજાયો



જગદીશ ત્રિવેદી : લુણાવાડા

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ઉખરેલી ગામ ખાતે કેબિનેટ કક્ષાના આદિજાતિ વિકાસ,પ્રાથમિક,માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં ગ્રામ સંવાદ કાર્યક્રમ યોજાયો. મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે ગ્રામજનો સાથે સંવાદ સાધ્યો હતો અને જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ લોકકલ્યાણકારી યોજનાઓ થકી છેવાડાના માનવીનો વિકાસ થયો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦૪૭ ના વિકસિત ભારતના સ્વપ્નને પૂર્ણ કરવા સામૂહિક વિકાસ થવો ખૂબ જરૂરી છે. આજે સરકારશ્રીની અનેકવિધ યોજનાઓ થકી લોકોનું જીવનધોરણ ઊંચું આવ્યું છે. આ પ્રસંગે જમણવારમાં શિક્ષણ મંત્રીશ્રીએ જાતે પતરાળા વહેંચતાં-વહેંચતાં ઉપસ્થિત ખેડૂતો સાથે સંવાદ સાધ્યો અને ગ્રામસંવાદ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિવિધ ગામોમાંથી ઉપસ્થિત ખેડૂતો સાથે પંગતમાં બેસી ભોજન લીધું હતુ.

## 26 ઓક્ટોબરની સાબરમતી-મુઝફ્ફરપુર જનસાધારણ એક્સપ્રેસ ટ્રેન રિશેડ્યુલ રહેશે

(એજન્સી) અમદાવાદ । તા. 25

પૂર્વોત્તર રેલવેના ગોરખપુર ડિવિઝન પર કુસમ્હી-ગોરખપુર કેન્ટ-ગોરખપુર સ્ટેશનો વચ્ચે ત્રીજી લાઈનના કામ અને ઓટોમેટિક સિગ્નલિંગ માટે નોન-ઈન્ટરલોકિંગ કામને કારણે સાબરમતી-મુઝફ્ફરપુર જનસાધારણ એક્સપ્રેસ ટ્રેન રિશેડ્યૂલ કરવામાં આવી છે. જે નીચે મુજબ છે: 26 ઓક્ટોબર 2024ની ટ્રેન નંબર 15270 સાબરમતી-મુઝફ્ફરપુર જનસાધારણ એક્સપ્રેસ સાબરમતીથી તેના નિર્ધારિત સમય 18:10 કલાકના બદલે ચાર કલાક પછી 22:10 કલાકે ઉપડશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને કમ્પોઝિશન સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.



APMC લીમખેડાની વાઈસ ચેરમેનની ચૂંટણીથઈ તેમાં લીમખેડા મંડળનામહામંત્રી શ્રી અનિલભાઈ શાહ. સતત ત્રીજીવાર બિનહરીફ વિજેતા થવા બદલ ખુબ ખુબ અભિનંદન.

દિપક રાવલ
લીમખેડા

## આંતરરાષ્ટ્રીય કુર્મી સેના દ્વારા રાજકોટમાં અગામી 27 ઓક્ટોબરે પૂર્વ મુખ્યમંત્રી પદ્મભૂષણ સ્વ.કેશુભાઈ પટેલ ની ભવ્ય સ્મરણાંજલિ સભા

કિશોર આર. સોલંકી : જાફરાબાદ



કેશુબાપાના જીવનસંઘર્ષ પર આધારિત પુસ્તકનું વિમોચન કરવામાં આવશે : કેશુબાપાનાં જીવન પર આધારિત શોર્ટ ફિલ્મનું હજારો ચાહકોની ઉપસ્થિતિમાં સ્ક્રિનિંગ કરવામાં આવશે સર્વે સમાજના યુવાનો,માતાઓ, વડીલો, ભાઈઓ, બહેનો ને સ્વ.કેશુભાઈ પટેલની રાજકોટ, બાપા સીતારામ ચોક, મવડી ખાતે આયોજિત શ્રદ્ધાંજલિ સભામાં ઉપસ્થિત રહેવા આહવાન કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો અને માનવમેદનીની હાજરીમાં રાજકોટના હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટને કેશુભાઈ પટેલ ના નામ સાથે જોડવાનો ઠરાવ પસાર કરવામાં આવશે. રાજકોટ તા.24 સમગ્ર ભારતમાં વસતા કૂર્મી પટેલોની સામાજિક એકતા અને વૈચારિક ક્રાંતિના ઉદેશ્યથી નવગઠિત સામાજિક સંગઠન 'આંતરરાષ્ટ્રીય કુર્મી સેના' દ્વારા ગુજરાત રાજ્યમાં તેનો સૌ પ્રથમ કાર્યક્રમ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને કરોડો લોકોના હૃદયમાં બિરાજતા પદ્મભૂષણ સ્વ.કેશુભાઈ પટેલની સ્મરણાંજલિ સભાના સ્વરૂપમાં બાપાસીતારામ ચોક, મવડી- રાજકોટ ખાતે આગામી 27 ઓક્ટોબર રવિવારના રોજ રાત્રે 8:00 કલાકે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમ બાબતે આજરોજ પ્રેસ કોન્ફરન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય કૂર્મી સેના' સંસ્થાપક સદસ્યો જિજ્ઞેશ કાલાવડિયા, ચિરાગ પટેલ(અમદાવાદ )અને ચિરાગ કાકડીયા એ કાર્યક્રમની વિગતો જણાવી હતી તે મુજબ ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને પદ્મભૂષણ કેશુભાઈ પટેલ ની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે રાજકોટ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં સમગ્ર રાજ્યમાંથી રાજકીય -સામાજિક મહાનુભાવો તથા 10 થી વધુ રાજ્યોમાંથી કુર્મિ પટેલ સમાજના સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે અને સ્વ કેશુભાઈ પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. કાર્યક્રમના આયોજનને લઈને આયોજકો દ્વારા છેલ્લા ત્રણ મહિનાથી સતત તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. ગુજરાત રાજ્યમાં આવેલ પાટીદાર સમાજની તમામ સંસ્થાના મુખ્ય મુખ્ય આગેવાનોને રૂબરૂ મળીને કાર્યક્રમનું આમંત્રણ આપવામાં આવ્યું છે તથા આ કાર્યક્રમમાં સર્વે સમાજની ભાગીદારી રહે તે માટે દરેક સમાજના આગેવાનો સુધી હાલ આમંત્રણ આપવાનું કામ ચાલી રહ્યું છે. સ્વ.કેશુભાઈ પટેલની આ ભવ્યાતિ ભવ્ય સ્મરણાંજલિ સભામાં તેમના સમગ્ર જીવનસંઘર્ષ ની સફરને ઉજાગર કરતું પુસ્તક 'ધરતીપુત્ર કેશુભાઈ'નું વિમોચન કરવામાં આવશે. આ પુસ્તકના લેખક મેઈન સ્ટ્રીમ મીડિયામાં લગભગ તમામ માતબર અખબારોમાં કામ કરી ચૂકેલા સિનિયર પત્રકાર- લેખક- તંત્રી એવા દિલીપભાઈ પટેલ છે. તેમના દ્વારા પૂર્વ પણ કેશુભાઈ પટેલ પર એક નાનકડી પુસ્તિકા નો આલેખન કરવામાં આવ્યું હતું. સ્મરણાંજલિ સભાના કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદની સમક્ષ સ્વ કેશુભાઈ પટેલના જીવન પર આધારિત એક શોર્ટ ફિલ્મનું પણ સ્ક્રિનિંગ કરવામાં આવશે. આ શોર્ટ ફિલ્મ કસુંબો જેવી ફિલ્મના આસિસ્ટન્ટ ડાયરેક્ટ રહી ચૂકેલા ઋષભભાઈ ભાવસારના ડાયરેક્શનમાં બનાવવામાં આવી છે.

## જાફરાબાદના બંદરચોકમાં આવેલ એસટી બસનું પિક્પ સ્ટેન્ડ જે બન્યું પશુઓ માટે નો અખાડો

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

જાફરાબાદનુ જુનું બસસ્ટેશન એટલે બંદરચોક અહીં મોટા મોટા તહેવારો ની ઉજવણી થતી હોય અહીં રાષ્ટ્રીય પર્વની શાનદાર રીતે ઉજવણી થતી હોય અહીં લાઈબ્રેરી આજુબાજુ માં આવેલી દુકાનો તથા આ બંદરચોક થી અરબી સમુદ્ર ને જોવા માટે અહીં બંદરચોક થી બહાર ગામ થી આવતા લોકો પોતાની ફોર વ્હીલર લઈ અહીં થી લાઈટ હાઉસ જતા હોય છે. પરંતુ બહાર ગામ થી આવતા લોકોને પણ આ શોભા ના ગાંઠીયા સમાન બસસ્ટેશન નું પિક્પ સ્ટેન્ડ જોઈને પાલિકા સામે આક્રોશ ઠાલવી રહ્યા છે. કારણ કે આ પિક્પ સ્ટેન્ડ માં માલઢોર માટે તબેલો હોય તેવી રીતે માલઢોર નુ મળમૂત્ર પડ્યું હોય છે. પરંતુ પાલિકા ના જવાબદાર અધિકારી ના ધ્યાન ઉપર આવતું નથી અહીં સુધી એસટી બસ પર આવતી હોય છે. મુસાફરો ને બેઠવા માટે ની આ સુવિધા ગંદકી થી ખદબદતી હોય પરંતુ પાલિકા સ્વચ્છતા હી સેવા અભ્યાસ ના ફોટા પાડી ઉચ્ચ અધિકારીઓ ને ઉંધા ચશ્મા પહેરાવી રહ્યા છે. પાલિકા દ્વારા આ પિક્પ સ્ટેન્ડ ની ફરતે સેફ્ટી ગાર્ડ મારવામાં આવે તો માલઢોર આ એસટી પિક્પ સ્ટેન્ડ માં માલઢોર ન ગળે તેવી સુવિધા કરવામાં આવશે કે પછી હોતા હૈં ચલતા હૈં તેવું અપનાવવામાં આવ છે.

## વાવ વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત ચૂંટણીપંચ તરફથી ચૂંટણી નિરીક્ષકશ્રીઓની નિમણૂક કરાઈ

### જનરલ ઓબ્ઝર્વર તરીકે આર.કે.સિંઘ અને ખર્ચ ઓબ્ઝર્વર તરીકે શ્રી યોગેશ લોકેની કરાઈ નિમણૂક

માહિતી બ્યુરો,પાલનપુર

૦૭-વાવ વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૨૪ અન્વયે બનાસકાંઠા જિલ્લા માટે ભારતના ચૂંટણીપંચ તરફથી ચૂંટણી નિરીક્ષકશ્રીઓની નિમણૂક કરાઈ છે. જેમાં જનરલ ઓબ્ઝર્વર તરીકે શ્રી આર.કે.સિંઘ અને ખર્ચ ઓબ્ઝર્વર તરીકે શ્રી યોગેશ લોકેની નિમણુક કરાઈ છે. જનરલ ઓબ્ઝર્વરશ્રીનો મોબાઈલ નંબર ૮૧૬૦૩૯૩૮૭૬ તથા તેમનું રોકાણનું સ્થળ પાવરગ્રીડ સર્કિટ હાઉસ, ખીમાણાવાસ, તા.વાવ રહેશે જેનો નંબર ૭૯૮૪૩૬૩૧૨૪ છે. જ્યારે ખર્ચ ઓબ્ઝર્વરશ્રીનો મોબાઈલ નંબર ૮૧૬૦૩૫૧૩૮૯ છે તથા તેમનું રોકાણનું સ્થળ પાવરગ્રીડ સર્કિટ હાઉસ, ખીમાણાવાસ, તા.વાવ રહેશે જેનો નંબર૯૩૧૬૩૨૪૪૯૭ છે. ઓબ્ઝર્વરશ્રીઓ સાથે મુલાકાતનો સમય સવારે ૧૦ થી ૧૧ વાગ્યાનો રહેશે જેની સબંધકર્તાઓએ નોંધ લેવા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પાલનપુર દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે. બનાસકાંઠા જિલ્લા માટે ભારતના ચૂંટણીપંચ તરફથી ચૂંટણી નિરીક્ષકશ્રીઓની નિમણૂક કરાઈ છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# ટોરન્ટોમાં ટેસ્લા કારમાં 4 ગુજરાતીઓ ભડથું

## કાર થાંભલા સાથે અથડાતાં ત્રણ યુવાન અને એક યુવતીના મોત, ગોધરાના ભાઈ-બહેન અને બે આણંદના....



(એજન્સી) પંચમહાલ (ગોધરા) | તા. 25

ગોધરા શહેરમાં આવેલી પંચમહાલ ડીસ્ટ્રીક બેંકના નિવૃત કર્મચારીના યુવાન દીકરા અને દીકરીનું કેનેડામાં કાર અકસ્માતમાં મોત થતાં પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. પરિવારજનોને સાત્વના આપવા રાજકીય અગ્રણીઓ પહોંચ્યા હતા. કારમાં ચાર લોકો સવાર હતા તેમાંથી ચાર લોકો અકસ્માતમાં મોતને ભેટ્યા છે. જેમાં ગોધરાના સગા ભાઈ-બહેન અને આણંદ જિલ્લાના બે યુવકોનાં કરુણ મોત નીપજ્યા છે. જેમાં એક કોંગ્રેસના બોરસદ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમારનો ભાણેજ છે.

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં આવેલી મંગલમુર્તિ સોસાયટીમાં રહેતા સંજયસિંહ ગોહિલ ડીસ્ટ્રીક બેંકના નિવૃત કર્મચારી તરીકે નિવૃત જીવન ગાળે છે. તેમના બે સંતાનો કેતાબા ગોહિલ કેનેડા ગયા હતા. ત્યાં લેબ ટેકનિશન તરીકે નોકરી કરતા હતા, તેમના પુત્ર નીલરાજ ગોહિલ પણ કેનેડામાં અભ્યાસ માટે ગયો હતો. ત્યાર બાદ તે પણ ત્યાં નોકરી કરતો હતો. તેઓ કેનેડાના બ્રેમ્પટન શહેરમાં રહેતા હતા. તેઓની સાથે આણંદ જિલ્લાના બોરસદના જય સિસોદીયા, દિગ્વીજય પટેલ, ઝલક પટેલ પણ સાથે રહેતા હતા.

ભારતીય સમય અનુસાર બુધવારના રાત્રે તેઓ ટેસ્લા કારમાં જમીને પરત ઘરે આવતા હતા તે સમયે તેમની કાર થાંભલા જોડે અથડાઈ હતી. તેમા ભાઈ-બહેન સહિતના ચાર લોકોના મોત થયા હતા. મોતની ખબર ગોધરા ખાતે તેમના પરિવારજનોને પહોંચતા શોકની લાગણી છવાઈ ગઈ હતી. આ અકસ્માતમા ઝલક પટેલ કારમાંથી નીકળી જતા તેનો બચાવ થયો હોવાની માહીતી મળી રહી છે. પરિવારને સાંત્વના આપવા તેમના મિત્ર મંડળ તેમજ રાજકીય અગ્રણીઓ માલવદીપસિંહજી રાઉલ પણ તેમના ઘરે પહોંચ્યા હતા. કેનેડાના ટોરેન્ટો ખાતે માર્ગ અકસ્માતમાં આણંદ જિલ્લાના કોંગ્રેસના બોરસદ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમારના ભાણેજ જયરાજસિંહનું કરુણ મૃત્યુ નીપજ્યું છે. મૃતક જયરાજસિંહના પિતા હરેન્દ્રસિંહ સીસોદીયા ભાદરણ કોલેજમાં પ્રોફેસર તરીકે બજાવે ફરજ છે. અકસ્માતના પગલે પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

## ન્યૂઝ કોર્નર

### કલાડા દરવાજે ભૂગર્ભ પાણીની સમસ્યા દૂર કરાતા લોકોમાં ખુશી

સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના પાટડી શહેરના કલાડા દરવાજા પાસે આવેલા રબારીવાસમાં ભૂગર્ભ ગટરના ઉભરાતા દૂષિત પાણીથી ગંદકીનું સામ્રાજ્ય ઊભું થયું હતું. જે બાબતે પાલિકા સદસ્ય ચેતનાબેન રબારી અને વિસ્તારના લોકો દ્વારા પાટડી નગરપાલિકાને રજૂઆત કરતા ચીફ ઓફિસર મોસમ પટેલ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. અને સ્થળ તપાસ કરવામાં કર્યા બાદ દિવસ રાત 24 કલાક સતત કામગીરી ચાલુ રાખી ભૂગર્ભ ગટરના ઉભરાતા પાણીના નિરાકરણ લાવવા કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના કારણે ઉભરાતા પાણીની સમસ્યા દૂર થવા પામી છે. આ બાબતે વોર્ડ નંબર-2ના સદસ્ય ચેતનાબેન રબારી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

### પોલીસની સતર્કતાથી મોટી ગુનાખોરી અટકી

મહેસાણા | મહેસાણા જિલ્લામાં દિવાળી અને નવા વર્ષના તહેવાર સમયે ઉત્સવનો માહોલ રહ્યો છે. ત્યાં બજારમાં વેપાર ધંધાર્થે લાખ્ખો કરોડો રૂપિયાના વ્યવહારો થઈ રહ્યા છે. ત્યારે રૂપિયા જિલ્લામાં મોટા નાણાકીય વ્યવહારો અને લોકોની સુરક્ષાને ધ્યાને રાખી મહેસાણા જિલ્લા પોલીસ તંત્ર સતર્ક બન્યું હતું. જેમાં મહેસાણા બી ડિવિઝન પોલીસે આંગડિયા પેઢીની રેકી કરી મોટી ગુનાહિત પ્રવૃત્તિ આચારવાની ફિરાકમાં ફરતા છારા ગેંગના 2 શખ્સોને ઝડપ્યા હતા. મહેસાણામાં તહેવાર ટાણે જ આંગડિયા પેઢીને નિશાન બનાવી મોટી ગુનાહિત પ્રવૃત્તિ આચરવાના ઈરાદે રેકી કરતા 2 શંકાસ્પદ શખ્સો અંગેની જાણ થતાં મહેસાણા બી ડિવિઝન પોલીસે માલગોડાઉન રોડ પર નંબર પ્લેટ વગરનું બાઈક લઈ મોઢું છુપાવીને ફરતા 2 શકમંદોને ઝડપી પાડયા હતા.

## 15 દિવસનો ધંધો હતો, ચાર દિવસમાં શું કરીશું, NOC માટે રોજ ધક્કા ખાઈએ છીએ: ધંધાર્થી

# વડોદરામાં ફટાકડા બજારને મંજૂરી ન મળી...

**વડોદરા | વડોદરા શહેરના પોલો ગ્રાઉન્ડમાં ગાયકવાડી સમયથી ફટકડા માર્કેટ ભરાય છે. જોકે, આ વર્ષે માર્કેટને હજી સુધી મંજૂરી મળી નથી, જેથી ફટાકડાનો વેપાર કરતા વેપારીઓને મોટું નુકસાન થશે. ફટાકડાના સ્ટોલ તૈયાર થઈ ગયા છે, પરંતુ વેપારીઓ ફાયર NOC સહિતની મંજૂરીની રાહ જોઈને બેઠા છે. વેપારીઓ કહે છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરામાં આવનાર છે, તેના કારણે મંજૂરી મળી રહી નથી. પ્લીઝ વહેલી તકે પરમિશન આપી દો તો બહુ સારું. બધાનો રોજગાર છે. હાથ જોડીને વિનંતી કરું છું નરેન્દ્રભાઈ મોદીને. બધા વેપારીઓ ટેન્શનમાં છે. 15 દિવસનો ધંધો હતો, હવે ચાર દિવસમાં કરીકરીને કેટલો વેપાર કરીશું?**

### દરેક વેપારીને 5થી 7 લાખનું નુકસાન થયું છે

વધુમાં ફટાકડા સ્ટોલ ચલાવનાર રાજુ બંબાણીએ જણાવ્યું હતું કે, અમે અહીં છેલ્લાં 25 વર્ષથી વેપાર કરીએ છીએ. જોકે, દર વર્ષે અમને વહેલી પરમિશન મળી જાય છે, પરંતુ આ વર્ષે હજી સુધી પરમિશન મળી નથી, જેથી અમે ફટાકડાનું વેચાણ શરૂ કરી શક્યા નથી. આ વર્ષે પરમિશન મળવામાં ખૂબ જ મોડું થઈ ગયું છે. અમારે દરેક વેપારીને પાંચથી સાત લાખનું નુકસાન થયું છે.



### શરૂઆતમાં 100 દુકાનનું આયોજન કરતા હતાઃ

વડોદરાના પોલો ગ્રાઉન્ડ સ્થિત ફટાકડા માર્કેટનું સંચાલન કરતા રાજુ પવારે જણાવ્યું હતું કે, પોલો ગ્રાઉન્ડ ખાતે ગાયકવાડી શાસનથી ફટાકડાનું માર્કેટ ચાલે છે. શરૂઆતમાં 100 દુકાનનું આયોજન કરતા હતા. દર વર્ષે તેમાં ઘટાડો થઈ રહ્યો હતો. આ વર્ષે 24 સ્ટોલ ખોલવામાં આવ્યા છે.

અમને હજુ પૂરતી પરમિશન મળી નથી, જેના કારણે અમારી દુકાનો શરૂ થઈ શકી નથી. દર વર્ષે રાવણ દહનના બીજા દિવસથી આ માર્કેટ શરૂ થઈ જાય છે, પરંતુ આ વર્ષે વડાપ્રધાન મોદી વડોદરા આવવાના હોવાથી ફાયરબ્રિગેડ અને પીડબ્લ્યુડી સહિતના અધિકારીઓ તેની કામગીરીમાં જોડાયેલા હોવાથી અમને વેપારીઓને તકલીફ પડી છે.

### 'આ વર્ષે 15 દિવસને બદલે ચાર દિવસ જ મળશે'

હોલસેલ અને સેમી હોલસેલનો ધંધો તો પૂરો થઈ ગયો પરંતુ, રિટેઈલના ધંધામાં પણ વેપારીઓને નુકસાન થશે. અમારા માર્કેટને સમયસર મંજૂરી ન મળતા ચાર દુકાન તો કેન્સલ થઈ ગઈ છે, જેના કારણે આ વર્ષે રોજગારી પણ નહીં મળે. જે પંદર દિવસ ફટાકડાના બિઝનેસ કરતા હતા, આ વર્ષે ચાર દિવસ જ મળશે. એમાં શું ધંધો કરીશું.

અમે અધિકારીઓને પૂછીએ તો તેઓ કહે છે કે, વડાપ્રધાન આવવાના છે તેમનો કાર્યક્રમ છે, જેથી અમે તેમના કામમાં લાગેલા છીએ. ફાયર NOC લેવા માટે રોજ ધક્કા ખાઈએ છીએ.

### હાથ જોડીને વિનંતી કરું છું નરેન્દ્ર ભાઈ મોદીનેઃ વેપારી

પોલો ગ્રાઉન્ડમાં ફટાકડાનો સ્ટોલ ચલાવનાર પંકજ છાબરિયાએ જણાવ્યું હતું કે, અમારા ફટાકડાના સ્ટોલને હજુ મંજૂરી મળી નથી. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરામાં આવનાર છે, તેના કારણે મંજૂરી મળી રહી નથી. આ ઉપરાંત વરસાદની પણ ચિંતા છે. અમારે ત્યાં કામ કરતા માણસોના પગાર ચાલુ થઈ ગયા છે. અહીં દરેક સ્ટોલ પર 10-10 માણસોને રોજગાર મળે છે. અમારા પરિવારની રોજગારી પણ અમારા સ્ટોલથી થાય છે. પ્લીઝ વહેલી તકે પરમિશન આપી દો તો બહુ સારું. બધાનો રોજગાર છે. હાથ જોડીને વિનંતી કરું છું નરેન્દ્રભાઈ મોદીને. બધા વેપારીઓ ટેન્શનમાં છે. બધા વેપારીઓ અને કર્મચારીઓનો રોજગાર આ ફટાકડાના વેપાર થકી જ ચાલે છે. વર્ષમાં એક જ વાર અમે વેપાર કરીએ છીએ. તમારું અત્યાર સુધીમાં સાતથી આઠ લાખ રૂપિયાનું નુકસાન થઈ ગયું છે.



**ફટાકડા માર્કેટમાં કેટલુંક કામ બાકી છેઃ ફાયર અધિકારી :** વડોદરા ફાયર બ્રિગેડના ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર નિકુંજ આઝાદે જણાવ્યું હતું કે, વડોદરા શહેરમાં અત્યાર સુધીમાં 37 જેટલા ફટાકડાના સ્ટોલને મંજૂરી આપવામાં આવી છે. જે લોકોએ અરજી કરી હતી, એ સ્થળની અધિકારીઓ દ્વારા સ્થળ વિઝિટ કરીને તેમનો અભિપ્રાય લીધા બાદ એનઓસી આપવામાં આવી છે. પોલો ગ્રાઉન્ડ ફટાકડા માર્કેટમાં પણ કેટલું કામ બાકી હોવાથી તેની પૂરું થયા બાદ પરમિશન આપી દેવામાં આવશે.

## જામનગરમાં જમીન પચાવી પાડનાર માતા-પુત્રો સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ

(એજન્સી) જામનગર | તા. 25

જામનગરના રાજકોટના એક ખાતેદાર ખેડૂતની વિસ્તારમાં આવેલી જમીનમાં ગેરકાયદે પેશકદમી કરી ત્રણ કાચી ઓરડી બનાવી અને જગ્યા ખાલી નહીં કરનાર મહિલા અને તેના પુત્રો સામે જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવતાં ચકચાર જાગી છે.

આ બનાવની વિગત એવી છે કે રાજકોટમાં મોટા મવા વિસ્તારમાં રહેતા ખાતેદાર ખેડૂત મનસુખભાઈ બાવલજીભાઈ માકસણા નામના ખાતેદાર ખેડૂતે જામનગરના ગુલાબ નગર વિસ્તારમાં આવેલી પોતાની જમીનમાં ગેરકાયદે પેશકદમી કરી ત્રણ કાચી ઓરડી બનાવી નાખી તેમજ જમીનનો કબ્જો નહીં સોંપી આપવા અંગે જામનગરમાં રહેતી નંદુબેન વીરજીભાઈ પરમાર નામની સતવારા મહિલા અને તેના પુત્રો સામે લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ ગુન્હો નોંધાયો છે.

પોલીસ જાહેર કરાયા અનુસાર ફરીયાદીએ 2003 ની સાલમાં ઉપરોક્ત જગ્યા જામનગરના વિમલાકુમારીબા જાડેજા પાસેથી પોતાના ભાગીદાર નિકુલભાઈ ગઢવી સાથે ભાગીદારીમાં ખરીદ કરી હતી.

## માદરે વતન જતાં મુસાફરો માટે એક્સ્ટ્રા બસો શરૂ કરાશે, ST દ્વારા મુસાફરોની સુવિધા માટે 31મી સુધીમાં 300થી વધુ ટ્રીપ દોડાવાશે

(એજન્સી) વડોદરા | તા. 25

મધ્ય ગુજરાતનું મધ્યબિંદુ ગણાતું વડોદરા શહેર સેન્ટ્રલ બસ સ્ટેન્ડ ખાતે દિવાળી પર્વની ઉજવણી કરવા માદરે વતન જતા મુસાફરોમાં માટે વધુ બસ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. દિવાળીના પર્વને લઈ મુસાફરોનો બસ સ્ટેન્ડ ખાતે ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. તેને ધ્યાનમાં લેતા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન એસટી વિભાગ દ્વારા મુસાફરોની સુવિધા માટે વધુ બસો ફાળવવામાં આવી છે.

વડોદરા સેન્ટ્રલ બસ સ્ટેન્ડ ડેપો ખાતે તહેવારો દરમિયાન પંચમહાલ, દાહોદ, ઝાલોદ, સંતરામપુર, લુણાવાડા, ગોધરા, બારીયા વિસ્તારના મુસાફરોનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. જેને ધ્યાનમાં રાખી વડોદરા ડિવિઝનના સાત બસ ડેપોથી વધુ બસ દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. અગામી દિવાળી પર્વને લઈ એસટી બસોમાં રિઝર્વેશનનું પ્રમાણ વધી રહ્યું હતું. તો બીજી બાજુ વડોદરા સેન્ટ્રલ બસ ડેપો ખાતે કેટલાંક રૂટની બસો વધુ ભરાતી હોવાથી પંચમહાલ, સંતરામપુર, ઝાલોદ, લુણાવાડા, ગોધરા, બારીયા જેવા રૂટ પર મુસાફરોની સુવિધા માટે જરૂરિયાત મુજબની એક પછી એક બસો મૂકવામાં આવી રહી છે. આ સુવિધા આજથી શરૂ કરવામા આવી છે. આજે એક્સ્ટ્રા 15, આવતીકાલે 35, અગામી 27 ઓક્ટોબરે 45 અને 28 ઓક્ટોબરથી 31 સુધી 85 એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવશે.

મહત્વની બાબત છે કે, વડોદરા શહેરએ મધ્ય ગુજરાતનું એપીસેન્ટર ગણાય છે. અહીંયા આસપાસના જિલ્લામાંથી મજૂરી અર્થે આવતા આવતા લોકો માટે આજથી એક્સ્ટ્રા બસોનું સંચાલન શરૂ કરવામાં આવ્યું છે. આગામી 31 ઓક્ટોબર સુધીમાં 300થી વધુ સેન્ટ્રલ બસ સ્ટેશન દ્વારા એક્સ્ટ્રા બસોનું સંચાલન કરાશે. જો વધુ મુસાફરોની ભીડ થશે તો તે મુજબ પણ એક્સ્ટ્રા બસો મુકવામાં આવશે તેવું હાલમાં આયોજન થઈ રહ્યું છે.



**બ્રેકિંગ ન્યૂઝ**

### સુરતમાં રોયલ પ્લાઝામાં લેડિઝ વોશરૂમ બહાર યુવતીની છેડતી કરી

સુરત | સુરતના સરથાણામાં રોયલ પ્લાઝામાં વોશરૂમની બહાર ઉભા રહી તેમાંથી બહાર નીકળતી યુવતી સાથે અડપલાં કરવાની વાતે ટોળું વિફર્યું હતું. ટોળાએ આધેડની ધોલાઈ કર્યા બાદ ઉઠક બેઠક કરાવી હતી. જે બાદ પોલીસ આપતા આધેડને પોલીસને સોંપી દીધો હતો. ઝડપાયેલા આધેડ જયંતી ધરમશી લાખાણી આ કોમ્પ્લેક્સના ડેનિશ કેકમાં જ નોકરી કરતો હોવાનું બહાર આવ્યું હતું. એક આધેડ વયનો શખસ લેડિઝ ટોયલેટની બહાર ઉભો રહી યુવતીઓ સાથે બીભત્સ હરકત કરતો હોવાનું અને વિફરેલા ટોળું તેની સાથે મારકુટ કરી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

### બોરાળા ગામ નજીક ટ્રકચાલકે બેલેન્સ ગુમાવતાં ટ્રક દિવાલમાં ઘૂસી ગઇ

અમરેલી | અમરેલી જિલ્લામા ખાંભા ઉના હાઈવે ઉપર અકસ્માત સર્જાયો છે. ખાંભા તાલુકાના બોરાળા ગામ નજીક પુરપાટ સ્પીડે ટ્રક આવતા રોડ કાંઠે મકાનની દીવાલમાં ટ્રક ઘુસી જવાના કારણે અફડા તફડી મચી ગઈ છે. દીવાલ ધરાશાયી થવાના કારણે મોટી દુર્ઘટના ટળી છે. ટ્રક ચાલક ડ્રાયવરએ બેલેન્સ ગુમાવી દેવાના કારણે સમગ્ર ઘટના સામે આવી છે. સ્થાનિક લોકો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા અને આસપાસના રહેણાંક મકાનમા રહેતા લોકો દોડી આવ્યા હતા ઘટનાની જાણ સ્થાનિક લોકોએ ખાંભા પોલીસને કરતા ખાંભા પોલીસ દોડી આવી તપાસ હાથ ધરી છે.

## વાલીયાના ઈન્દીરા આવાસમાં પોલીસે દારૂની 951 બોટલો સાથે બુટલેગરને ઝડપી પાડ્યો

(એજન્સી) ભરૂચ | તા. 25

વાલીયાના વટારીયા ગામ ઈન્દીરા આવાસમાં બુટલેગરે ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો હોવાની માહિતી LCB પોલીસ ટીમને મળી હતી.LCB ટીમે સ્થળ પર રેઈડ કરીને રૂ.1.01 લાખનો મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આગામી તહેવારો તથા રાજ્યમાં વી.વી.આઈ.પી મુવમેન્ટને ધ્યાનમાં રાખી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુથી દારૂ અને જુગારની સ્પેશીયલ ડ્રાઈવ રાખવામાં આવેલી હતી. જેના અનુસંધાને LCB પીઆઈ એમ.પી.વાળા માર્ગદર્શન હેઠળ LCBના પીએસઆઈ ડી.એ.તુવરે અલગ અલગ ટીમો બનાવી સઘન કામગીરી હાથ ધરાઈ હતી.તે દરમિયાન LCB એક ટીમને માહિતી મળી હતી.કે, વાલીયા તાલુકાના વટારીયા ગામે ઈન્દિરા આવાસમાં રહેતો જેન્તી ધીરૂભાઈ વસાવા એ પોતાના



ઘરની આસપાસ ભારતીય બનાવટના વિદેશી દારૂ સંતાડી રાખ્યો છે. LCB ટીમે વટારીયા ગામે ઈન્દિરા આવાસમાં રેઈડ કરી હતી.જેમાં પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી બોટલ- બીયર ટીન મળી કુલ નંગ- 951 કિંમત રૂપિયા 1,01,339 નો દારૂના જથ્થા સાથે જેન્તી ધીરૂભાઈ વસાવાને ઝડપી પાડયો હતો.જ્યારે તેની પૂછતાજમાં દારુનો જથ્થો તેનો છોકરો સાહિલે મંગાવેલો હોવાની કબૂલાત કરી હતી. જેથી ટીમે સાહિલ વસાવાને વોન્ટેડ જાહેર કરીને તેને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

## મારામારીના કેસમાં ચાર વર્ષે આરોપીઓને સજા : શંખેશ્વરના કંચનપુરાનાં ચાર વર્ષ પૂર્વેનાં મારામારીના કેસમાં ત્રણને સજા

(એજન્સી) પાટણ | તા. 25

શંખેશ્વર તાલુકાનાં કંચનપુરા ગામે તા. 11-5-2020 નાં રોજ થયેલી મારામારીનાં બનાવમાં નોંધાયેલી સામસામી ફરીયાદોનો કેસ શંખેશ્વરની કોર્ટમાં ચાલી જતાં મેજિસ્ટ્રેટે એક કેસનાં ચારમાંથી બે આરોપીઓને અને બીજા ક્રોસ કેસનાં ચારમાંથી એક આરોપીને સજા અને દંડની સજા ફટકારી હતી.

આ કેસની વિગતો એવી છે કે, શંખેશ્વરનાં કંચનપુરા ગામે રહેતા પ્રકાશજી સઠાજી ઠાકોર તથા તેમનાં દાદા બેચરજી લક્ષ્મણજી બંને જણા ટ્રેક્ટર લઈને ખેતર જતાં હતા ત્યારે રસ્તામાં ધારીયા, લોખંડનો સળીયો, પાઈપ લઈને આવેલા ગામનાં ચાર જણાએ પ્રકાશજીને ગાળો બોલી ઉશ્કેરાઈ જઈને પ્રકાશજી તથા તેનાં દાદા બેચરજી ઉપર હુમલો કરતાં બંને ને ઈજા થઈ હતી.\ આ બનાવનું કારણ બનાવનાં છ મહિના પૂર્વે ગામની એક યુવતિની છેડતી અંગે બોલાચાલી થયેલી ને સમાધાન થયેલું ને તે વખતે લોકડાઉનનાં કારણે




કંચનપુરા ગામે આવેલા તેની અદાવત રાખીને ઉપરોક્ત હુમલો કર્યો હતો. જે કેસ શંખેશ્વરની કોર્ટમાં ચાલી જતાં મેજિસ્ટ્રેટે ચાર પૈકી આરોપી રોહિતજી ઉર્ફે ગેટીયો ચતુરજી ઠાકોર કે. કંચનપુરા તા. શંખેશ્વરને આઈપીસી 324,114માં દોષિત ઠેરવીને એક વર્ષની સાદી કેદની સજા અને રૂા. 3000નો દંડ તથા આરોપી બેચરજી અજમલજી ઠાકોર (ઉ.વ. 35) રે. કંચનપુરા તા. શંખેશ્વરને આઈપીસી 326/114 અંતર્ગત ત્રણ વર્ષની સાદીકેદની સજા ફટકારી હતી અને રૂા.7000નો દંડ ને દંડ ન ભરે તો વધુ 9 માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો હતો. જ્યારે આ કેસનાં અન્ય આરોપી અજમલજી નારણજી અને જામાજી વાઘુજીને શંકાનો લાભ આપી છોડી મૂક્યા હતા. ઉપરોક્ત કેસની સામે નોંધાયેલા ક્રોસ કેસનાં ચાર આરોપીઓ પૈકી પ્રકાશજી-છઠાજી ઠાકોર (ઉ.વ. 20)ને આઈપીસી 325 અંતર્ગત બે વર્ષની સાદી કેદ અને રૂા. 5000નો દંડ ફટકાર્યો હતો.જ્યારે આરોપી અજીતજી, બેચરજી લક્ષ્મણજી, છઠ્ઠાજી બેચરજીને શંકાનો લાભ આપી છોડી મૂક્યા હતા. આ કેસમાં સરકારી વકીલ દિનેશભાઈ એ. બ્રહ્મભટ્ટે રજૂઆતો કરી હતી. આ કેસમાં ફરીયાદી બેચરજી અજમલજી ઠાકોરે આક્ષેપ કર્યો હતો.

# સોના-ચાંદીના ભાવમાં વધારાના કારણે ઘરાકીનો ચળકાટ ઝાંખો પડયો

(એજન્સી) ભુજ | તા.25

સામાન્ય દિવસો કરતા પુષ્ય નક્ષત્રમાં સોનાની ખરીદી વધુ થતી હોય છે. પરંતુ સોનાના ભાવમાં તોલાદીઠ અધધ વધારો થતા આજે ગુરૂ પુષ્ય નક્ષત્ર છતાં ૫૦ ટકા ખરીદી ઘટી જતા ખરીદીનો ચળકાટ જાંખો પડયો છે. હાલમાં મોંઘવારીનો વાયરો એટલી હદે ફૂંકાયો છે. કે તેમાં કોઈ બાકાત રહ્યું નથી. જીવન જરૂરીયાતની વસ્તુઓની સાથે તમામ ચીજ વસ્તુઓ મોંઘી થઈ રહી છે. ત્યારે મહિલાઓને પ્રિય સોના-ચાંદીના ભાવમાં થયેલા વધારાના કારણે તેની સીધી અસર ઘરાકી પર થઈ રહી છે. આજે ગુરૂપુષ્ય નક્ષત્રમાં સોનુ-ચાંદી ખરીદવુ શુભ માનવમાં આવે છે. છતાં ૫૦ ટકા ખરીદી ઘટી હોવાનું સોની વેપારીઓ જણાવી રહ્યા છે. અને હજુ પણ ભાવ તોલા દીઠ વધવાની શક્યતા ધંધાર્થી દર્શાવી રહ્યા છે.

વધુમાં ૫૦ ટકા ખરીદી કરી રહેલા લોકોમાં જેમના ઘરે આવનારા દિવસોમાં લગ્ન પ્રસંગ છે તેઓ ગુરૂ પુષ્ય નક્ષત્રનો શુભ સંયોગ જોઈ સોના-ચાંદીના ઘરેણાંની ખરીદી કરવાની શરૂઆત કરી દીધી છે. અત્રે ઉલ્લેખનીય છે છેલ્લા ત્રણેક વર્ષમાં સોનાના ભાવ તોલા દીઠ ડબલ થઈ જતા હાલમાં સોનાના ભાવ તોલાદીઠ ૮૦ હજાર અને ચાંદી એક લાખએ પહોચી ગયા છે. જેથી પ્રસંગને અનુરૂપ ઘરેણાં ખરીદવા ગ્રાહક આવે છે. પણ મોટા પાયે ખરીદી જોવા મળતી નથી.



## ન્યુઝ ફ્લેશ

### રાચરડા ગામની સબ કેનાલમાં રિક્ષા ખાબકતા એકનું મોત 1

કલોલ : કલોલ તાલુકાના રાચરડા ગામેથી પસાર થતી નર્મદા કેનાલની ધોળકા સબ કેનાલમાં રીક્ષા ખાબકી હતી જેમાં સવાર એક યુવકનું પાણીમાં ડૂબી જતા મોત નીપજ્યું હતું બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કરી તપાસ ચલાવી છે. આ બાબતે મળતી વિગતો અનુસાર રાજેશભાઈ અજીતભાઈ દંતાણીયા (રહે ભડેશ્વર હાઉસિંગ સોસાયટી એરપોર્ટ રોડ કોતરપુર અમદાવાદ) તુષાર ઉર્ફે રોનકને રિક્ષામાં બેસાડી કલોલ તાલુકાના રાચરડા ગામેથી પસાર થતી ધોળકા સબ કેનાલ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રીક્ષા ઉપર તેઓએ કાબુ ગુમાવતા રીક્ષા પાડી પર ચડી અને કેનાલમાં પલટી ખાઈ ગઈ હતી.

### જાસપુરના અદાણી શાંતિગ્રામમાં મજુરની ચાકુ મારીને હત્યા કરાઇ

કલોલ : કલોલ તાલુકાના જાસપુર ગામે અદાણી શાંતીગ્રામમાં બિહારથી મજૂરી અર્થે કેટલાક મજૂરો આવ્યા હતા તેઓને કોઈ બાબતે માથાકૂટ થતાં એક મજૂરે બીજા ઉપર ચાકુ વડે હુમલો કર્યો હતો અને ચાકુ છાતીમાં મારવામાં આવ્યું હતું જેના પગલે એક મજૂરનું મોત નિપજ્યું હતું બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કરી હત્યારા મજુરની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.આ બાબતે મળતી વિગતો અનુસાર કલોલ તાલુકાના જાસપુર ગામે આવેલા અદાણી શાંતિગ્રામમાં કોન્ટ્રાક્ટર દ્વારા કેટલાક મજૂરો બિહારથી મજૂરી કામ અર્થે લાવવામાં આવ્યા હતા. આ મજૂરો મજૂર કોલોની ની ઓરડીમાં રહેતા હતા.

### ગુજરાતના નવા 2 IAS સિલેક્શનથી કેડરમાં સમાવવા પ્રક્રિયા શરૂ થઇ

ગાંધીનગર : રાજ્ય સરકાર દ્વારા નોમિનેશનથી, સિલેક્શન પ્રક્રિયાથી તથા યુપીએસપી એક્ઝામ ક્લિયર કરીને સીધી ભરતીથી એમ ત્રણ રીતે આઈએએસ થવાય, જે પૈકી ગુજરાત સરકારે સિલેક્શનથી સ્ટેટ કેડરમાં 2 આઈએએસની ભરતી કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. અત્યાર સુધી સિલેક્શન પદ્ધતિમાં 100 માર્કની ટેસ્ટ જેનું 50 ટકા વેઈટેજ અને પાંચ વર્ષના સીઆરનું 50 ટકા વેઈટેજ અને બાદમાં યુપીએસસી ઈન્ટરવ્યૂ પછી નિમણૂક થતી હતી. હવે પ્રોસેસ બદલાઈ છે, જેમાં હવે નિબંધ ટેસ્ટ, જેનું વેઈટેજ 30 ટકા તથા ગ્રૂપ ડિસ્કશનનું વેઈટેજ 70 ટકા અને બાદમાં યુપીએસસી દ્વારા નિમણૂક અપાશે. આ વર્ષે સિલેક્શનથી આઈએએસ બનવા માટે ઓછામાં ઓછા 8 વર્ષ ક્લાસ-વન-ડેપ્યુટી કલેક્ટર તથા તેની સમકક્ષ હોદ્દે રહ્યાં હોય અને ઉંમરની પાત્રતામાં આવતા હોય તેવા 140 અધિકારીઓ માટે નિબંધ લેખન ટેસ્ટ તથા ગ્રૂપ ડિસ્કશનની પ્રક્રિયા ગાંધીનગરમાં યોજાશે.

### ગંગાજળિયા પોલીસ મથકમાં નકલી પોલીસ અધિકારી સામે ફરિયાદ

# નકલી પીએસઆઈની ઓળખ આપી શહેરના સોની વેપારી સાથે છેતરપિંડી

(એજન્સી) ભાવનગર | તા.25

સુરત શહેર પોલીસના પીએસઆઈ તરીકેની ઓળખ આપી ભાવનગર શહેરના સોની વેપારી સાથે રૂ.૩૧,૫૦૦ની છેતરપિંડી કરનાર શખ્સ વિરૂદ્ધ ગંગાજળિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. વાપી જીઆઈડીસી પોલીસે પોલીસની ખોટી ઓળખ આપી છેતરપિંડી કરતા શખ્સને ઝડપી લેતા સમગ્ર હકીકત સામે આવી હતી.




નકલી પોલીસ અધિકારીએ વેપારી સામે પોલીસ કાર્યવાહી નહી કરવાના રૂ.31,500 ઓનલાઈન મંગાવ્યા હતા

ભાવનગર શહેરના વોરાબજાર ટંકશાળાવાળા ખાંચામાં નારેશ્વર જ્વેલર્સ નામની દુકાન ધરાવતા અલ્પેશભાઈ ચીમનલાલ ધ્રાંગધરીયાને ગત ૭મી ઓક્ટોબરના રોજ એક અજાણ્યા નંબર પરથી ફોન આવેલો અને સામેના વ્યક્તિએ પોતે સુરત શહેર પોલીસના પીએસઆઈ વિજયરાજસિંહ ગોહિલ તરીકેની ઓળખ આપી હતી અને જણાવ્યું કે અમે સુરતમાં એક સોનાના દાગીનાની ચોરી કરનારને ઝડપ્યો છે અને તેની પુછપરછમાં તેણે પાંચ ગ્રામનો એક સોનાનો ચેઈન તમારી દુકાનમાં વેચેલો છે અને તમે તેને રૂ.૩૧,૫૦૦ રોકડા આપ્યા છે. તેથી તમે સોનાની ચેઈનના રૂ.૩૧,૫૦૦ મને ગુગલ પે દ્વારા મોકલી આપો તો તમારા વિરૂદ્ધ કાર્યવાહી નહી કરીએ અને જો પૈસા નહી મોકલો તો ત્યાં રૂબરૂ આવી ગુનામાં ફીટ કરી દઈશું અને તે પછી પણ ત્રણ ચાર વખત ફોન આવતા સોનાના વેપારીએ ગભરાઈને રૂપિયા મોકલી દીધાં હતા. જે બાદ ગત ૨૧ ઓક્ટોબરના રોજ સોનાના વેપારીના ફોર પર વાપી જીઆઈડીસી પોલીસનો ફોન આવેલો અને ૭ ઓક્ટોબરના રોજ ઓનલાઈન પૈસા મોકલવા અંગે પૃચ્છા કરી વેપારીને જણાવવામાં આવ્યું હતું કે, તમે જેને પૈસા મોકલ્યા તેનું નામ અભિષેક સાવલિયા છે અને તે પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી લોકો પાસે પૈસા પડાવે છે. વાપી જીઆઈડીસી પોલીસે પોલીસની ખોટી ઓળખ આપી છેતરપિંડી કરતા શખ્સને ઝડપી લેતા સમગ્ર હકીકત સામે આવતા અલ્પેશભાઈ ચીમનભાઈ ધ્રાંગધરીયાએ ગંગાજળિયા પોલીસ મથકમાં અભિષેક સાવલિયા નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### મહત્તમ તાપમાનનો પારો એકથી દોઢ ડિગ્રી ઉંચકાયો : ગરમી અનુભવાઈ

(એજન્સી) ભુજ | તા.25

દિવાળી પર્વને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે મહત્તમ તાપમાનમાં એકથી દોઢ ડિગ્રી જેટલો વધારો થતાં ગરમી અનુભવાઈ હતી. કંડલા પોર્ટ ૩૮ ડિગ્રી સાથે રાજ્યનું પ્રથમ નંબરનું ગરમ મથક બન્યું હતું. કંડલા એરપોર્ટમાં ૩૭.૫ ડિગ્રી, ભુજમાં ૩૭.૪ ડિગ્રી અને નલિયામાં ૩૭.૨ ડિગ્રી નોંધાયું હતું. ચારેય મથકોનું લઘુત્તમ તાપમાન ૨૩થી ૨૬ ડિગ્રી વચ્ચે નોંધાયું હતું. કંડલા પોર્ટ ખાતે મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સે. નોંધાયું હતું. કંડલા એરપોર્ટનું ગઈકાલની તુલનાએ એક ડિગ્રીના વધારા સાથે ૩૭.૫ ડિગ્રી નોંધાયું હતું.જિલ્લા મથક ભુજ ખાતે એક ડિગ્રીના વધારા સાથે ૩૭.૪ ડિગ્રી નોંધાયું હતું. બપોરના સમયે આકરો તાપ અનુભવાયો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૭૨ ટકા અને સાંજે ૩૦ ટકા નોંધાયું હતું. ગરમી અને ઉકળાટ અનુભવાયો હતો. પવનની ઝડપ પ્રતિ કલાક સરેરાશ ૪ કિ.મી.ની અને દિશા ઉત્તર-પૂર્વની રહી હતી. નલિયામાં દોઢ ડિગ્રીના વધારા સાથે ૩૭.૨ ડિગ્રી નોંધાયું હતું.

### કોડાય પોલીસે ફિલ્મી ઢબે પીછો કરીને ભુજના શિકારીઓને દબોચી લીધા

# પુનડીમાં બંદુક અને 26 કારતુસ સાથે પકડાયેલા ત્રણ શખ્સો જેલમાં ધકેલાયા

(એજન્સી) ભુજ | તા.25

માંડવી તાલુકાના પુનડી ગામના પાટીયા પાસેથી બોલેરો કેમ્પરમાં શિકાર કરવા નીકળેલા ભુજના ત્રણ શખ્સોને કોડાય પોલીસે ફિલ્મી ઢબે પીછો કરીને ઝડપી પાડીને તેમના કબ્જામાંથી એક બંદુક, ૨૬ કારતુસ તેમજ બે લાખની જીપ સહિત ૨,૧૧,૨૬૦નો મુદામાલ કબ્જે કરીને કોર્ટમાં રજુ કર્યા હતા. કોર્ટે આરોપીઓને પાલારા જેલમાં ધકેલી દેવા આદેશ કર્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ પુનડી ગામની સીમમાં બંદુકના ભડાકા અને શિકાર પ્રવૃતિ ચાલતી હોવા અંગે ગામ લોકોએ કોડાય પોલીસને જાણ કરી હતી. જેથી કોડાય પોલીસે તાત્કાલિક બુધવારે મોડી રાત્રે પુનડી ગામે પહોંચ્યા હતા. ત્યારે ગામના પાટીયા પાસે બોલેરો કેમ્પરમાં સામે આવતાં પોલીસની ટીમે અટકાવાવનો પ્રયાસ કર્યો હતો. પણ ગાડી ઉભી રહી ન હતી. પોલીસની ટીમે પીછો કરીને જીપને આંતરી હતી. ત્યારે આરોપીઓ ભાગવા જતાં પોલીસે શિકાર કરવા નીકળેલા ભુજના અકરમ અજીમ થેબા (ઉ.વ.૩૩), સુલેમાન ઉમરશા શેખ (ઉ.વ.૨૫) મુળ કનૈયાબે હાલ રહે ભુજ અને ભુજના સાહિલ મીઠુ સના (ઉવ.૧૯) નામના ત્રણ શિકારીઓને ઝડપી લીધા હતા. આરોપીઓ પાસેથી એક બંદુક અને ૨૬ કારતુસ તેમજ જીપ સહિત ૨.૧૧,૨૬૦નો મુદમાલ કબ્જે કરીને આરોપીઓને કોર્ટમાં રજુ કરતાં અદાલતે આરોપીઓને પાલારા જેલમાં ધકેલી દેવાનો આદેશ કર્યો હતો. આ કામગીરીમાં કોડાય પોલીસ મથકના પીએસઆઈ વી. જી. પરમાર તેમજ સ્ટાફના વિપુલભાઈ ચૌધરી, પૃથ્વીરાજસિંહ વાઘેલા, વિપુલભાઈ પરમાર, હરચંદભાઈ પટેલ, દિલીપસિંહ સિંધવ, મોહનભાઈ લોઢા, વિપુલભાઈ બાંભણીયા સહિતનો પોલીસ સ્ટાફ જોડાયો હતો.



આરોપીઓના કબ્જામાંથી બંદુક, કારતુસ અને જીપ સહિત 2.11 લાખનો મુદામાલ કબ્જે કર્યો



## શિહોદ પુલ પાસે સ્થાનિકો દ્વારા જનતા ડાયવર્ઝનનું નિર્માણ

(એજન્સી) શિહોદ | તા.25

શિહોદ પુલની બાજુમાં જનતા ડાયવર્ઝન તૈયાર કરી તેના પરથી લાઈટ વ્હીકલ્સ પસાર થાય તેવું આયોજન કરાયું છે. બે મહિના પહેલા શિહોદનો પુલ તૂટયો હતો. તે જ દિવસે NHAIનું ડાયવર્ઝન પણ ધોવાયું હતું. નેશનલ હાઈવે 56 પર આવેલ આ બાંધકામો ધ્વસ્ત થતાં અત્રેથી પસાર થતા વાહનોને વૈકલ્પિક માર્ગ સૂચવ્યો હતો.જેને પગલે વાહતુકોને 20 કિમી. એક દિશામાં વધુ અંતર કાપી ગોળ ઘૂમીને જવું પડતું હતું. દિવાળીના તહેવારો પૂર્વે ડાયવર્ઝન તૈયાર થાય તો જેતપુર પાવી સેન્ટરને તેનાથી મોટો ફાયદો પહોંચે તેમ હોવાથી વેપારી વર્ગમાંથી વાહન વ્યવહાર ઝડપથી શરૂ થાય તેવી માગો ઉઠી હતી. માત્ર 72 કલાકમાં જનતા ડાયવર્ઝન તૈયાર કરી દેવાયું હતું.NHAIનું અધિકૃત ડામર સપાટીનું ડાયવર્ઝન રૂા.ચાર કરોડના ખર્ચે નવું બનાવવા ટેન્ડર બહાર પડાયેલું છે. જે ક્યારે બનશે તે હજી નક્કી નથી. શિહોદ પાસેના બાંધકામો તૂટી પડતા વાહન વ્યવહાર સાવ થંભી ગયો છે. સમગ્ર વિસ્તારનો વિકાસ રુંધાવા લાગ્યો છે.



## કાલોલ બિનખેતીના હુકમ વિના પ્લોટિંગ કરી વેપલો શરૂ

(એજન્સી) કાલોલ | તા.25

કાલોલ શહેરની સરહદની આસપાસના ગ્રામ્ય વિસ્તારોની જમીન પર બિનખેતી (એનએ) કરાવ્યા વિનાની અનેક જમીનો પર તંત્રની આંખોમાં ધૂળ નાખીને ટાઉન પ્લાનિંગના બોર્ડ સહિત ખૂંટ મારીને પ્લોટ બુકિંગની ઓફિસ ખોલીને પ્લોટિંગનો કેટલાક વગદાર બિલ્ડરો સરેઆમ વેચાણ કરતા હોવાનું જોવા મળે છે.પ્રાપ્ત વિગતો અનુસાર કાલોલ શહેરની આસપાસમાં આવેલા કાતોલ, ડેરોલગામ, ડેરોલ સ્ટેશન, શામળદેવી અને ઘોડા સહિતના ગ્રામ પંચાયતોની સરહદો જોડાયેલી છે જે ગ્રામ પંચાયતોની ખેતી લાયક જમીનો પર અનેક બિલ્ડરોની દાઢમાં હોય તેથી બિલ્ડરો ખેડૂતોનો સંપર્ક ધરાવીને ખેડૂતોની મજબૂરી કે લોભામણી ઓફરો આપીને જમીન ખરીદી લેતા હોય છે જે જમીનો પર ટાઉન પ્લાનિંગ કરતા પહેલા તાંત્રિક વિધિ અનુસાર જમીનને બિનખેતીનું ટાઈટલ કલીયર કરાવીને એનએના ટાઈટલ મુજબનું રાષ્ટ્રીયકૃત બેંકનું ચલણ ભરીને અને DILR મુજબના નકશાને અનુરૂપ તેમજ તંત્રની ગાઈડ લાઈન મુજબ પ્લોટિંગ કરવા માટે ખૂંટ મારવાની તજવીજ હાથ ધરવાની હોય છે.



## કોંગ્રેસના ઉમેદવારનું નામ ફાઈનલ, થરાદના પૂર્વ ધારાસભ્યને ફાળવાઈ ટિકિટ

(એજન્સી) બનાસકાંઠા | તા.25

બનાસકાંઠા જીલ્લાની વાવ બેઠક પર વિધાનસભાની પેટા ચૂંટણી યોજાવવા જઇ રહી છે ત્યારે બંને પક્ષો રાહ જોઈને બેઠા હતા કે ચૂંટણીના મેદાનમાં કોને ઉતારવામાં આવે છે. કોંગ્રેસમાંથી ગુલાબસિંહ રાજપૂતનું સૌથી ઉપર હતું. ત્યારે કોંગ્રેસે છેલ્લી ઘડીએ વાવ બેઠક પરથી ગુલાબસિંહ રાજપૂતના નામની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. વાવ બેઠકના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર બનાસકાંઠાના સાંસદ બનતા આ બેઠક ખાલી પડી છે. હવે આ બેઠક પર તા. 13 નવેમ્બરે વિધાનસભાની પેટા ચૂંટણી યોજાવવા જઇ રહી છે ત્યારે કોંગ્રેસે ગુલાબસિંહ રાજપૂતના નામની જાહેરાત કરી દીધી છે. પરંતુ હજુ સુધી ભાજપમાંથી કોઈનું નામ નક્કી થયું નથી. ભાજપમાંથી કોને ટિકીટ આપવી તે મુદ્દે મનોમંથન ચાલી રહ્યું છે. વાવ બેઠક કોંગ્રેસ માટે યથાવત જાળવી રાખવી એ પડકાર સમાન છે જયારે લોકસભાની ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક ગુમાવ્યા બાદ ભાજપ માટે આ બેઠક જીતવી પ્રતિષ્ઠાનો સવાલ બન્યો છે.



## પક્ષ વિરોધી પ્રવૃત્તિ, પૂર્વ ડેપ્યુટી મેયરને ભાજપમાંથી બરતરફ કરાશે

(એજન્સી) ગાંધીનગર | તા.25

ગાંધીનગર મહાનગર ભાજપમાં હવે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે પૂર્વ ડેપ્યુટી મેયરને પક્ષ દ્વારા સસ્પેન્શનની નોટિસ આપવામાં આવી છે અને પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ સાત દિવસમાં જવાબ માંગ્યો છે. જેનો જવાબ નહીં મળે તો પાર્ટી દ્વારા તેમને સસ્પેન્ડ પણ કરી દેવામાં આવશે.ગાંધીનગરમાં છેલ્લા થોડા સમયથી શિસ્ત બદ્ધગણાતી ભારતીય જનતા પાર્ટીમાં કેટલાક નેતાઓ અને કાર્યકરો દ્વારા પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવામાં આવતી હોવાનું ધ્યાને આવ્યું છે ત્યારે હવે મહાનગર ભાજપ પ્રમુખ દ્વારા આવા નેતાઓ સામે કડક કાર્યવાહી કરવાની શરૂઆત કરવામાં આવી છે.જેના ભાગરૂપે ગાંધીનગર મહાનગરપાલિકાના પૂર્વ ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલને સસ્પેન્શનની નોટીસ આપવામાં આવી છે. ભાજપના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે સેક્ટર 8 ખાતે ગત 22 ઓક્ટોબરના રોજ કેન્દ્રીય મંત્રી અમિત શાહના હસ્તે મહાનગર ભાજપના નવા કાર્યાલયના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો.

### એક આરોપી પકડાયો, બીજો નાસી ગયો

# ગાંધીનગર નજીક 700 કિલો ગૌમાસ ભરેલી કાર ઝડપાઈ

(એજન્સી) ગાંધીનગર | તા.25

ગાંધીનગર શહેર નજીક ભાટ સર્કલ પાસે ગૌરક્ષકો દ્વારા બાતમીના આધારે પીછો કરીને કારમાંથી 700 કિલો જેટલો ગૌમાંસનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો હતો. જો કે એક શખ્સ ભાગી જવામાં સફળ રહ્યો હતો. જ્યારે એકને ઝડપીને પોલીસ હવાલે કરવામાં આવ્યો છે. હાલ આ સંદર્ભે અડાલજ પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરવામાં આવી હતી.રાજ્યમાં ગૌવંશની કતલે આમ કરીને તેની હેરાફેરી કરવામાં આવી રહી છે ત્યારે કેટલાક ગૌરક્ષકો આવા તત્વોને પકડવા માટે દોડધામ કરતા હોય છે ત્યારે અમદાવાદ ખાતે રહેતા મનોજભાઈ બારૈયા તેમના મિત્ર સાથે કારમાં એરપોર્ટ બ્રિજથી ભાટ સર્કલ તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન તેમને બાતમી મળી હતી કે, ભાટ પાસે કારમાં ગૌમાંસનો મોટો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. જેના પગલે તેમણે કારનો પીછો કરીને તેને ઝડપી લીધી હતી. જ્યારે તેમાંથી એક શખ્સ ભાગી ગયો હતો જ્યારે ડ્રાઈવર પકડાઈ ગયો હતો.

આજ સમયે ગૌરક્ષકો પણ ત્યાં પહોંચી ગયા હતા અને તેમણે જણાવ્યું હતું કે, આ કારને ચરેડી પાસે રોકવામાં આવી હતી પરંતુ તેમાં સવાર શખ્સો કાર લઈને નાસી છૂટયા હતા. આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસની ટીમો પણ સ્થળ ઉપર પહોંચી હતી અને ત્યારબાદ તપાસ કરતા આ કારમાંથી 700 કિલો જેટલો ગૌમાંસનો જથ્થો મળી આવ્યો હતો. ઝડપાયેલા શખ્સની પૂછપરછ કરતા તે મીરજાપુર ખાતે રહેતો સાકીર બદરુલ હસન તારુખ અને નાસી ગયેલો મિરઝાપુરનો મહંમદ અબ્દુલ કુરેશી હોવાનું બહાર આવ્યું હતું.

# હરણી કાંડ બાદ સરકાર ચેતી, દિવાળી વેકેશન પહેલા બોટિંગ અને વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી માટે નિયમો જાહેર

(એજન્સી) ગાંધીનગર | તા.25

દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે, ત્યારે રાજ્યભરમાંથી લોકો વેકેશનમાં ફરવા નીકળી પડે છે. ત્યારે બોટિંગ અને વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી વધુ સલામત અને સુરક્ષિત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા પોલિસી જાહેર કરવામાં આવી છે. ગુજરાત ઈનલેન્ડ વેસેલ્સ (કેટેગરી 'C' ઈનલેન્ડ વેસેલ્સની નોંધણી, સર્વેક્ષણ અને સંચાલન) નિયમો 2024ને મંજૂરી આપી છે.રાજ્ય સરકારે ગુજરાત ઈનલેન્ડ વેસેલ્સ 2021ની જોગવાઈઓ અનુસાર કેટેગરી 'C' ઈનલેન્ડ વેસેલ્સની નોંધણી, સર્વેક્ષણ અને સંચાલન માટેના આ નિયમોનો ડ્રાફ્ટ જૂન-2024માં તૈયાર કરીને તેમાં લોકોના વાંધા સુચનો આમંત્રિત કરવા પ્રસિદ્ધ કર્યો હતો. આ ડ્રાફ્ટ સંદર્ભમાં આવેલા વાંધા-સુચનોનો કાળજીપૂર્વક અભ્યાસ કરીને હવે આ નિયમોને આખરી સ્વરૂપ આપવાના દિશાનિર્દેશો મુખ્યમંત્રીએ બંદર અને વાહન વ્યવહાર વિભાગને આપ્યા છે.

હરણી તળાવ બોટની ઘટના પછી રાજ્યમાં વોટર સ્પોર્ટ્સ તથા બોટિંગ એક્ટિવિટી વધુ સુરક્ષિત અને સલામત બનાવવા પ્રાથમિકતા આપી છે. તદ્અનુસાર રાજ્ય સરકારે જાહેર કરેલા આ નવા નિયમો 10 મીટરથી ઓછી લંબાઈના પ્લેઝર ક્રાફ્ટ- હોડી- બોટ માટે લાગુ કરવામાં આવ્યા છે.આ નિયમો અંતર્ગત 10 મીટરથી ઓછી લંબાઈના પ્લેઝર ક્રાફ્ટ- હોડી- બોટનું રજિસ્ટ્રેશન



કરાવવા માગતા વ્યક્તિઓએ સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટને અરજી કરવાની રહેશે.

આ નિયમોમાં એવું સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે, જિલ્લા કે શહેરની વોટરસાઈડ સેફ્ટી કમિટી વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી અને બોટના સંચાલનનું સમયાંતરે ઈન્સ્પેક્શન કરશે તેમજ સલામતિ નિયમોના ભંગ બદલ દંડરૂપી શિક્ષાત્મક પગલા લઈ શકશે.શહેરી અને ગ્રામિણ વિસ્તાર તથા અન્ય સત્તાધિકારીઓની ભૂમિકાઓ અને જવાબદારીઓના સંદર્ભમાં પણ નિયમોમાં વિસ્તૃત જોગવાઈ કરવામાં આવી છે. તેમજ ઓપરેટરનો રોલ, લાઈફ જેકેટ, મન્થલી મેઈન્ટેનન્સ, ક્વોલિફાઈડ ક્રુ મેમ્બર્સ, લાઈફ બોટ, ઈમરજન્સી રિસ્પોન્સ બોટ, સલામતિના સાધનો, જનજાગૃતિ અને પર્યાવરણીય સલામતીના ધોરણો પણ વિસ્તૃત બનાવવામાં આવ્યા છે.

### અંબાપુર પાસે રસ્તો ઓળંગી રહેલા રાહદારીનું બાઈકની અડફેટે મોત

ગાંધીનગર : ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાં અકસ્માતની ઘટનાઓ વધી રહી છે ત્યારે કોબા સર્કલથી અડાલજ જવાના માર્ગ ઉપર અંબાપુર પાસે અજાણ્યા બાઈકની અડફેટે રસ્તો ઓળંગી રહેલા રાહદારીનું મોત થયું છે. જે સંદર્ભે અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને ફરાર બાઈક ચાલકની શોધખોળ શરૃ કરી હતી. પાટનગર ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાં માર્ગો ઉપર અકસ્માતના બનાવો સતત વધી રહ્યા છે અને તેમાં પણ હિટ એન્ડ રનના બનાવો એટલે કે અકસ્માત સર્જીને વાહન ચાલકો ફરાર થઈ રહ્યા છે. આ પ્રકારની ઘટનાઓ વધતી હોવા છતાં આરોપીઓ પકડાતા નથી ત્યારે શહેર નજીક આવેલા કોબા સર્કલથી અડાલજ જવાના માર્ગ ઉપર અંબાપુર પાસે ગઈ કાલે સાંજે સર્જાયેલા વધુ એક અકસ્માતમાં અંબાપુર ગામમાં રહેતા રાહદારીનું મોત થયું છે. જે ઘટના સંદર્ભે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અંબાપુર ખાતે રહેતા અને રસનું કાલુ ચલાવતા મૂળ મહારાષ્ટ્રના વસંત કવડુજી તાવડે ગઈકાલે સાંજના સમયે અંબાપુર પાસે રસ્તો ઓળંગી રહ્યા હતા.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
કોઈ પેન્ડિંગ પેમેન્ટ વગેરે મળવામાં રાહત મળશે અને કોઈ જૂનું દેવું પણ ક્લિયર થઈ શકે છે. તમે તમારા આત્મવિશ્વાસ અને કુનેહથી કોઈપણ કાર્ય પૂર્ણ કરી શકશો.



**વૃષભ (બ,વ,ઉ)**
અનુકૂળ ગ્રહોની સ્થિતિ બની રહી છે. નજીકના સંબંધીઓ સાથે મિલકત સંબંધી ગંભીર-લાભદાયી ચર્ચા થશે. ધાર્મિક કાર્યક્રમનું આયોજન થઈ શકે છે.



**મિથુન (ક,છ,ઘ)**
આજે ઘણી જવાબદારીઓ આવશે, પરંતુ તમે તેને તમારી ક્ષમતાથી નિભાવશો. તમે ફોન અથવા સંપર્કો દ્વારા નવી સિદ્ધિઓ પણ પ્રાપ્ત કરી શકો છો.



**કર્ક (ડ,હ)**
આજે તમને કેટલાક સમયથી ચાલી રહેલી સમસ્યામાંથી રાહત મળવાની છે. રાજનીતિ તરફ ઝોક ધરાવતા લોકોને મોટી સફળતા મળશે.



**સિંહ (મ,ટ)**
ખુશ રહો, આજે તમારી કોઈ ઈચ્છા પૂરી થઈ શકે છે. યોગ્ય માહિતી મેળવીને કોઈપણ કાર્ય કરવાથી તમે જલ્દી જ લક્ષ્ય પ્રાપ્ત કરી શકશો.



**કન્યા (પ,ઠ,ણ)**
દિવસ મધ્યમ ફળદાયી રહેશે. દોડવાને બદલે શાંતિપૂર્ણ અને સકારાત્મક રીતે કાર્ય પૂર્ણ કરવાનો પ્રયાસ કરો, તમને શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રાખશે.



**તુલા (ર,ત)**
પોતાનું સ્થાન બદલવા ઈચ્છે છે તેઓને આજે થોડી આશા જોવા મળશે. વ્યવહારિક પ્રવૃત્તિઓમાં ઉત્તમ સંકલન જાળવી રાખશે અને મનોબળ પણ વધશે.



**વૃશ્ચિક (ન,ય)**
ગ્રહોની સ્થિતિ તમારા માટે લાભદાયી અને સુખદ પરિસ્થિતિઓનું નિર્માણ કરી રહી છે. અટવાયેલા પૈસા પાછા મળ્યા બાદ તમારી આર્થિક સ્થિતિમાં પણ સુધારો થશે.



**ધન (ભ,ધ,ફ)**
વરિષ્ઠ અને અનુભવી લોકોના અનુભવોથી તમે તમારા જીવન સાથે જોડાયેલી ઘણી સમસ્યાઓ અંગે યોગ્ય માર્ગદર્શન મેળવી શકો છો.



**મકર (ખ,જ)**
દિવસની શરૂઆત કોઈ સારા સમાચાર સાથે થશે. તમને કોઈ ઉધાર કે બાકી પૈસા મળવાથી રાહત મળશે. યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાથી તમારું ભાગ્ય મજબૂત થશે.



**કુંભ (ગ,શ,સ)**
સામાજિક કાર્યોમાં હાજર રહો. મહત્ત્વપૂર્ણ લોકો સાથેની મુલાકાત ફાયદાકારક રહેશે. ઘર અને વ્યવસાય બંનેમાં યોગ્ય સંવાદિતા રહેશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
આ ખૂબ જ સમજદાર અને યોગ્ય નિર્ણય લેવાનો સમય છે. જો કોઈ સિદ્ધિ તમારા માર્ગે આવે છે, તો તેને તરત જ પ્રાપ્ત કરો. સમયસર કરેલ કામ પણ યોગ્ય પરિણામ આપશે.

# મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રે 50 ટકાથી વધુ નવા રોકાણકારો નાના શહેરોમાંથી

(એજન્સી) મુંબઈ | તા 25

મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રે નાના શહેરોમાંથી આવતા નવા રોકાણકારોની સંખ્યા માસિક ધોરણે વધી રહી છે. મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગે એપ્રિલથી ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં ૨.૩ કરોડ રોકાણકારો (ફોલિયો) ઉમેર્યા છે જેમાંથી ૫૦% થી વધુ નાના શહેરોમાંથી આવે છે તેમ તાજેતરમાં હાથ ધરવામાં આવેલ અભ્યાસમાં જણાવાયું છે. જો કે, નાના શહેરો હજુ પણ મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની એકંદર એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ)માં માત્ર ૧૯% હિસ્સો ધરાવે છે. આ સૂચવે છે કે જ્યારે આ પ્રદેશોમાંથી વધુ વ્યક્તિઓ રોકાણમાં ભાગ લઈ રહી છે, ત્યારે મોટા શહેરી કેન્દ્રોની સરખામણીમાં સરેરાશ રોકાણનું કદ હજુ પણ ઓછું હોઈ શકે છે. ઑગસ્ટ ૨૦૨૪ સુધીમાં, મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાંના તમામ સિપ




ખાતાઓમાંથી લગભગ ૫૪% નાના શહેરોના સિપ દ્વારા ફાળો આપવામાં આવે છે. નાના શહેરો પાસે મોટી સંખ્યામાં સિપ એકાઉન્ટ્સ છે જે ઓછા શહેરીકૃત વિસ્તારોમાં વધુ પ્રવેશને પ્રતિબિંબિત કરે છે. આ વલણ બચત અને રોકાણની સંસ્કૃતિને ઉત્તેજન આપી શકે છે અને આખરે લાંબા ગાળાના ઉદ્યોગના વિકાસમાં ફાળો આપી શકે છે. એપ્રિલથી ઑગસ્ટ ૨૦૨૪ સુધીમાં, ઈન્ડેક્સ ફંડ્સ (૧૮.૭%) માટે નાના શહેરોમાં સિપ ખાતામાં વૃદ્ધિ દર ઉદ્યોગમાં અન્ય કોઈપણ વર્ગના વૃદ્ધિ દર કરતાં ઊંચો છે. એકંદરે, નાના શહેરોના લગભગ ૭૯% સિપ એકાઉન્ટ્સ વૃદ્ધિ/ઇક્વિટી ઓરિએન્ટેડ સ્કીમ્સ દ્વારા ફાળો આપે છે. સ્માર્ટફોન એપ્સ, ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મ્સ, ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ્સ અને ઉદ્યોગ પહેલના ઉદયને લીધે નાના શહેરોમાં તમામ નવા રોકાણકારોમાંથી ૫૦% થી વધુ લોકો ડાયરેક્ટ પ્લાન દ્વારા રોકાણ કરે છે. નાના શહેરોમાં રિટેલ સેગમેન્ટની સરેરાશ ટિકિટનું કદ લગભગ ૧.૧૩ લાખ રૂપિયા છે જ્યારે શહેરો માટે રિટેલ સેગમેન્ટની સંયુક્ત સરેરાશ ટિકિટનું કદ લગભગ ૨.૦૪ લાખ રૂપિયા છે.

# HULના નબળા પરિણામે FMCG શેરોમાં ફંડો વેચવાલ : ઈન્ડેક્સ બેઝડ નજીવો ઘટાડો

(એજન્સી) મુંબઈ | તા 25

ઈઝરાયેલ-હિઝબુલ્લા વચ્ચે યુદ્ધ વકરતાં અને ઈરાન પર ગમે તે ઘડીએ ઈઝરાયેલ વળતો પ્રહાર કરે એવા અહેવાલોએ જીઓપોલિટીકલ ટેન્શન વધતાં ક્રુડ ઓઈલના ભાવ ઉછળતાં અને બીજી તરફ ચાઈના, રશીયા, ભારત સહિતના બ્રિક્સ દેશોની મીટિંગ બાદ પશ્ચિમી દેશો અને એશીયાના દેશો વચ્ચે ઘર્ષણની શકયતાએ વૈશ્વિક બજારોમાં નરમાઈ સાથે ભારતીય શેર બજારોમાં પણ સાવચેતી રહી હતી. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ)ની અવિરત શેરોમાં વેચવાલી ચાલુ રહ્યા સામે લોકલ ફંડો, મ્યુચ્યુઅલ ફંડો, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની સતત ખરીદી સામે હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરો (એચએનઆઈ) મ્યુચ્યુઅલ ફંડોમાંથી રોકાણ પાછું




ખેંચવા લાગતાં રિડમ્પશનનું પ્રેશર શરૂ થઈ જતાં શેરોમાં ફરી ઉછાળે વેચવાલી વધી હતી. હિન્દુસ્તાન યુનિલિવરના ગઈકાલે જાહેર થયેલા નબળા પરિણામે આજે આરંભથી જ એફએમસીજી શેરોમાં ઓફલોડિંગ થતાં અને ઓટોમોબાઈલ, આઈટી શેરોમાં વેચવાલી થઈ હતી. અલબત પસંદગીના બેંકિંગ, સિમેન્ટ, પાવર શેરોમાં આકર્ષણે ઘટાડો મર્યાદિત બની બે-તરફી વધઘટમાં સેન્સેક્સ નીચામાં ૭૯૮૧૩.૦૨ અને ઉપરમાં ૮૦૨૫૯.૮૨ સુધી જઈ અંતે ૧૬.૮૨ પોઈન્ટ ઘટીને ૮૦૦૬૫.૧૬ અને નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ નીચામાં ૨૪૩૪૧.૨૦ અને ઉપરમાં ૨૪૪૮૦.૬૫ સુધી જઈ અંતે ૩૬.૧૦ પોઈન્ટ ઘટીને ૨૪૩૯૯.૪૦ બંધ રહ્યા હતા. એફએમસીજી શેરો સાથે ફંડોની સ્મોલ કેપ શેરોમાં ફરી મોટી વેચવાલી થતાં ઘણા શેરોના ભાવો ઘટી આવ્યા હતા.

## NEWS BRIEF

### નોકર અને કુતરાઓને પણ મળશે રતન ટાટાની સંપત્તિ ,જતા જતા બધા માટે કરી વ્યવસ્થા

મુંબઈ | ઉદ્યોગપતિ રતન ટાટાનું આ મહિનાની 9મી તારીખે અવસાન થયું હતું. જીવનભર સાદગીનું ઉદાહરણ બનેલા રતન ટાટાએ વિદાય વખતે પણ પોતાની ઉદારતાનો પુરાવો આપ્યો. તેના મૃત્યુ બાદ હવે તેની વસિયત પ્રકાશમાં આવી છે, જેમાં તેણે પોતાના પાલતુ જર્મન શેફર્ડ કૂતરા 'ટીટો' માટે પણ એક ભાગ રાખ્યો છે. આ વસિયતમાં તેના રસોઈયા રાજન શો અને બટલર સુબ્બિયા માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. રતન ટાટાની અંગત સંપત્તિ અંદાજે 10,000 કરોડ રૂપિયા છે. તેમના ભાઈ જીમી ટાટા, તેમની સાવકી બહેનો શિરીન અને દીના જીજીભોયમાટે પણ એક ભાગ વસિયતમાં રાખવામાં આવ્યો છે, જ્યારે બાકીની મોટાભાગની મિલકત તેમના પોતાના ફાઉન્ડેશનને આપવામાં આવી છે, જે ટાટા પરિવારની પરંપરા જેવી છે. ટીટોને 6 વર્ષ પહેલા દત્તક લેવામાં આવ્યો હતો- રતન ટાટાની મિલકતનો એક હિસ્સો તેમના જર્મન શેફર્ડ શ્વાન 'ટીટો' માટે રાખવામાં આવ્યો છે. આ સાથે, જ્યાં સુધી 'ટીટો' જીવિત છે, ત્યાં સુધી તેની સંભાળ રાખવામાં આવશે. તેણે લગભગ 6 વર્ષ પહેલા આ કૂતરો દત્તક લીધો હતો. તેનું નામ તેના જૂના કૂતરા ટીટોના નામ પરથી રાખવામાં આવ્યું હતું, જે મૃત્યુ પામ્યો હતો. રતન ટાટાના વસિયતનામામાં રાજન શૉ માટે પણ મિલકતની જોગવાઈ કરવામાં આવી છે, જેમણે તેમના માટે લાંબા સમય સુધી રસોઈયા તરીકે કામ કર્યું હતું અને તેમના બટલર તરીકે કામ કરતા સુબ્બિયાહ લગભગ 30 વર્ષ સુધી કામ કર્યું.

### NSE નવેમ્બરથી બેન્ક નિફ્ટી સહિત આ સર્વિસિસ માટે સાપ્તાહિક ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ બંધ કરશે

મુંબઈ | નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) દ્વારા 10 ઓક્ટોબરે જાહેર કરાયેલા પરિપત્ર અનુસાર, તે અનુક્રમે 13, 18 અને 19 નવેમ્બરથી બેન્ક નિફ્ટી, નિફ્ટી મિડકેપ સિલેક્ટ અને નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસિસ માટે સાપ્તાહિક ઈન્ડેક્સ ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ બંધ કરશે. ચાલો જાણીએ કે રોકાણકારોને કેવી અસર કરશે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) એ સાપ્તાહિક ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ્સ બંધ કરવા અંગે એક પરિપત્ર બહાર પાડ્યો છે. આ પગલાનો હેતુ બજારની અસ્થિરતાને ઘટાડવા અને રોકાણકારોના રક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. સેબીએ સાપ્તાહિક ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ્સમાંથી તબક્કાવાર બહાર થવાની જાહેરાત કરી છે. આનો અર્થ એ છે કે નવા સાપ્તાહિક કોન્ટ્રાક્ટ્સ હવે શરૂ કરવામાં આવશે નહીં અને હાલના કોન્ટ્રાક્ટ્સને સમાપ્ત થવાની મંજૂરી આપવામાં આવશે. નિયમનકાર બજારના સહભાગીઓને માસિક ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ્સ તરફ ધ્યાન કેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કરે છે, જે વધુ સ્થિર માનવામાં આવે છે અને ભારે અસ્થિરતાથી ઓછી અસર પામે છે.

### IndusInd Bank ના શેરમાં રોકાણનો શાનદાર મોકો

મુંબઈ | ઈન્ડસઈન્ડ બેંકે ગુરુવારે તેના બીજા ત્રિમાસિક પરિણામો જાહેર કર્યા. જાહેર થયેલા પરિણામો અનુસાર, બેંકનો ચોખ્ખો નફો 40% ઘટીને રૂ. 1331 કરોડ થયો છે. જો કે અત્યારે IndusInd Bank બેંકમાં રોકાણ કરવા માટે ખૂબ જ સારી તક માનવામાં આવી રહી છે. આગળના સમયમાં આ શેર સારો નફો કરાવી શકે તેમ છે. IndusInd Bank ના બીજા ત્રિમાસિક પરિણામોની વાત કરીએ તો જ્યારે ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં બેંકનો ચોખ્ખો નફો 2202 કરોડ રૂપિયા હતો. તેમ છતાં બેંકની કુલ આવક વધીને 14871 કરોડ રૂપિયા થઈ છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 13530 કરોડ રૂપિયા હતી. બેંકના ચોખ્ખા નફામાં ઘટાડા માટેના મુખ્ય કારણો નબળી એસેટ ગુણવત્તા અને જોગવાઈની વધેલી રકમ હતી. બેંકની ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (ગ્રોસ એનપીએ) વધીને 2.11% થઈ છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 1.93% હતી. આ સાથે બેંકની નેટ NPA 0.64% પર પહોંચી ગઈ, જે ગયા વર્ષે 0.57% હતી. IndusInd Bankના મેનેજિંગ ડિરેક્ટર અને CEO સુમંત કથપલિયાએ જણાવ્યું હતું કે, ભારતીય અર્થતંત્રે વૈશ્વિક અનિશ્ચિતતાઓ હોવા છતાં મજબૂત પ્રદર્શન કર્યું છે. તેમણે જણાવ્યુ કે ડિપોઝિટ્સ માટેની સ્પર્ધા અને સુરક્ષિત અને અસુરક્ષિત ઋણમાં વિવિધ વલણો બેંકિંગ ઉદ્યોગમાં દેખાય છે.

# ભારત દ્વારા ચીનના પાંચ ઉત્પાદનો પર એન્ટી ડમ્પિંગ ડયુટી લાદવામાં આવી

(એજન્સી) નવી દિલ્હી | તા. 25

ભારતે સ્થાનિક કંપનીઓને ચીનમાંથી સસ્તી આયાતથી બચાવવા માટે પાંચ વર્ષ માટે ગ્લાસ મિરર્સ અને સેલોફેન ટ્રાન્સપરન્ટ ફિલ્મો સહિત પાંચ ચીની પ્રોડક્ટ્સ પર એન્ટિ-ડમ્પિંગ ડ્યૂટી લાદી છે. ચીનમાંથી સસ્તા ભાવે આયાત કરવામાં આવતા આઈસોપ્રોપીલ આલ્કોહોલ, સલ્ફર બ્લેક, સેલોફેન ટ્રાન્સપરન્ટ ફિલ્મ, થર્મોપ્લાસ્ટીક પોલીયુરેથીન અને ફ્રેમલેસ ગ્લાસ મિરર્સ પર આ ડયુટી લાદવામાં આવી છે. આ સામાન ચીનથી




સામાન્ય કરતાં ઓછી કિંમતે આયાત કરવામાં આવી રહ્યો હતો. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સએ પાંચ અલગ-અલગ નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે આ ડયૂટી પાંચ વર્ષના સમયગાળા માટે લાદવામાં આવશે. સરકારે તબીબી અને ઔદ્યોગિક ઉપયોગ માટે આઈસોપ્રોપીલ આલ્કોહોલ પર વિવિધ ચીની કંપનીઓ પર પ્રતિ ટન ૮૨ ડોલર અને ૨૧૭ ડોલર પ્રતિ ટન ડયુટી લાદી છે. તેનો ઉપયોગ એન્ટિસેપ્ટિક અને હેન્ડ સેનિટાઈઝર તરીકે પણ થાય છે. સલ્ફર બ્લેકની આયાત પર પ્રતિ ટન ૩૮૯ ડોલર સુધીની ડયુટી લાદવામાં આવી છે. તેનો ઉપયોગ કાપડ, કાગળ અને ચામડાને રંગવા માટે થાય છે. તેવી જ રીતે, વાહન, તબીબી અને ઈલેક્ટ્રોનિક્સ ઉપયોગ માટે થર્મોપ્લાસ્ટીક પોલીયુરેથીનની આયાત પરની ડયુટી હવે પ્રતિ કિલોગ્રામ ૦.૯૩ ડોલર થી ૧.૫૮ ડોલર પ્રતિ કિલો સુધીની રહેશે. પેકિંગ સામગ્રી તરીકે ઉપયોગમાં લેવાતી સેલોફેન પારદર્શક ફિલ્મ પર એન્ટિ-ડમ્પિંગ ડયૂટી પ્રતિ કિલો ૧.૩૪ ડોલર નક્કી કરવામાં આવી છે. જ્યારે ફ્રેમલેસ ગ્લાસ મિરર પર પ્રતિ ટન ૨૩૪ ડોલરની ડયુટી લાદવામાં આવી છે.

# મુથૂટ ફાઈનાન્સ દ્વારા વૈશ્વિક રોકાણકારોની ભાગીદારીને મજબૂત કરીને, બાહ્ય વાણિજ્યિક ઋણ દ્વારા 400 મિલિયન અમેરિકન ડોલરનું સર્જન

(એજન્સી) કોચી | તા. 25

ભારતની સૌથી મોટી ગોલ્ડ-લોન-કંપની મુથૂટ ફાઈનાન્સ દ્વારા બે બિલિયન અમેરિકન ડોલરના ગ્લોબલ મીડિયમ ટર્મ નોટ પ્રોગ્રામ હેઠળ સીનિયર સિક્યોર્ડ નોટ્સ (Notes) જારી કરીને, રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની એક્સટર્નલ કમર્શિયલ બોરોઈંગ્સ (ECB) માર્ગદર્શિકાને અનુસરીને 400 મિલિયન અમેરિકન ડોલર (અંદાજે રૂ.3350 કરોડ) એકત્ર કરવામાં આવ્યા છે. નોટ્સ માટે કૂપન 6.375 ટકા પી.એ. ઉપર ઉપર સેટ કરવામાં આવી છે અને 4.5 વર્ષની ડોર-ટુ-ડોર મેચ્યોરિટી તથઆ 4 વર્ષની સરેરાશ અવધિ સાથે જારી કરવામાં આવે છે. ઓર્ડર બુક 3.9xના ઓવર-સબ્સ્ક્રિપ્શન તથા વિશ્વભરના 125થી વધારે રોકાણકારોની અંતિમ ભાગીદારી સાથે 1.3 બિલિયન અમેરિકન ડોલરની ટોચે પહોંચી હતી. આ બોન્ડને આંતરરાષ્ટ્રીય ક્રેડિટ રેટિંગ એજન્સી એસ-એન્ડ-પી તથા ફિચ દ્વારા બીબી/સ્ટેબલ રેટિંગ આપવામાં આવ્યું હતું. આ ઈસ્યુ યુએસ સિક્યોરિટીઝ ઍક્ટ-1933ના નિયમ 144-એ-ના અનુપાલનમાં થયેલ છે. એકત્ર કરાયેલ ભંડોળનો ઉપયોગ ફોરવર્ડ લેન્ડિંગ તથા ભારતીય રિઝર્વ બેન્કની બાહ્ય વાણિજ્યિક બોરોઈંગ માર્ગદર્શિકા હેઠળ મંજૂર કરાયેલી અન્ય પ્રવૃત્તિઓ માટે કરવામાં આવશે.

# એસીસીએ નાણાકીય વર્ષ 2024-25ના બીજા ત્રિમાસિક માટે ટકાઉ પરિણામો નોંધાવ્યા

(એજન્સી) અમદાવાદ | તા. 25

અદાણી ગ્રુપની પેટા કંપની ભારતની અગ્રણી તથા વિશ્વસનીય સિમેન્ટ અને બિલ્ડિંગ મટિરિયલ કંપની એસીસી લિમિટેડે આજે નાણાકીય વર્ષ 2024-25ના બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધવાર્ષિક પરિણામો જાહેર કર્યા છે. જેમાં તેણે વોલ્યૂમ ગ્રોથ, કોસ્ટ ઓપ્ટિમાઈઝેશન, અને ક્ષમતામાં સુધારો જેવા માપદંડોમાં સુધારો નોંધાવ્યો છે.એસીસી લિ.ના ડિરેક્ટર અને સીઈઓ શ્રી અજય કપૂરે જણાવ્યું હતું કે, “Q2માં અમારું પ્રદર્શન સિમેન્ટ ઉદ્યોગમાં અગ્રેસર તરીકેની અમારી સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. આ ત્રિમાસિકમાં અમારા નાણાકીય પરિણામો - ઊંચા વોલ્યુમો, ખર્ચ ઑપ્ટિમાઈઝેશન, કાર્યક્ષમતામાં વધારો અને સુધારો અમારા FY'25 અને ત્યારબાદ માટેની અમારી ગ્રોથ વ્યૂહરચનાને વેગવાન બનાવે છે. અમારો ગ્રોથ તમામ બજારોમાં ઉચ્ચ-ગુણવત્તાવાળા સિમેન્ટ ઉત્પાદનોની મજબૂત માંગ, તેમજ ઑપરેશનને ઑપ્ટિમાઈઝ કરવા અને તમામ ESG પેરામીટર્સ પર લીડ કરવાના અમારા સતત પ્રયાસોને આધારિત છે. ઈનોવેશન, ટકાઉપણું અને ગ્રાહક-કેન્દ્રિત અભિગમ દ્વારા સમર્થિત ઓપરેશનલ એક્સેલન્સ માટેની અમારી ઝુંબેશમાં અમારી લીડરશીપની સ્થિતિને પ્રતિબિંબિત કરે છે. અમે અમારા સ્ટેકહોલ્ડર્સ માટે મજબૂત મૂલ્યો પ્રદાન કરવાનું જારી રાખીશું. અમે અમારા સ્પર્ધાત્મક લાભ મારફત સતત નફાકારકતા જાળવી રાખવાનું લક્ષ્યાંક ધરાવીએ છીએ.” જેમાં તેણે વોલ્યૂમ ગ્રોથ, કોસ્ટ ઓપ્ટિમાઈઝેશન, અને ક્ષમતામાં સુધારો જેવા માપદંડોમાં સુધારો નોંધાવ્યો છે.

# સપ્ટેમ્બર ત્રિમાસિકમાં કંપનીઓની આવક વૃદ્ધિ ચાર વર્ષમાં સૌથી ધીમી

(એજન્સી) મુંબઈ | તા 25

વર્તમાન નાણાં વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં ભારતીય કંપનીઓની આવક વૃદ્ધિ વાર્ષિક ધોરણે ૫-૭ ટકા સાથે ચાર વર્ષમાં સૌથી મંદ જોવા મળવાની ધારણાં છે. ભારતીય કંપનીઓની કુલ રેવેન્યુમાં અંદાજે વીસ ટકા હિસ્સો ધરાવતી બાંધકામ ક્ષેત્રની કંપનીઓની સ્થિર કામગીરીને કારણે એકંદર આવક વૃદ્ધિ પર અસર જોવા મળી રહ્યાનું ક્રિસિલના એક રિપોર્ટમાં જણાવાયું છે. ઔદ્યોગિક કોમોડિટીસ ક્ષેત્રમાં ઘટાડા અને ઈન્વેસ્ટમેન્ટ સાથે સંકળાયેલા ક્ષેત્રોમાં નરમ વૃદ્ધિની પણ કંપનીઓની એકંદર આવક પર અસર જોવા મળી છે. એજન્સીના નિરીક્ષણ હેઠળના ક્ષેત્રોમાં સંયુક્ત રીતે ૩૮ ટકા હિસ્સો ધરાવતી ઔદ્યોગિક કોમોડિટીસ, ઈન્વેસ્ટમેન્ટ અને બાંધકામ સાથે સંકળાયેલા ક્ષેત્રની કંપનીઓની આવક વૃદ્ધિ



માત્ર એક ટકો રહી છે, જેને કારણે એકંદર કામગીરી પર અસર જોવા મળી હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. લિસ્ટેડ માર્કેટ કેપનો લગભગ ૫૦ ટકા હિસ્સો ધરાવતી ૪૩૫ કંપનીઓની એનાલિસિસને આધારે આ રિપોર્ટ તૈયાર કરાયો છે. જૂન ત્રિમાસિકમાં આ કંપનીઓની સંયુકત આવક વૃદ્ધિ ૮.૩૦ ટકા રહી હતી. આવક તથા નેટ પ્રોફિટમાં વૃદ્ધિમાં ધીમી પડવાનું કારણ મંદ માગ હોવાનું બીજા ત્રિમાસિક ગાળાના આવી રહેલા પરિણામો પરથી સંકેત મળી રહ્યા છે. કંપનીઓના નેટ વેચાણમાં સાધારણ વધારો જોવા મળી રહ્યો છે. ક્રિસિલના નિરીક્ષણ હેઠળની જે કંપનીઓની આવક વૃદ્ધિ ધીમી જોવાઈ રહી છે, તેમાં મુખ્યત્વે વીજ ક્ષેત્ર, બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલ સ્ટીલ, સિમેન્ટનો સમાવેશ થાય છે. નિકાસ સેગમેન્ટસ સાથે સંકળાયેલી કંપનીઓની રેવેન્યુમાં પાંચ ટકા વૃદ્ધિ જણાઈ રહી છે.

# કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેન્કના નાણાંકીય વર્ષ 2025ના બીજા ક્વાર્ટરના પરિણામો

(એજન્સી) અમદાવાદ | તા. 25

ભારતની પ્રથમ સ્મોલ ફાઈનાન્સ બેંક, કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડે 2016માં કામગીરી શરૂ કરી હતી, તેણે 30 સપ્ટેમ્બર, 2024ના રોજ સમાપ્ત થયેલા ક્વાર્ટરમાં માટે તેના બિન-ઓડિટેડ નાણાંકીય પરિણામોની જાહેરાત કરી હતી. કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેન્કના MD અને CEO શ્રી સર્વજીત સિંઘ સમરાએ જણાવ્યું હતું કે, “અમે સપ્ટેમ્બર 2024ના ત્રિમાસિક ગાળામાં 33.3 કરોડના નોંધપાત્ર કરવેરા પછીનો નફો (PAT) નોંધાવ્યો છે, જે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ (y-o-y) મજબૂત 37% વૃદ્ધિ દર્શાવે છે. અસ્કયામતો પર વળતર (ROA) 1.4% (Q2FY24માં 1.1%) રહ્યું હતું. અમારી ગ્રોસ એડવાન્સિસ વધીને 6,718 કરોડ થઈ છે, જે 15%ની y-o-y અને ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકગાળાની સરખામણીએ બીજા ત્રિમાસિકગાળામાં (q-o-q) 5%ની વૃદ્ધિ દર્શાવે છે. ગયા વર્ષના ત્રિમાસિકગાળામાં 2.7% ગ્રોસ એનપીએ અને 1.4% નેટ એનપીએની સરખામણીએ ચાલુ ત્રિમાસિકગાળામાં ગ્રોસ એનપીએ ઘટીને 2.6% અને નેટ એનપીએ ઘટીને 1.3% થયા હતા. અમારી એસેસ્ટ્સની ગુણવત્તા સુધરી છે. અમારો કાસા (CASA) રેશિયો 37 ટકા કરતા વધારે રહ્યો હતો, જે અમારા વ્યૂહાત્મક ફોકસ સાથે મેળ ખાય છે. “ખાસ જરૂરિયાતો પ્રમાણે તૈયાર કરાયેલા અમારા નાણાંકીય સોલ્યુન્સ નાના એકમો, ખેડૂતો અને મધ્યમ આવક ધરાવતા ગ્રાહકોને સક્ષમ બનાવે છે, સાતત્યસભર વૃદ્ધિને આગળ ધપાવે છે અને લાંબાગાળાનું મૂલ્ય સર્જન કરે છે.

# ચાલુ માસમાં દેશની વેપાર પ્રવૃત્તિમાં પ્રોત્સાહક સ્થિતિ

મુંબઈ | તા. 25

સપ્ટેમ્બરમાં સાધારણ મંદ પડયા બાદ ભારતની વેપાર પ્રવૃત્તિમાં ઓકટોબરમાં સાધારણ વૃદ્ધિ જોવા મળી રહી છે. ઉત્પાદન ક્ષેત્રમાં મજબૂત માગને પરિણામે વેપાર પ્રવૃત્તિમાં પ્રારંભિક અંદાજમાં વધારો જોવા મળ્યો છે. રોજગાર નિર્માણની ગતિ પણ ૨૦૦૬ના ફેબ્રુઆરી બાદ સૌથી ઊંચી જોવા મળી છે, એમ એક સર્વમાં જણાયું હતું. એસએન્ડપી ગ્લોબલ દ્વારા તૈયાર કરાયેલો વર્તમાન મહિના માટેનો એચએસબીસી સંયુકત પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેકસ (પીએમઆઈ) પ્રારંભિક અંદાજ પ્રમાણે ૫૮.૬૦ જોવાયો રહ્યો છે જે સપ્ટેમ્બરમાં દસ મહિનાની નીચી સપાટી સાથે ૫૮.૩૦ રહ્યો હતો. ૫૦થી ઉપરના પીએમઆઈને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે. ઓકટોબરમાં સતત ૩૯માં મહિને સંયુકત ઈન્ડેકસ ૩૯ની ઉપર રહ્યો છે. જૂન ૨૦૧૩ બાદ આ પ્રથમ જ વખત એકધારું વિસ્તરણ જોવા મળી રહ્યું છે. ઓકટોબરમાં ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં ગતિ જોવા મળી રહી છે. છેલ્લા બે-ત્રણ મહિનામાં સતત મંદ રહ્યા બાદ ઓકટોબરમાં પીએમઆઈના કેટલાક ઘટકોમાં ગતિ આવી છે, એમ એચએસબીસી ખાતેના ઈકોનોમિસ્ટ પ્રાન્જુલ ભંડારીએ જણાવ્યું હતું. ઘરઆંગણે તથા નિકાસ માટેના નવા ઓર્ડરો ઝડપથી વધ્યા છે જે વર્તમાન વર્ષના બાકીના સમય



માટે ઉત્પાદન ક્ષેત્રની કંપનીઓ માટે સ્થિતિ સારી રહેવાના સંકેત આપે છે. ઉત્પાદન ક્ષેત્રનો ઓકટોબરનો પ્રારંભિક પીએમઆઈ ૫૭.૪૦ રહ્યો છે જ્યારે સેવા ક્ષેત્રનો આ આંક ૫૭.૯૦ રહ્યો છે. દેશમાં પ્રોડકશન લિન્કડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ)સ્કીમ લોન્ચ કરાયા બાદ અંદાજે ૧૭ અબજ ડોલરનું ઈન્વેસ્ટમેન્ટ આવ્યું છે અને રૂપિયા ૧૧ ટ્રિલિયનનું ઉત્પાદન જોવા મળ્યું છે અને દસ લાખ રોજગાર નિર્માણ થયા હોવાનો સરકારી સુત્રોએ તાજેતરમાં દાવો કર્યો હતો. ઓકટોબરમાં ભારતીય પ્રોડકટસ માટે આંતરરાષ્ટ્રીય માગમાં પણ વધારો થયો છે, જેને કારણે કંપનીઓ દ્વારા કર્મચારીઓની ભરતીમાં ઝડપ આવી છે. વર્તમાન મહિનામાં કર્મચારીઓની ભરતીનો આંક સાડાઅઢાર વર્ષની ઊંચી સપાટીએ રહ્યો હોવાનું સર્વે રિપોર્ટમાં જણાવાયું છે.

# રોકાણકારોમાં આનંદો! અનિલ અંબાણીની કંપનીના શેરમાં 5%નો વધારો

(એજન્સી) નવી દિલ્હી | તા. 25

અનિલ અંબાણીની આગેવાની ધરાવતી કંપની રિલાયન્સ પાવરના શેર ગુરુવારે ચર્ચામાં છે. કારણ કે કંપનીના શેરમાં આજે 5 ટકા અપર સર્કિટ વાગ્યુ છે. ગુરુવારે માર્કેટ ઓપન થતાની સાથે અનિલ અંબાણીની કંપનીનો શેર 41.08એ ઓપન થયો અને તે વધીને 42.47 રૂપિયા ઈન્ટ્રા ડે હાઈ પર પહોંચી ગયો હતો. શેરમાં તેજી જોવા મળવાનું કારણ પણ છે કે રિલાયન્સ પાવરને પ્રેફરન્સ શેર ઈશ્યુ કરીને 1,524.60 કરોડ રૂપિયા અકત્ર કરવા શેરધારકોની મંજૂરી મળી છે. કંપનીએ બુધવારે મોડી રાત્રે સ્ટોક એક્સચેન્જને જાણ કરી હતી કે પોસ્ટલ બેલેટ દ્વારા જરૂરી બહુમતી સાથે પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. પોસ્ટલ બેલેટ નોટિસ મુજબ, કંપની રૂ. 33 પ્રતિ શેરના ભાવે 46.20 કરોડ શેરના પ્રેફરન્શિયલ ઈસ્યુ અને/અથવા વોરંટની સમકક્ષ સંખ્યાના શેરમાં કન્વર્ટિબલ દ્વારા રૂ. 1,524.60 કરોડ સુધી એકત્ર કરશે. રિલાયન્સ પાવર લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે 23 સપ્ટેમ્બરે પ્રેફરન્શિયલ ઈશ્યૂ દ્વારા રૂ. 1,525 કરોડ એકત્ર કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી.

# હાઈસેન્સ ઈન્ડિયા ઈપેક ડ્યુરેબલ સાથે મળી વિશ્વના બજારો માટે એર કન્ડિશનર્સ અને હોમ અપ્લાયન્સિસનું ઉત્પાદન કરશે

(એજન્સી) અમદાવાદ | તા. 25

ઘરેલુ ઉપકરણો અને એર કન્ડિશનર્સ બજારમાં પરિવર્તન માટે એક અભૂતપૂર્વ પગલું ભરતા કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ તથા હોમ અપ્લાયન્સિસ ક્ષેત્રમાં વિશ્વની અગ્રેસર હાઈસેન્સ (Hisense)એ ભારતની અગ્રણી કોન્ટ્રેક્ટ મેન્યુફેક્ચર્સ પૈકીની એક ઈપેક ડ્યુરેબલ લિમિટેડ (ઈડીએલ) સાથે એક વ્યૂહાત્મક ઉત્પાદન જોડાણમાં પ્રવેશ કર્યો છે. હાઈસેન્સ ભારતમાં અત્યાધુનિક સમર્પિત મેન્યુફેક્ચરિંગ સુવિધાની સ્થાપના કરવા માટે ઈપેક ડ્યુરેબલ સાથે કોન્ટ્રેક્ટ કર્યો છે, જેથી હાઈસેન્સની માલિકીવાળી ટેકનોલોજી તથા ડિઝાઈન્સનો ઉપયોગ કરીને એર કન્ડિશનર તથા હોમ અપ્લાયન્સિસની હાઈસેન્સ રેન્જનું ઉત્પાદન કરી શકાય.

હાઈસેન્સ દ્વારા પોતાના ઉત્પાદનોનું આ સ્થાનિક ઉત્પાદન મેક ઈન ઈન્ડિયાના માધ્યમથી ઉત્પાદન ક્ષમતાઓને વધારવાની પોતાની કટિબદ્ધતાની દિશામાં એક પગલું હોવા ઉપરાંત ભારતીય બજારમાં હાઈસેન્સની લેટેસ્ટ ટેકનોલોજીના સ્વરૂપથી વધુ સારા, સ્માર્ટ અને પ્રીમિયમ ગુણવત્તાયુક્ત હોમ અપ્લાયન્સિસ એટલે કે ઘરેલુ



ઉપકરણોને રજૂ કરવાના પોતાના દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે, અને હાઈસેન્સ દ્વારા પોતાના ઉત્પાદનોનું આ સ્થાનિક ઉત્પાદનના ક્ષેત્રમાં ટોચની 5 બ્રાન્ડમાં સ્થાપિત કરવામાં મદદ મળશે, જે એકંદરે તેની વૈશ્વિક સ્થિતિને અનુરૂપ રહેશે.

આ સમજૂતીના માધ્યમથી ઈપેક ડ્યુરેબલ લિમિટેડ એર કન્ડિશનર તથા ઘરેલુ ઉપકરણો કે જેમાં વોશિંગ મશીન, રેફ્રિજરેર તથા અન્ય નાના હોમ અપ્લાયન્સિસનો સમાવેશ થાય છે તેના ઉત્પાદન માટે અત્યાધુનિક અને સમર્પિત પ્રોડક્શન લાઈન્સમાં રોકાણ કરશે. ઈડીએલના વર્તમાન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરીને હાઈસેન્સ માટે અનેક મહત્વના આરએસી કોમ્પોનેન્ટ્સ, નાના ઘરેલુ ઉપકરણો તથા વોશિંગ મશિન્સના કેટલાક મોડેલ ઉત્પાદન કરવામાં આવશે, જેને લીધે ઈડીએલને પોતાની વર્તમાન એસેટ્સનો વધુ સારી રીતે ઉપયોગ કરવામાં મદદ મળશે. ઈપેક તેની અત્યાધુનિક સુવિધાઓ અને ઈનોવેટીવ મેન્યુફેક્ચરિંગ ટેકનિકના માધ્યમથી પોતાના બહૂમૂલ્ય અનુભવ તથા વર્ષોની નિપૂર્ણતાનો લાભ મેળવશે, જેથી હાઈસેન્સના ઉત્પાદનને સુવ્યવસ્થિત કરી શકાય, એસેટના ઉપયોગને અનુકૂળ કરી શકાય, અને આ રીતે ગુણવત્તાના ઉચ્ચ માપદંડોને જાળવી રાખી શકાય. આ જોડાણમાં હાઈસેન્સ તેની ટેકનિકલ નિપૂર્ણતા સાથે સાથે પ્રીમિયમ ડિઝાઈનની ક્ષમતાને પણ રજૂ કરશે.

ઈપેક ડ્યુરેબલ સૌથી પહેલા નાણાંકીય વર્ષ 2027-2028 સુધીમાં શ્રીસિટી (આંધ્ર પ્રદેશ)માં 1.0 મિલિયન આરએસીની ક્ષમતા ધરાતા એક નવી મેન્યુફેક્ચરીંગ ફેસિલિટીમાં રોકાણ કરશે, જેનું શરૂઆતી ઉત્પાદન જૂન 2025માં શરૂ થશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2079, આસો વદ-10

# પલટી મારવામાં માહેર ચીનથી સાવધ રહેવું

ભારત અને ચીન વચ્ચે છેલ્લા ચાર વર્ષથી ચાલી રહેલા સૈન્ય તણાવનો અંત આવવા જઈ રહ્યો છે. સોમવારે ભારતીય પક્ષ અને મંગળવારે ચીની પક્ષના નિવેદનોથીખબર પડે છે કે લદ્દાખના દેપસાંગ અને ડેમચોકની સ્થિતિને લઈને વણઉકલ્યા વિવાદ પર પણ ભારત અને ચીન વચ્ચે સહમતિ સધાઈ છે. વિદેશ મંત્રી એસ.જયશંકરે પણ સંકેત આપ્યા કે આ બંને ક્ષેત્રોમાં પણ બંને પક્ષ પોતપોતાની સેનાઓને એપ્રિલ ૨૦૨૦ પહેલાંની સ્થિતિ પર લઈ જવા અને ચીનના નિયંત્રણવાળા વિવાદાસ્પદ વિસ્તારોમાં ભારતીય સેનાની પેટ્રોલિંગ પર સહમત થઈ ગયા છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે આવનાર થોડા દિવસોમાં આ ક્ષેત્રોમાંથી ચીની સેનાની વાપસીનું કામ પૂરું થઈ જશે. અસલમાં આ વિવાદ જૂન ૨૦૨૦માં ગલવાનમાં ચીની સૈનિકો દ્વારા પરસ્પર સહમતિના નિયમોને તોડીને નિ:શસ્ત્ર ભારતીય સૈનિકો પર દગાબાજીથી કરવામાં આવેલા હુમલાથી શરૂ થયો હતો. અચાનક થયેલા આ શરમજનક ચીની હુમલામાં ભારતના ૨૦ જવાનો બલિદાન થઈ ગયા હતા. જોકે ભારતીય સેનાની ત્વરિત અને જડબાતોડ જવાબી કાર્યવાહીથી તેનાથી ક્યાંય મોટી સંખ્યામાં ચીની સૈનિકો પણ માર્યા ગયા હતા, પરંતુ ચીની સેના અને ના તેની સરકારે આજ સુધી પોતાના મૃતક સૈનિકોની સંખ્યા જાહેર નથી કરી. ગલવાનમાં હિંસક અથડામણ બાદ બંને દેશોએ જેટલા મોટા પાયે આખા લદ્દાખમાં સેનાઓ અને યુદ્ધ સામગ્રીની તૈનાતી કરી, તેણે કોઈ મોટા યુદ્ધની આશંકાને ઉત્તેજન આપ્યું હતું. યુદ્ધના આ ખતરાને ટાળવા માટે છેલ્લા ચાર વર્ષોમાં બંને પક્ષોના વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ, કૂટનીતિજ્ઞો અને વિદેશ મંત્રી સુધીના સ્તર પર વિચાર-વિમર્શ ચાલી રહ્યો હતો. કેટલાંક ક્ષેત્રોમાં સહમતિ પણ બની ચૂકી હતી, પરંતુ દેપસાંગ અને ડેમચોક પર ચીનના અડિયલ વલણને કારણે કોઈ ઠોસ હલ નહોતું નીકળી શકતું. એ સાચું કે છેલ્લા બે દિવસની ઘોષણાઓએ એશિયાની બે મોટી શક્તિઓમાં વધી રહેલા તણાવ અને વિવાદ ઠંડો પડવાની આશા વધારી છે, પરંતુ પરસ્પર સંધિઓ અને સહમતિઓ પ્રત્યે ચીનના જૂના ઈતિહાસને જોતાં ભારતમાં વિશ્લેષકોનો એક મોટો વર્ગ એમ માને છેકે ચીન સાથે બનેલ સહમતિનું સ્વાગત તો કરવું જોઈએ, પરંતુ સતર્કતામાં કોઈ ઢીલ ન રાખવી જોઈએ. આ ચેતવણી એટલા માટે પણ અર્થપૂર્ણ છે કે ચીન સરકાર કેટલીય વાર કંઈક તાત્કાલિક લ-યોને હાંસલ કરવા માટે કેટલાક મોટા વિવાદો પર પોતાની સહમતિ તો વ્યક્ત કરી દે છે, પરંતુ એ લ-યો પૂરાં થતાં જ તે પોતાના જૂના ચીલે ચાલવા લાગે છે. સીમા પર નિરીક્ષણને લઈને સહમતિ બનવા સંબંધી ઘોષણાને શંકાની દૃષ્ટિએ જોવાનું એક કારણ એ પણ છે કે આ અઠવાડિયે ચીની સરકારની નજર રશિયામાં થઈ રહેલ બ્રિક્સ સંમેલનની સફળતા અને તેમાં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ચીની રાષ્ટ્રપતિ જિનપિંગની સીધી વાતચીત પર પણ છે.

# ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક ખાતે બાળકોમાં લોકપ્રિય ટોય ટ્રેન ફરી શરૂ: એકતા નગરના પ્રવાસમાં ઉમેરાયો નવો ઉત્સાહ

### રાજકોટની ઘટના બાદ રાજય સરકારના આદેશથી ટોય ટ્રેનનું સંચાલન સ્થગિત કરવામાં આવ્યુ હતુ

ભરત શાહ : રાજપીપળા



સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન "સહિ પોષણ - દેશ રોશન"ના આધારે નિર્મિત અને વિશ્વના સર્વ પ્રથમ ટેકનોલોજી આધારીત ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કમાં ટોય ટ્રેનનો ફરી પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ ટ્રેન ખાસ કરીને બાળકો અને પરિવાર સાથે આવેલા પ્રવાસીઓમાં લોકપ્રિય છે. રાજ્ય સરકારના માર્ગદર્શક નિયમો અનુસરીને જિલ્લા કલેક્ટર દ્વારા મંજૂરી આપવામાં આવી છે અને ટ્રેનનું વિધિવત સંચાલન શરૂ થયું છે, જે પ્રવાસીઓને આનંદદાયી અનુભવ આપશે.આ માટે તમામ સુરક્ષા અંગે સરકારના પ્રવર્તમાન નિયમોનું પાલન કરવામાં આવશે.

ટ્રેનના પુનઃશરુઆત સમારોહમાં અધિક કલેક્ટર ગોપાલ બામણીયા, નાયબ કલેક્ટર દર્શક વિઠલાણી, એકાઉન્ટ ઓફિસર રાજ ગર્ગ, પ્રોગામ ઓફિસર દક્ષાબેન ચોહાણ અને અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા. તમામ જરૂરી સુરક્ષા ચકાસણીઓ પૂર્ણ કર્યા બાદ ટ્રેનને ચલાવવાનું લાઈસન્સ આપવામાં આવ્યું છે, જેથી પ્રવાસીઓની સુરક્ષા અને સુખાકારી પ્રાથમિકતા બને. હાલમાં રાજકોટમાં બનેલી એક ટોય ટ્રેન દુર્ઘટનાને ધ્યાનમાં રાખીને રાજ્યભરના બધા ટોય ટ્રેનોની સુરક્ષા વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવી છે. ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્કમાં ટ્રેનની ફરી શરૂઆત સાથે પણ તમામ સલામતી ઉપાયોને ચુસ્ત બનાવવામાં આવ્યા છે, જે નાના બાળકો અને તેમના માતા-પિતાને નિરાંતે અને મસ્તીભર્યો અનુભવ આપશે. ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક, જે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરિત એક વિશિષ્ટ પ્રોજેક્ટ છે, બાળકોને રમતગમત અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા પોષણ વિશે જાગૃત બનાવે છે. વિશ્વના પ્રથમ ટેક્નોલોજી આધારિત આ ન્યુટ્રિશન પાર્કમાં બાળકો મોજમસ્તી સાથે આરોગ્યપ્રદ જીવનશૈલી વિશે શીખી શકે છે. દિવાળીના વેકેશનના મોસમમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી અને આસપાસના પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓની ભીડ જામી રહી છે. ટોય ટ્રેનની પુનઃશરુઆતથી પ્રવાસીઓમાં નવી ઉર્જા અને ઉત્સાહ છલકાયો છે. આ મજેદાર યાત્રા બાળકો માટે રોમાંચક સાબિત થશે, તો વડીલો માટે પણ શાંતિભર્યો અને યાદગાર અનુભવ બની રહેશે.




આજે ભાગવત વિદ્યાપીઠ મંદિર ખાતે ડી.એમ.વિધાલયના બાળકો દ્વારા રંગોલી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ શહેરની વિવિધ સાત શાળાઓના કુલ ૪0 વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો. જેમાં પ્રથમ - દ્વિતીય - તૃતીય નંબર પ્રાપ્ત કરનાર શાળાઓને અનંત કૃષ્ણ શાસ્ત્રીજી દ્વારા મોમેન્ટો આપીને તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકોને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

# ડેડીયાપાડા તાલુકામાં યુવતી અને યુવકે ઝેરી દવા પી જીવનનો અંત આણ્યો

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા ના ડેડીયાપાડા તાલુકાના બે ગામોમાં એક યુવતી અને એક યુવકે ઝેરી દવા પી જીવન નો અંત આણ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર પ્રથમ બનાવ માં મરનાર સુરમીલાબેન ઉતરીયાભાઈ વસાવા ઉ.વ.૨૦ રહે.ડાબકા સ્ટેશન ફળીયુ તા.દેડીયાપાડા જી.નર્મદા નાએ ગઈ તા.૨૨/૧૦/૨૦૨૪ના રાત્રીના સમયે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પોતાની જાતે પી જતા જેઓને સારવાર માટે સરકારી હોસ્પિટલ દેડીયાપાડા ખાતે લઈ આવી દાખલ કરેલ અને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ રાજપીપલા ખાતે દાખલ કરેલ હતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. જ્યારે બીજી ઘટના ગડી ગામે બની જેમાં મરનાર જીતેન્દ્રભાઈ સીગાભાઈ વસાવા ઉ.વ.૨૫ રહે.ગડી નિશાળફળીયુ, તા. દેડીયાપાડા જી.નર્મદા નાઓએ તા.૨૪/૧૦/૨૦૨૪.ના સવારના સમયે પોતાના ઘરના આંગણામાં કોઈ અગમ્ય કારણસર પોતે ઝેરી દવા પી જતા તેમને સારવાર માટે દેડીયાપાડા સરકારી દવાખાને લઇ ગયા બાદ સારવાર દરમ્યાન તેમનું મોત થયું હતું.

# નર્મદા જિલ્લા જેવા પછાત જિલ્લામાં પણ ઓનલાઇન ખરીદી વધતા સ્થાનિક વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા

ભરત શાહ : રાજપીપળા

**ઓનલાઇન ખરીદી વધતા લોકલ વેપારીઓ ની આવક માં નોંધપાત્ર ઘટાડો, છતાં અમુક ખાત્રી ની દુકાનો માં ઘરાકી હંમેશ ની જેમ સારી જોવા મળી જયારે નવા અને નાના વેપારીઓ તકલીફ માં**

નર્મદા જિલ્લા માં હાલ દિવાળી ની ઘરાકી માં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે જેનું મુખ્ય કારણ ઓનલાઇન ખરીદી કરતા ગ્રાહકો વધતા આ સ્તિથી ઉભી થઈ હોવાનું અમુક વેપારીઓ માને છે, ત્યારે દિવાળી જેવા મોટા તહેવારો માં પણ જે દુાનદારો મોડી રાત સુધી ગ્રાહકો વચ્ચે ઘેરાયેલા જોવા મળા હતા એ પૈકી પણ ઘણા વેપારીઓ ગ્રાહકો ની રાહ જોઈ રહેલા જણાયા હતા, જોકે અમુક ખાતરી ની દુકાનો પર ઘરાકી દર વર્ષ ની જેમ સારી જોવા મળી હતી છતાં અમુક નવા અને નાના દુકાનદારો સામી દિવાળી એ પણ આરામ કરતા નજરે પડ્યા હતા રાજપીપળા ના મહિલા ગ્રાહક જાગૃતિબેન શાહ એ જણાવ્યું કે બજાર માંથી અમુક ઘર માટે ની વસ્તુ લેવા કરતા ઓનલાઈન સસ્તી પડે છે માટે અમે ઘણી ઘર ની વસ્તુઓ ઓનલાઈન મંગાવી છે, હવે ગેરંટી તો ખાસ કોઈ કંપની આપતી નથી ફક્ત વોરંટી જ આપે છે ત્યારે ઓનલાઈન વસ્તુ મંગાવતા એ ઘણી સસ્તી પડે છે માટે લોકો એ તરફ વધુ ખરીદી માટે પ્રેરાય છે જોકે રાજપીપળા માં ઈલેકટ્રોનિક્સ નો શોરૂમ ધરાવતા જાણીતા વેપારી અક્ષયભાઈ પટેલ એ આ માટે જણાવ્યું કે ઓનલાઈન ખરીદી કરવી એટલી વિશ્વશનીય નથી જયારે લોકલ ખરીદી કરતા ગ્રાહકો ને વેચાણ બાદ ની સર્વિસ સારી મળે છે અને ઓનલાઈન માં ક્યારેક છેતરાઈ જવાનો પણ ભય રહેલો છે માટે લોકલ ખરીદી કરવી સારી છે. ત્યારે દિવાળી જેવા મોટા તહેવારો માં પણ જે દુાનદારો મોડી રાત સુધી ગ્રાહકો વચ્ચે ઘેરાયેલા જોવા મળા હતા એ પૈકી પણ ઘણા વેપારીઓ ગ્રાહકો ની રાહ જોઈ રહેલા જણાયા હતા, ઓનલાઈન ખરીદી કરનાર ગ્રાહકો ઘણી વખત પસ્તાય છે એવી માહિતી પણ અમે સમાચાર માધ્યમો માં જોઈ છે.

# મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના દેદાવાડા ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

જગદીશ ત્રિવેદી : લુણાવાડા



જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી બાબુભાઈ પટેલે દેદાવાડા ગામ ખાતે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કેમ્પનો લાભ લેવા નાગરિકોને અપીલ કરી. મહીસાગર જિલ્લામાં તા.૧૭મી સપ્ટેમ્બર-૨૦૨૪થી શરૂ થયેલા ૧૦ મા તબક્કાના સેવાસેતુ કાર્યક્રના ભાગરૂપે આજ રોજ કડાણા તાલુકાના દેદાવાડા ગામ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલે જણાવ્યું હતું કે, છેવાડાનો માનવી રાજ્ય અને કેન્દ્ર સરકારની લોકકલ્યાણકારી યોજનાઓથી વંચિત ન રહી જાય, તેના ઘર પાસે જ નાના-મોટા પ્રશ્નોનો નિકાલ લાવી તેની સમસ્યાનું સમાધાન કરી શકાય તે માટે આ સેવાસેતુ કાર્યક્રમના માધ્યમથી સરકાર નાગરિકોના ઘર આંગણે આવે છે સેવા સેતુના માધ્યમથી સરકારશ્રીની સેવા-યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડવાનો જે આશય છે તેને આપણે સૌ સાથે મળી સિદ્ધ કરીએ તેવી અપીલ પણ કરી હતી. વધુમાં તેઓએ જણાવ્યું કે, સેવા સેતુના માધ્યમથી સરકારશ્રીની વિવિધ ૫૫ જેટલી સેવાઓનો એક જ સ્થળે લાભ મળી રહે છે અને દરેક વિભાગના અધિકારીશ્રીઓ પણ સ્થળ પર હાજર છે ત્યારે નાગરિકો પણ સામે ચાલીને કાર્યક્રમનો મહત્તમ લાભ લે તે જરૂરી છે. સરકારશ્રીની આયુષ્યમાન કાર્ડ યોજના ગરીબ પરિવારો માટે ખૂબજ આશિર્વાદરૂપ છે.

# નિવાસી અધિક કલેક્ટર સી વી લટાના અધ્યક્ષસ્થાને મિશન શક્તિ યોજના અંતર્ગત બેઠક યોજાઈ

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરી સભાખંડ ખાતે નિવાસી અધિક કલેક્ટરશ્રી સી વી લટાના અધ્યક્ષસ્થાને મિશન શક્તિ યોજનાની જિલ્લા કક્ષાની દેખરેખ અને મૂલ્યાંકન સમિતિની બેઠક યોજાઈ. આ બેઠકમાં મિશન શક્તિ યોજના અંતર્ગત સખી વન સ્ટોપ સેન્ટર, બેટી બચાવો બેટી પઢાવો, ૧૮૧ અભય મહિલા હેલ્પલાઈ, ડીસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન યોજનાઓની કામગીરીની સમીક્ષા તેમજ આગામી નાણાંકીય વર્ષના એક્શન પ્લાનની ચર્ચા પણ કરવામાં આવી. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા હિંસાથી અસરગ્રસ્ત તથા મુશ્કેલ પરિસ્થિતિમાં હોય તેવી મહિલાઓને તાત્કાલિક કાળજી સમર્થન અને સહાય પૂરી પાડવા તેમજ તેમના પુનર્વસન, કાયદાકીય જોગવાઈઓ વિશે જાગૃત કરવા તાલીમ આપી ક્ષમતાવર્ધન કરવા હેતુ મિશન શક્તિ યોજના અમલમાં છે. આ બેઠકમાં મહિલા અને બાળ અધિકારીશ્રી, સમાજ સુરક્ષા અધિકારીશ્રી સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# હનુમાન ધર્મેશ્વર પાસેના કુવામાંથી મળેલ મહિલાના મૃતદેહનો ભેદ ઉકેલાયો

**મહિલાની હત્યા કરી કૂવામાં નાંખનાર શખ્સ ને ઝડપી પાડતી રાજપીપળા પોલીસ**

ભરત શાહ : રાજપીપળા



પ્રશાંત સુંબે, પોલીસ અધિક્ષક, નર્મદાનાઓની જિલ્લામાં બનતા સંવેદનશીલ ગુન્હાઓ શોધી કાઢી પરીણામલક્ષી કામગીરી કરવા આપેલ કડક સુચના માં ગત તા.૧૭/૧૦/૨૦૨૪ ના રોજ રાજપીપલા ખાતેના હનુમાન ધર્મેશ્વર મંદિર પાસે આવેલ નાળાવાળા જુના અવાવરુ કુવાના પાણીમાં એક અજાણી ૩૫ થી ૪૦ વર્ષની કોહવાઈ ગયેલ હાલતમા સ્ત્રીનો મૃતદેહ તરતો મળી આવતા રાજપીપલા પો.સ્ટે અ.મોત દાખલ કરી હતી, જેમાં સંજય શર્મા ઈન્ચા. નાયબ પોલીસ અધિક્ષક રાજપીપલા ના સીધા માર્ગદર્શન હેઠળ વી.કે. ગઢવી પોલીસ ઈન્સ્પેક્ટર તથા રાજપીપલા પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસોએ મૃતદેહ પરના કપડા, છુંદણા તથા પહેરેલ બંગડીઓ થકી હ્યુમન સોર્સીસના આધારે વાલી-વારસની શોધખોળ કરતા આ લાશ ગીતાબેન ભગાભાઈ વસાવા ઉ.વ.આ.૪૦ રહે. વાઘેથા, કિરણ ટેકરી ફળીયુ તા.નાંદોદ જી. નર્મદાનાની હોવાનુ ખૂલ્યું હતું, જેના મોત બાબતે તપાસ કરતા હત્યારા છોટેલાલ ઉર્ફે લડ્ડુ ઓમપ્રકાશ જયસ્વાલ રહે. હનુમાન ધર્મેશ્વર મંદિર પાસે, રેલ્વે સ્ટેશન નજીક, રાજપીપલા નાએ ગીતાબેન વસાવાને માર મારી મોત નિપજાવી મૃતદેહ ને વગે કરવાના ઈરાદે કુવામાં ફેંકી દઇ ગુનો કરેલ હોવાની હકિકત ખુલતા રાજપીપલા પો.સ્ટે ગુન્હો દાખલ કરી આરોપીને ઝડપી પાડી આગળની તપાસ હાથ ધરવામા આવેલ છે. પોલીસ સૂત્રો માંથી જાણવા મળ્યા મુજબ મૃતક મહિલા આ હત્યારા ના ઘર માં જ રહેતા હતા.

# મોડાસા - ધનસુરા રોડ ઊપર ખાડાઓથી વાહન ચાલકોમાં રોષ : શીકા ચોકડી ઊપર ફરીથી બમ્પ બનાવવા માંગ

રાકેશ મહેતા : ધનસુરા

અરવલ્લી મા ચોમાસા બાદ રોડ ઊપર ખાડાઓ પૂરવાની કામગીરી જીલ્લાના મોડાસા - ધનસુરા હાઈવે રોડ ઉપર ના થતો વાહનચાલકો માં ભારે રોષ ફેલાયેલો છે આ રોડ ઊપર રોજના હજારો વાહનો ની અવરજવર રહેતી હોય છે અને બેફામ દોડતા વાહનો ના કારણે અક્સ્માત નો ભય રહેતો હોય છે ચોમાસા બાદ રોડ ઊપર અસંખ્ય ખાડાઓ પડતાં તંત્ર દ્વારા ખાડાઓ પુરાતા નથી હવે દિવાળી નો સમય નજીક છે અને બહારગામના લોકો પણ દિવાળી ના તહેવારો માં માદરે વતન આવતાં હોય અને ખાડાઓ ના કારણે અક્સ્માત નો ભય સતાવી રહ્યો છે બીજી બાજુ ભારે વાહનો ની અવરજવર વધારે હોય ત્યારે નાના વાહન ચાલકો ને વધારે મુશ્કેલી પડતી હોય છે મોડાસા ધનસુરા રેલવે ફાટક પર મસ મોટા ખાડાઓ થી બાઈક ચાલકો સ્લીપ પણ ખાતા હોય છે અને જો ભારે વાહન ની અડફટે માં આવી જવાનો મોટો ભય સતાવી રહ્યો છે. રોડ ઊપર ઓવર સ્પીડ ના કારણે શિકા ચોકડી પર બનાવેલ બમ્પ ઊપર વાહનો સ્પીડ બ્રેક ના કરતાં અક્સ્માત નો ભય સેવાઈ છે.

# 55માં આંતરરાષ્ટ્રીય ગોવા ફિલ્મ ફેસ્ટિવલમાં મર્કટ બ્રોસ નિર્મિત ગુજરાતી ફિલ્મ કારખાનુંની પસંદગી

(એજન્સી) અમદાવાદ । તા. 25

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા આયોજિત 55મા આંતરરાષ્ટ્રીય ગોવા ફિલ્મ ફેસ્ટિવલમાં મર્કટ બ્રોસ નિર્મિત ગુજરાતી ફિલ્મ 'કારખાનું' સત્તાવાર રીતે પસંદગી પામી છે. ભારત સરકાર દ્વારા યોજાતા આ ખૂબ જ નામાંકિત ફિલ્મ ફેસ્ટિવલ માં લગભગ 3 વર્ષ બાદ કોઈ ગુજરાતી ફિલ્મની પસંદગી થઇ છે. એક ગુજરાતી તરીકે ગૌરવ થાય તેવી આ વાત છે. ઇન્ડિયામાં મેઈન સ્ટ્રીમ ફિલ્મમાં કલ્કી, મન્જુમલ બોય્સ, 12th ફેઈલ , સ્વર્ગારથની સાથે આપણી ગુજરાતી ભાષાની ફિલ્મ 'કારખાનું' એ ડંકો વગાડ્યો છે. એક ગુજરાતી તરીકે ગર્વની લાગણી અનુભવાય તે તો સ્વાભાવિક છે. ગુજરાતની પ્રથમ સ્માર્ટ હોરર કોમેડી ફિલ્મ 'કારખાનું'નું દિર્ગદર્શન ઋષભ થાનકી દ્વારા કરવામાં આવ્યું હતું. ફિલ્મની વાર્તા પાર્થ મધુકૃષ્ણ, ઋષભ થાનકી અને પૂજન પરીખે લખી છે. ફિલ્મમાં અર્ચન ત્રિવેદી, મકરંદ શુક્લ, રાજુ બારોટ, કાજલ ઓઝા વૈધ જેવા અનુભવી કલાકારો સાથે પાર્થ મધુકૃષ્ણ, હર્ષદીપસિંહ જાડેજા, હાર્દિક શાસ્ત્રી, દધીચિ ઠાકર જેવા યુવા કલાકારોએ અભિનયના ઓજસ પાથર્યા છે. સૌરાષ્ટ્રની તળની કોઈ લોક-વાર્તાને લઈને નવી ટેક્નોલોજી અને હોલીવુડ કક્ષાની આ ફિલ્મ છે. તળપદી ભાષાના ડાયલોગ્સ પણ મજ્જો પડાવી દે તેવા છે. ફિલ્મમાં એક ગામની વાત કરવામાં આવી છે જ્યાં એક કારખાનામાં 3 કારીગરો રાત્રે કામ અર્થે જાય છે અને ત્યાં ભૂત હોવાની વાતની જાણ થતાં આગળ શું થાય છે તે તો થકી જોયું જ છે.




# શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના દશાબ્દી વર્ષની સેવા સિધ્ધિ અવસરે જ આગામી 100 વર્ષ નિ:શુલ્ક સેવા માટે લેવાશે સંકલ્પ

(એજન્સી) અમદાવાદ । તા. 25



ચાલો સાથે મળીને દર્દી નારાયણની સેવા કરીએના સંકલ્પ સાથે સાવરકુંડલા ખાતે વર્ષ ૨૦૧૫માં શરૂ કરવામાં આવેલી શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની શરુઆત શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી હતી. જેના આજે ૧૦ વર્ષ પૂર્ણ થવા આવ્યા છે. શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલમાં અત્યારસુધી ૧૯,૫૦,૦૦૦ દર્દીઓની નિ:શુલ્ક સારવાર કરવામાં આવી છે.

આ આરોગ્ય મંદિરના દશાબ્દી વર્ષની ઉજવણી તેમજ આવતા સો વર્ષ સુધી શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા અવિરત સેવા કરવાનો સંકલ્પ તેમજ અમદાવાદ શહેરના જાણીતા હૃદયરોગ નિષ્ણાત ડો. રમેશ કાપડીયાના સન્માન પર્વની ઉજવણી આવતીકાલે નારાયણી રિસોર્ટ ખાતે કરવામાં આવશે. શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના ફાઉન્ડર ટ્રસ્ટી અને શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના સંસ્થાપક ડો. નંદલાલ માનસેતાએ જણાવ્યું હતું કે પરમ વંદનીય પ્રાતઃ સ્મરણીય પૂ. ગાંધી બાપુ કહેતા કે કોઈપણ કાર્યની શરૂઆત કરો તો નાનામાં નાના (છેવાડા) માણસનો વિચાર કરીને અમલીકરણ કરવું જે વિચારને અનુસરી વર્ષ ૨૦૧૫થી સતત દિવસ-રાત ૨૪ કલાક અવિરત ચાલતો દર્દી નારાયણનો યજ્ઞ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર પ.પૂ.વંદનીય સંત શ્રી મોરારીબાપુના આશીર્વાદથી શરૂ થયો હતો. જેના દસાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે આવતા સો વર્ષ સુધી શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા અવિરત નિઃશુલ્ક સેવા કરવાનો સંકલ્પ કરવામાં આવશે, તેમજ હૃદયરોગ નિષ્ણાત ડો. રમેશ કાપડિયાના સન્માન સાથે કરવામાં આવશે. વર્તમાન સમયમાં દરેક વયજૂથના લોકો હૃદયરોગની પીડાથી પીડાતા હોય છે. શહેરના જાણીતા હૃદયરોગ નિષ્ણાત ડો. રમેશ કાપડિયાની હૃદયરોગ સંબંધિત સારવારથી રાજ્યના ઘણાં લોકોને તેઓની હૃદયરોગ સંબંધિત તકલીફોમાં ફાયદો થયો છે, જેમની સારવાર પધ્ધતિની કદરનાં ભાગરૂપે તેમનું સન્માન શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવશે.

# મૈરિંગો એશિયા હોસ્પિટલ્સ દ્વારા પૂર્વ આફ્રિકામાં આરોગ્ય સંભાળ સુલભતા અને ક્લિનિકલ ક્ષમતાને વધુ વિકસિત કરવા મેટ્રોપોલિટન હોસ્પિટલ્સ અને ઝોસ્કેલ્સ પાર્ટનર્સ સાથે MOU પર હસ્તાક્ષર કરાયા

(એજન્સી) અમદાવાદ । તા. 25



મૈરિંગો એશિયા હોસ્પિટલ્સ એ નૈરોબીમાં મેટ્રોપોલિટન હૉસ્પિટલમાં 'સેન્ટર ઑફ એક્સેલન્સ' માટે તેની ક્લિનિકલ કોરિડોર પહેલ હેઠળ મેટ્રોપોલિટન હૉસ્પિટલ્સ લિમિટેડ (કેન્યા) અને ઝોસ્કેલ્સ પાર્ટનર્સ સાથે મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ (MOU) પર હસ્તાક્ષર કરવાની જાહેરાત કરી છે. આ સીમાચિહ્નરૂપ સહયોગનો હેતુ સમગ્ર પૂર્વ આફ્રિકામાં આરોગ્યસંભાળની સુલભતા અને આરોગ્ય સંભાળ સાથે પોષણક્ષમતામાં સુધારો કરવાનો નોંધપાત્ર પ્રયાસ છે, અને આ પ્રદેશમાં અદ્યતન આરોગ્ય સંભાળ સેવાઓની તાત્કાલિક જરૂરિયાતને પૂર્ણ કરવાનો છે. આરોગ્ય સંભાળ ક્ષેત્રમાં ઉચ્ચ નેતૃત્વ ધરાવતા મૈરિંગો એશિયા હોસ્પિટલ્સ એ મેટ્રોપોલિટન હોસ્પિટલોને પૂર્વ આફ્રિકા માટે તૃતીય સંભાળ માટે પ્રાદેશિક હબ બનવા માટે સશક્ત કરવા તેના ઉચ્ચ અને લાંબા સમયના અનુભવ સાથે ક્લિનિકલ ક્ષમતાઓની કુશળતાનો ઉપયોગ કરીને આ ભાગીદારીમાં પસંદગીની વિશેષતાઓ માટે સેન્ટર્સ ઑફ એક્સેલન્સ (CoEs) ની સ્થાપના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જેના લીધે સેવાની ઓછી એક્સેસ ધરાવતા સમુદાયો માટે ઉચ્ચ ગુણવત્તાની આરોગ્ય સેવાઓ સુલભ બનશે. મૈરિંગો એશિયા હોસ્પિટલ્સના સ્થાપક સભ્ય, મેનેજિંગ ડિરેક્ટર અને CEO, ડો. રાજીવ સિંઘલે કહ્યું કે, "મૈરિંગો એશિયા હોસ્પિટલ્સ પૂર્વ આફ્રિકામાં વિશ્વ-સ્તરીય આરોગ્ય સંભાળનું વિસ્તરણ કરી રહી છે અને મેટ્રોપોલિટન હોસ્પિટલોને તેમનું સમર્થન આપવા માટે ભારતમાંથી તેના જ્ઞાન અને શ્રેષ્ઠ કૌશલ્યનો ઉપયોગ કરવા માટે આ તક માટે ગર્વ અનુભવે છે. મૈરિંગો એશિયા હોસ્પિટલ્સ સમગ્ર ભૌગોલિક વિસ્તારોમાં ક્લિનિકલ કોરિડોરના નિર્માણ માટેની સમર્થક છે. વૈશ્વિક સ્તરે આરોગ્ય સંભાળના ધોરણોને ગુણવતતાયુક્ત બનાવવા માટે આ પહેલ 3 Ts (ટીચ, ટ્રેન અને ટ્રીટ) ના સિદ્ધાંતો પર આધારિત છે.

# શિયાળામાં બોર ખાવાથી થાય છે અનેક લાભ





શિયાળામાં બોરનું સેવન કરવાથી કેટલાક લાભ થાય છે. બોરમાં વિટામીન - Cનું પ્રમાણ વધારે હોય છે. જેનું સેવન કરવાથી શરીરમાં વિટામીન - Cની ઉણપ દૂર કરવામાં મદદ કરે છે. બોરનું ઉચિત માત્રમાં સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. તો કેટલાક નિષ્ણાંતોના અનુસાર બોરમાં નારંગી કરતા વધારે પ્રમાણમાં વિટામીન - સી હાજર હોય છે. જો કોઈ વ્યક્તિને વાળ ખરવાની સમસ્યા હોય કે પછી વાળમાં ડેન્ડ્રફની સમસ્યા હોય તો બોરનું સેવન લાભકારક સાબિત થાય છે. તેમજ ત્વચાને સ્વસ્થ બનાવવા અને ગ્લોઈંગ સ્કીન માટે પણ ફાયદાકારક છે. બોરમાં એન્ટીઑકિસડન્ટો, વિટામિન સી, આયર્ન, પોટેશિયમ અને કેલ્શિયમનું પ્રમાણ પણ ઘણું વધારે હોય છે.તેમજ પાચન માટે પણ લાભકારક છે. જો તમને ગેસની સમસ્યા હોય તો એક વાર તબીબની સલાહ લેવી. બોર મેટાબોલિઝમ વધારવા અને વજન ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે. આમાં મળતા ડાયેટરી ફાઈબર વજન ઘટાડવા અને સારી પાચનક્રિયા માટે ફાયદાકારક છે. તેમજ કબજિયાતની સમસ્યામાં પણ રાહત આપે છે.

## નાહવા માટે ક્યાંક તમે તો નથી કરતાને Animal Soapનો ઉપયોગ ? આ રીતે કરો ચેક



ફ્રેશ રહેવા માટે આપણે દરરોજ સ્નાન કરીએ છીએ. સાબુના ઉપયોગથી આપણે વધુ તાજગી અનુભવીએ છીએ. પરંતુ જો સાબુની પસંદગી ખોટી હોય તો તે આપણી ત્વચા માટે હાનિકારક બની શકે છે. ઘણીવાર આપણે સાબુની જાહેરાત જોઈને ખરીદી લઈએ છીએ. તે સાબુ આપણી ત્વચા માટે સારો છે કે નહીં તે પણ જાણતા નથી. આપણે તેમાં વપરાતા તત્વો વિશે પણ જોતા નથી કે તેનું TFM વેલ્યુ પણ તપાસતા નથી અને નાહવા માટે Animal Soap કે ટોયલેટ સોપ ખરીદીએ છીએ. સાબુ બે પ્રકારના હોય છે. કેમિકલ અને આયુર્વેદિક અથવા હર્બલ. આપણા દેશમાં બહુ ઓછા એવા સાબુ છે જેને નાહાવાના સાબુનો દરજ્જો મળ્યો છે. મોટે ભાગે ફક્ત ટોઈલેટ સાબુ જ છે. તેથી આપણે ફક્ત તે જ સાબુ ખરીદવા જોઈએ જેના પર ટોઈલેટ સોપ લખાયેલ ન હોય. આ સિવાય તમામ સાબુના પેકેટ પર તેની TFM વેલ્યુ લખેલી હોય છે. તેને ચેક કરીને જ સાબુ ખરીદવો જોઈએ. દરેક ઉત્પાદનની ગુણવત્તા માપવા માટે વિવિધ પરિમાણો છે. તે પરિમાણોનું નામ અને વેલ્યુ આપવામાં આવે છે. TFM નો ઉપયોગ સાબુની ગુણવત્તા ચકાસવા માટે થાય છે. તેના દ્વારા આપણે તેમાં વપરાતા કેમિકલની માત્રા જાણી શકીએ છીએ. સાબુમાં TFMની ટકાવારી જેટલી વધારે હશે, તે સાબુની ગુણવત્તા વધુ સારી હોય છે. તેમાં પણ કેટેગરી આપવામાં આવી છે. ગ્રેડ-1 : 75 ટકાથી થી 80 ટકા TFM ગ્રેડ-2 : 65 ટકાથી 75 ટકા TFM ગ્રેડ-3 : 50 ટકાથી 60 ટકાTFM નિષ્ણાતોના મતે, નાહાવાના સાબુમાં TFMની માત્રા 75 ટકાથી વધુ હોય છે. આને ગ્રેડ-1ની કેટેગરીમાં રાખવામાં આવ્યો છે. તેમના ઉપયોગથી આપણી ત્વચાને ઓછું નુકસાન થાય છે. જેમાં Goderej No.1, Centhol, Park Avenue જેવા સાબુ છે. ગ્રેડ-2 કેટગરીમાં ગુણવત્તાના આધારે ટોયલેટ સાબુને ગ્રેડ-2માં રાખવામાં આવ્યો છે. ભારતમાં મોટાભાગના લોકો આ કેટેગરીના સાબુનો ઉપયોગ કરે છે. જેમાં Vivel, lux જેવા સાબુનો સમાવેશ થાય છે. કાર્બોલિક સાબુને ગ્રેડ 3 તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. તેનો ઉપયોગ પ્રાણીઓને સ્નાન કરાવા માટે થાય છે. યુરોપિયન દેશોમાં તેને Animal Soap કહેવામાં આવે છે. આ સાબુનો ઉપયોગ આપણી ત્વચા માટે નુકસાનકારક છે. આ કેટેગરીમાં Lifebuoy જેવા સાબુઓનો સમાવેશ થાય છે, જેનો કેટલાક લોકો નાહવા માટે પણ ઉપયોગ કરતા હોય છે. તો આ એક Animal Soap છે. તેનો નાહવા માટે ઉપયોગ ના કરવો જોઈએ.

## પલાળેલા અખરોટ સ્વાસ્થ માટે છે ફાયદાકારક હૃદયથી લઈ મગજ બનશે મજબુત



જો તમે દરરોજ સવારે પલાળેલા અખરોટ ખાઓ છો તો તે તમારા સ્વાસ્થ માટે ખુબ ફાયદાકારક છે. તો જાણો ચાલીએ પલાળેલા અખરોટ ખાવાના અનેક ફાયદા વિશે. અખરોટના અનેક ફાયદા છે પરંતુ તેમાં પણ પલાળેલા અખરોટ સ્વાસ્થ માટે ફાયદાકારક છે. દરરોજ અખરોટ ખાવાથી સ્કિનની સાથે તમારું હેલ્થ પણ સારું રહે છે. અખરોટમાં એવા કેટલાક પોષક તત્વો હોય છે જે આપણા શરીર માટે જરુરી હોય છે. પલાળેલા અખરોટ ખાવાથી હાડકાં મજબુત બને છે. અખરોટમાં રહેલ કેલ્શિયમ હાડકાંને મજબુત બનાવે છે. પલાળેલા અખરોટમાં ઓમેગા 3 ફેટી એસિડ હોય છે જે ખરાબ કોલેસ્ટ્રોલને ઓછું કરે છે અને સારા કોલેસ્ટ્રોલને વધારવામાં મદદ કરે છે. જો તમે અખરોટને પલાળીને ખાઓ છો, તો તેમાં રહેલા પ્રોટીન, કેલ્શિયમ, ફાઈબર, આયર્ન વગેરે જેવા ઘણા પોષક તત્વો આપણા મગજના વિકાસ અને યાદશક્તિને વધારવામાં મદદરૂપ થાય છે. જે લોકોને બ્લડ શુગરની પરેશાની છે. તેમણે પલાળેલા અખરોટનું સેવન કરવું જોઈએ. જેનાથી તમારું બ્લડ શુગર કંટ્રોલ થઈ શકે છે. તેમજ અખરોટ લાંબા સમય સુધી તમારું પેટ ભરેલું લાગે છે, પલાળેલા અખરોટ ખાવાથી સ્થૂળતા ઓછી કરી શકાય છે.

# અબજોપતિ આગળ રૂપિયાના ભંડાર સાથે નોકર ચાકર બધું જ હોવા છતાંય એ એના સુખ ને સમજવું અઘરું છે

### મોટાભાગના અબજોપતિઓના મુખ પર ખુશીનું કુત્રિમ આવરણ લાગેલું હોય છે



મોર્નિંગ વિષય
- રુપાલી દવે

જે કર જુલાવે પારણુ..

એક વાર વિદ્વાનો ની સભામાં ચર્ચા થઈ કે દુનિયા નું મોટા માં મોટું સુખ ક્યું? અને દુઃખ ક્યું? આ વિષય પર દિવસો મહિનાઓ વર્ષો વિતી ગયા છતાંય વિદ્વાનો ચોક્કસ નિષ્કર્ષ પર પોહચી શકતા નહતા.ત્રણ ગ્રુપ ના અલગ અલગ મત મતાંતર હતા એક ગ્રુપ નું માનવું હતું કે દુનિયા માં મોટા માં મોટું દુઃખ ગરીબ હોવું એ છે મનુષ્ય આગળ રૂપિયા નથી તો એનું મૂલ્ય ગમે તેટલો વિદ્વાન કેમ ના હોય? શૂન્ય છે. એ અન્ય પ્રત્યે પોતાની હદય ની લાગણીઓ અને શરીરનો પરસેવો પડતો હોવા છતાંય એની કિંમત નથી હોતી. સુખ ની વ્યાખ્યા અમુક ટોપિક થી કરવી શક્ય નથી સુખ એ મનુષ્ય અંદર થી ઉદ્દ્ભવતો આનંદ નો અવિરત પ્રવાહ છે.

અબજોપતિ આગળ રૂપિયાના ભંડાર સાથે નોકર ચાકર બધું જ હોવા છતાંય એ એના સુખ ને સમજવું અઘરું છે.મોટાભાગના અબજોપતિઓના મુખ પર ખુશીનું કુત્રિમ આવરણ લાગેલું હોય છે.સૃષ્ટી નો મધ્યમ વર્ગીય મનુષ્ય કદાચ એની લાઈફમાં ખુશ હોઈ શકે એને ખબર હોય છે "થોડા હે થોડે કી જરૂરત હૈ".બીજા ગ્રુપ નું માનવું હતું કે સુખ દુઃખ બન્ને સરખા પુત્ર પ્રાપ્તિ સમયે પરિવાર ની ખુશીઓ આસમાને હોય છે,પુત્ર જન્મની ખુશીમાં હદથી વધારે ખર્ચ થઈ જતાં હોય છે. પરિવાર માં પુત્ર જન્મ એ સુખ છે. પુત્ર બાળપણ બાદ યુવાની મા પગ મૂકતાં એ માબાપ ને સુખ આપવા ને બદલે દર્દ પીડા આપે ત્યારે પુત્ર સુખ એ દુઃખ મા ફેરવાઈ જતા હોય છે.

ત્રીજા ગ્રુપ નું માનવું સમજવું એ હતું કે સુખ દુઃખ ની વ્યાખ્યા "સ્ત્રી ના માતૃત્વ થી" કરી શકાય.કદાચ આ દુનિયા માં ધન દોલત સંપતિ કરતા પણ મોટા માં મોટું દુઃખ નિસંતાન દંપતીઓ નું છે. સંતાન ને જન્મ આપતા થતી અસહ્ય પીડા કરતા વધારે પીડા અન્ય નથી..આમ છતાંય પ્રત્યેક સ્ત્રીની માતૃત્વ ધારણ કરવાની ઝંખના એટલી હદે હોય છે કે લગ્ન બાદ "માં"બનવાનું મનગમતું સ્વપ્નું જોયા કરતી હોય છે.લગન બાદ અમુક વર્ષે માતૃત્વ ધારણ કરી શકતી નથી ત્યારે એની પીડા વર્ણવી ખૂબ અઘરી છે.નિસંતાન માતાઓ ને સમાજ પણ શાંતિ થી ક્યાં જીવવા દેતો હોય છે? આ સ્ટેજ એ નિસંતાન સ્ત્રીઓ અનેક માનસિક રોગ નો શિકાર થઈ જતી હોય છે. માતૃત્વ ધારણ કરવાની પ્રબળ ઈચ્છાઓના લીધે માતૃત્વ ધારણ કરવું મુશ્કેલ બને છે ત્યારે એ દિન પ્રતિદિન ડીપ્રેસ થઈ જતાં એનું જીવન બેહાલ બની જતુ હોય છે. સુખ ની વ્યાખ્યા પણ નિસંતાન દંપતીઓને માટે ધન દોલત કરતા બાળક ની પ્રાપ્તિ હોય છે.આ દુનિયા માં પ્રત્યેક મનુષ્ય એ ખુદનું સુખ ભૌતિક ચીજ વસ્તુઓ એટલે સમૃદ્ધિ સંપતિ સમજો. નિસંતાન દંપતીઓનું સુખ સંતાન પ્રાપ્તિ અને દુઃખ સંતાન નથી.

ત્રણેય ગ્રુપ ના વિદ્વાનો ની ચર્ચા ના અંતે સહમતી સાથે તારણ નીકળ્યું કે મનુષ્ય નું સુખ દુઃખ એ સંતાન સંબંધી વધારે હોય છે.

વર્તમાન સમયમાં વિજ્ઞાન ની અતિ ફાસ્ટ પ્રગતિ ના લીધે નિસંતાન દંપતીઓ પણ બાળક ની પ્રાપ્તિ કરી શકે છે. આઈ વી એફ ટેસ્ટ ટ્યુબ બેબી,સરોગટ મધર વગેરે વગેરે વિજ્ઞાન એ કરેલ શોધ માં માણસ ને ભગવાનના ચમત્કાર નો અનુભવ થાય છે.હિન્દુ ધર્મના ધાર્મિક ગ્રંથો માં યશોદા જી ના પ્રથમ પુત્ર બલરામજી નો જન્મ રોહિણી ના કૂખે થયો હતો પ્રશ્ન થાય કે આવું કેમ? જન્મ રોહિણી જી એ આપ્યો ને પુત્ર યશોદાજી ના કહેવાયા.એ સમય માં પણ સરોગેટ મધર પ્રેગ્નન્સી શક્ય હશે ત્યારે તો શક્ય બન્યું છે. મહાભારત અનુસાર ૧૦૦ કૌરવો ને માતા ગાંધારી એ જન્મ નહતો આપ્યો.૧૦૦ કૌરવોનો જન્મ ૧૦૦ માટી ના ઘડા માં થયો હતો.કદાચ એ યુગ મા પણ આઈ.વી

એફ એટલે ટેસ્ટ ટ્યુબ બેબી જેવી પદ્ધતિ હશે. ભગવાન શ્રી કૃષ્ણ એ પુત્ર દેવકી જી ના હતા પરંતુ ઓળખાયા યશોદા નંદન, બાળ કૃષ્ણ ને સુતિકા ગૃહ માં યશોદાજી એ બન્ને હાથ માં લઈને છાતી સરસા ચાંપ્યા ત્યારથી ભગવાન એની પાલક માતા ના હદય માં સમાઈ ગયા હતા એટલે પાલક માતા હોવા છતાંય યશોદા ના લાલ કહેવાયા. હાલ માં મૃત્યુ પામેલા દેશના દયાળુ સેવાભાવી ઉદ્યોગપતિ રતન ટાટા પણ અનાથ જનમ્યા હતા પરંતુ એના પાલક પિતા નવલ ટાટા એ એને ગોદ લીધા બાદ ક્યારેય અનાથ રાખ્યા નહતા.રતન ટાટા એ ટાટા પરિવાર નો કોહિનૂર હીરો બની ને દેશ દુનિયામાં "ટાટા ગૃપ" નું નામ રોશન કર્યું છે. રતન ટાટા એ દેખાડા ઓથી દૂર તદન સાદગી પૂર્ણ નિસ્વાર્થ સેવાનો ભેખ ધારણ કર્યો હતો. આ દેશના પનોતા પુત્ર એ ખુદને અનાથ સમજતા બાળકો ને સમજાવ્યું કે "માનો તો અનાથ છો ના સમજો તો ખુદમાં અનાથ શબ્દ સાથે જીવો છો"

નિસંતાન દંપતીઓ બાળકો ને એડોપ્ટ લીધા બાદ એની કાળજી ખુદ કરતા પણ વધારે રાખતા હોય છે.પ્રગતિના રસ્તા પર બાળક ને લઈ સંસ્કાર અને સભ્યતાનું સિંચન કરીને પરિવાર નું લાડલુ સભ્ય બનાવે છે.સંતાન પ્રાપ્તિ માટે દંપતીઓ પુણ્ય કર્મ ચૂકવી ને ઋણ ઉધાર માં લેતા પણ ખચકાતા નથી. કેમ? નિસંતાન માતા પિતા ના ઘરમાં કિલકારી કરી ને દોડા દોડ કરતું બાળક કોનું? મારું કે અન્ય નું એવું નથી હોતું એના માટે બાળક એનો લાડલો કે લાડલી હોય છે. બાળક ની આંખ માં પણ માબાપ સામુ નજર કરતા જ આનંદ નો ઉત્સવ હોય છે. આ આનંદ નો ઉત્સવ નિહાળી ને જ નિસંતાન દંપતીઓ બાળક ને સમજણ આવતા છૂપાવે છે કે એ અનાથ આશ્રમ નું ત્યજેલું બાળક નથી પ્રેમથી જતન થયેલું ખુદનું બાળક છે. આવું કેમ? પોતાનું બાળક પોતાનાથી દૂર થઈ જશે તો એનો ભય નિસંતાન દંપતીઓ ને સતાવતો હોય છે.

આવ્યો ત્યારે ખબર નહતી કોણ પિતા હશે??

જન્મ થયો ત્યારે સમજણ નહતી માં એટલે શું?

જ્યારે લાવારિસ હાલત માં ઝાડી ઝાંખરામાં સતત રડતા નવજાત બાળક પર માંસાહાર પ્રાણીઓ નજર પડે એ પહેલા પોલીસ દ્વારા રેસ્કયું થઈને અનાથ આશ્રમ માં રાખવા મા આવે છે.આવા બિન વારસી અનાથ બાળકો પગભર થાય ત્યાં સુધીની એની સંપૂર્ણ જવાબદારીઓ સરકાર લેતી હોય છે. સરકાર દ્વારા નિસંતાન દંપતીઓ માટે અનાથ બાળકો ના એડોશન ની વ્યવસ્થા પણ હોય છે. દર વર્ષે ૧૦૦ માંથી ઓછી સંખ્યા માં બાળકો એડોપ્ટ થતાં હોય છે છતાંય ભાગ્યશાળી બાળકો એડોપ્ટ થતાં હોય છે આવા ભાગ્યશાળી અનાથ બાળકો ની લાઈફ સરળ સુખ સગવડતા ભરી ખુશ હોય છે. જ્યારે અન્ય અનાથ બાળકો નું જીવન હાડમારી ભર્યું અને મજબૂર હોય છે.

વાસ્તવિકતા તો એ છે કે ભાગ્ય શાળી અડોપ્ટ થયેલ બાળકો એ એના માતા પિતા નો ઉપકાર મૃત્યુ પર્યંત પણ ભૂલવો જોઈએ નહિ. એના દિલ માં એના માતપિતા નું સ્થાન ભગવાન કરતા પણ ઊંચું હોવું જોઈએ.ઘણી વખત અનાથ બાળકો ને યુવાન થતાં અન્ય સગા સબંધીઓ દ્વારા ખબર પડે કે એ એના માતાપિતા નું એડોપ્ટ બાળક છે ત્યારે એ એના પાલક માતા પિતા થી પોતાનો નાતો છોડી ને દુર થઈ જતાં હોય છે ત્યારે એ પાલક માતા પિતા ની આંખો માંથી દર્દ માં નીકળતા આંસુઓનું સમાધાન ભગવાન માટે પણ આપવું અશક્ય છે.કારણ કે એના આંસુઓ માટે એ ખુદ જવાબદાર હોય છે એટલે..

# કેન્સર વચ્ચે હિના ખાન માટે પોતાને ઓળખવી મુશ્કેલ, એક્ટ્રેસને લાગ્યો મોટો ઝટકો



(એજન્સી) મુંબઈ | તા.25

હિના ખાન કેન્સર સામે જંગ લડી રહી છે. આ બિમારીના કારણે તેને ઘણી વસ્તુઓનો સામનો કરવો પડી રહ્યો છે. વાળ હોય કે ફિટનેસ, હિના ખાન કેન્સરને કારણે ઘણા નુકસાનનો સામનો કરી રહી છે.

કેન્સરને કારણે હિના ખાનના લુક્સ પર સીધી અસર જોવા મળી રહી છે. એક્ટ્રેસના વાળ ખરી ગયા છે. તેની બધી પાંપણ પણ જ ખરી ગઈ છે. આવી પરિસ્થિતિમાં, એક્ટ્રેસનો ફેસ જોઈને ક્યારેક ફેન્સ પણ નારાજ થઈ જાય છે. હિના ખાન પણ આવી જ પરિસ્થિતિમાં છે. હિનાએ તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર એક પોસ્ટ શેર કરી છે, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગઈ છે. એક્ટ્રેસે કંઈક એવું કહ્યું છે જેનાથી ફેન્સ પણ ભાવુક થઈ ગયા છે. તે પોતાના લુકને લઈને થોડી ભાવુક દેખાઈ રહી છે. હિના ખાને દરેક પગલું ખૂબ જ સમજદારીથી લીધું છે. વાળ ખરતા પહેલા જ હિનાએ જાતે જ વિગ કટ કરાવી હતી. મેકઅપને કારણે તે કોઈક રીતે તેના ફેસના ફેરફારોને છુપાવવાનું પસંદ કરે છે. પરંતુ હવે તે તેના પહેલાના અને હવે મેકઅપ વગરના લુકમાં બદલાવ જોઈ રહી છે. આ જ કારણ છે કે એક્ટ્રેસ સોશિયલ મીડિયા પર પોતાની તસવીર શેર કરીને ભાવુક થતી જોવા મળે છે. હિનાએ હવે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોતાનો એક ફોટો શેર કર્યો છે. આ તેના ફેસના અડધા ભાગનો ક્લોઝ અપ છે જે ખૂબ જ સુંદર લાગે છે.

આમાં હિનાના ચહેરા પર ન્યૂડ મેકઅપ પણ જોવા મળી રહ્યો છે. એવું લાગે છે કે આ ફોટો એ સમયનો છે જ્યારે હિનાને કેન્સરની કોઈ આડઅસર ન હતી. તેનો ફેસ ચમકતો અને પહેલા જેવો જ દેખાય છે. આ શેર કરતી વખતે હિનાએ પોતાની લાગણી પણ વ્યક્ત કરી છે. હિનાએ આશ્ચર્યમાં લખ્યું છે કે 'ઓમજી આ હું છું...' આ સાથે હિનાએ એક ભાવુક રડતું ઈમોજી પણ શેર કર્યું. એવું લાગે છે કે હિના પોતાને જોઈને આશ્ચર્યચકિત થઈ ગઈ છે.



# લોકો હજુ પણ 'DDLJ' સાથે જોડાયેલા છે

## આ ફિલ્મ દર વર્ષે પોતાનો જ રેકોર્ડ તોડે છે, મેં વિચાર્યું ન હતું કે આટલી મોટી હિટ થશે

(એજન્સી) મુંબઈ | તા.25

'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' બોલિવૂડની સૌથી લાંબી ચાલેલી ફિલ્મ છે. હાલમાં જ કાજોલે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, ફિલ્મના મેકર્સને પણ ખબર નહીં હોય કે તેને આટલી પસંદ કરવામાં આવશે. તેની સફળતાનું સૌથી મોટું કારણ ફેન્સ છે, જેમણે તેને ખૂબ જ પ્રેમ આપ્યો. આ ફિલ્મ દર વર્ષે પોતાના જ રેકોર્ડ તોડતી રહેશે.

PTI સાથે વાત કરતા કાજોલે કહ્યું, 'આ ફિલ્મ વિશ્વની સૌથી લાંબી ચાલનારી ફિલ્મ છે. આ ફિલ્મ દર વર્ષે પોતાના જ રેકોર્ડ તોડે છે. પરંતુ હું માનું છું કે 'DDLJ' અને 'કભી ખુશી કભી ગમ' જેવી ફિલ્મોની ખાસિયત એ છે કે જ્યારે તમે તેને જુઓ છો, ત્યારે પણ તે એકદમ રિયલ લાગે છે.

કાજોલે કહ્યું, 'મને આ ફિલ્મોની સ્ટોરી ખૂબ જ ગમી. જ્યારે તમે કોઈ પાત્ર ભજવો છો, ત્યારે તમે તેમને પ્રેમ કરવાનું શરૂ કરો છો. મને 'DDLJ'ની સ્ટોરી ખૂબ જ ગમી. હું આ ફિલ્મમાં સંપૂર્ણપણે સામેલ થઈ ગઈ હતી. મોટી વાત એ છે કે જ્યારે અમે આ ફિલ્મ બનાવી રહ્યા હતા ત્યારે અમે વિચાર્યું ન હતું કે આટલી મોટી હિટ થશે.

કાજોલે કહ્યું, લોકોને 'DDLJ' ફિલ્મ ખૂબ પસંદ આવી. આજે પણ લોકો આ ફિલ્મ વારંવાર જુએ છે. મને યાદ છે કે એક વ્યક્તિ મને મળી હતી. તેણે મને કહ્યું કે મેં મારી ગર્લફ્રેન્ડને પ્રપોઝ કરતા પહેલા લગભગ 27 વાર 'DDLJ' જોઈ હતી. હવે તેમના બાળકો પણ સાથે આ ફિલ્મ જુએ છે. કાજોલે કહ્યું, 'આ ફિલ્મની સફળતા પાછળ હું કે 'DDLJ'ની ટીમ નહીં ફિલ્મને વારંવાર જોનારા ચાહકો છે.

ફિલ્મ 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' 20 ઓક્ટોબર,1995ના રોજ રીલિઝ થઈ હતી. આજે પણ આ ફિલ્મ મુંબઈના મરાઠા મંદિર થિયેટરમાં બતાવવામાં આવે છે. તેનું 29મું વર્ષ 20 ઓક્ટોબર, 2024ના રોજ ઉજવવામાં આવ્યું હતુ. 'DDLJ'નું ડાયરેકશન આદિત્ય ચોપરાએ કર્યું હતું. જ્યારે યશ ચોપરાએ તેનું પ્રોડકશન કર્યું છે.





# 'લગ્ન લાંબા સમય સુધી ટકતા નથી...' નિમરત કૌરે અભિષેક બચ્ચનને શું કહ્યું?

(એજન્સી) મુંબઈ | તા.25

હાલમાં નિમરત કૌર કોઈને કોઈ કારણોસર ચર્ચામાં છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે નિમરત કૌરના કારણે અભિષેક અને ઐશ્વર્યા રાયના લગ્ન જીવનમાં અણબનાવ શરૂ થયા છે. આ બધા વચ્ચે લગ્નને લઈને નિમરતનું એક જૂનું નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે.

'દસવી'ના પ્રમોશન માટે મીડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં અભિષેક બચ્ચને કહ્યું હતું કે તેના લગ્નને તાજેતરમાં 15 વર્ષ પૂરા થયા છે અને આ બોલ્યા પછી અભિષેક અને એન્કરે કહ્યું 'ટચવુડ'. આ સાંભળીને નિમરત એવી કોમેન્ટ કરે છે કે અભિષેક પણ આશ્ચર્યચકિત થઈ જાય છે. નિમરત કૌરે કહ્યું કે 'લગ્ન લાંબો સમય ટકતા નથી,' તે કહે છે અને હસે છે. જુનિયર બચ્ચન તેને 'થેન્ક યુ' કહે છે અને બંને હસવા લાગે છે.દરમિયાન અભિષેક બચ્ચને નિમરત કૌરની સામે તેની પત્ની ઐશ્વર્યાના વખાણ કર્યા હતા. અભિષેકે કહ્યું હતું કે, 'મારી પત્ની આ મામલે એક્સ્ટ્રા ઓર્ડિનરી છે. તેનો હંમેશા મારા માટે સપોર્ટ રહ્યો છે. હું ખૂબ નસીબદાર રહ્યો છું, મારો



આખો પરિવાર નસીબદાર રહ્યો છે. ઐશ્વર્યા જેવી લાઈફ પાર્ટનર મેળવવાની સૌથી સારી વાત એ છે કે તે એક જ બિઝનેસમાંથી છે. તે સમજી ગઈ છે, તે આ કામ મારા કરતા થોડા વહેલા કરી રહી છે. તેથી તે વિશ્વને જાણે છે. તેણે આ બધું સહન કર્યું છે. આ દરમિયાન અભિષેકની વાત સાંભળીને નિમરત કૌર હસતી જોવા મળી હતી.

તમને જણાવી દઈએ કે અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાયના લગ્નને એક દાયકાથી વધુ સમય થઈ ગયો છે.

# CID ફરી શરૂ થઈ રહ્યો છે?:6 વર્ષ પછી શોની પહેલી ઝલક જોવા મળી, ચાહકો થયા દીવાના

(એજન્સી) મુંબઈ | તા.25

ટેલિવિઝન પર પ્રેક્ષકોના મનપસંદ શોમાંના એક CID વિશે સારા સમાચાર છે. ફરી એકવાર આ શો ટીવી પર દસ્તક આપવા આવી રહ્યો છે. હવે આ શોની પહેલી ઝલક રિલીઝ કરવામાં આવી છે જેમાં શિવાજી સાટમ એસીપી પ્રદ્યુમનના રોલમાં પોતાની ભવ્યતામાં જોવા મળી રહ્યા છે. તે જ સમયે, ઈન્સ્પેક્ટર દયાની આકર્ષક ઝલક પણ જોવા મળે છે.

આ પ્રથમ ઝલકની સાથે જ શોના પ્રોમો વિશે પણ માહિતી શેર કરવામાં આવી છે. તેનો પ્રોમો 26 ઓક્ટોબરે રીલિઝ થવાનો છે. આ ઝલકથી લોકોના ઉત્સાહમાં ઘણો વધારો થયો છે.

ચાહકો કહ્યું- અમને આશા નહોતી કે આ શો આવશે હવે ચાહકો તેમના મનપસંદ શોની વાપસીને લઈને સોશિયલ મીડિયા પર ઉત્સાહિત છે. લોકો કહે છે - મારા બાળપણનો ઓલ ટાઈમ ફેવરિટ શો. ઘણા લોકોએ કહ્યું છે - સુપર ડુપર એક્સાઈટેડ. બીજાએ કહ્યું- ઓહ તે શું હતું, શું થયું, કેવી રીતે થયું, કેમ થયું? ઘણા લોકોએ કહ્યું - વાહ, અમે આ શોની રાહ જોઈ રહ્યા હતા, પરંતુ અમને આશા નહોતી કે આ શો આવશે. કેટલાક ચાહકોએ કહ્યું છે કે - તેની બ્લોકબસ્ટર ટીઆરપી હશે.

આ શોમાં શિવાજી સાટમ ફરીથી પોતાના પાત્રમાં જોવા મળશે નોંધનીય છે કે, વર્ષ 1998માં શરૂ થયેલો આ શો ટેલિવિઝન જગતના સફળ શોમાંથી એક રહ્યો છે. 21 વર્ષ સુધી સફળતાપૂર્વક ચાલતો આ શો 27 ઓક્ટોબર, 2018ના રોજ પૂરો થયો. હવે લાંબા અંતર બાદ ફરી એકવાર શો શરૂ થવા જઈ રહ્યો છે. આ શોમાં શિવાજી સાટમ ફરી એકવાર ટીવી પર તેના પાત્રને જીવંત કરતા જોવા મળશે. દયાનંદ શેટ્ટી એટલે કે ઈન્સ્પેક્ટર દયા પણ જોવા મળશે.



આ નવા શોમાં કયા જૂના પાત્રો હશે તે તો પ્રોમોથી જ ખબર પડશે.

ઈન્સ્પેક્ટર ફ્રેડરિકની ભૂમિકા ભજવનાર દિનેશ ફડનીસને ચાહકો મિસ કરશે. નોંધનીય કે શોમાં ઈન્સ્પેક્ટર ફ્રેડરિકની ભૂમિકા ભજવનાર દિનેશ ફડનીસ હવે નથી રહ્યા. ખરાબ તબિયતના કારણે ગયા વર્ષે તેમનું અવસાન થયું હતું. વાસ્તવમાં, હાર્ટ એટેક પછી દિનેશને કેટલાક દિવસો માટે મુંબઈની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ તેમના મૃત્યુના સમાચાર આવ્યા હતા.

# ...અમિતાભ-અભિષેકે 10 ફ્લેટ્સ ખરીદ્યા

## પિતા-પુત્રની જોડીએ દિવાળી પર સોનામાં નહીં પ્રોપર્ટીમાં કર્યું રોકાણ!

(એજન્સી) મુંબઈ | તા.25



સદીના મહાનાયક અમિતાભ બચ્ચન અને તેમનો પુત્ર અભિષેક બચ્ચને હાલમાં રિયલ એસ્ટેટમાં મોટું રોકાણ કર્યું છે. પિતા-પુત્રની જોડીએ મળીને મુંબઈમાં એક-બે નહીં, પરંતુ 10 ફ્લેટ્સ ખરીદ્યા છે. બચ્ચન પરિવારની આ લક્ઝરી પ્રોપર્ટી ઓબેરોય રિયાલિટી પ્રોજેક્ટમાં હતી, જેમાં 3 BHK અને 4 BHK એપાર્ટમેન્ટ્સ છે. પ્રોપર્ટી કુલ કાર્પેટ એરિયા 10,216 ચોરસ ફૂટ છે.

પ્રોપર્ટીની કિંમત કરોડોમાં છે હાલમાં અભિષેક બચ્ચન તેની પત્ની અને એક્ટ્રેસ ઐશ્વર્યા રાય સાથે છૂટાછેડાના સમાચારને કારણે ચર્ચામાં છે. એવામાં અભિષેકે તેના પિતા સાથે મુંબઈના મુલુંડ વિસ્તારમાં નવી લક્ઝરી પ્રોપર્ટી ખરીદી છે. આ પ્રોપર્ટીની કિંમત 24.95 કરોડ રૂપિયા છે. આ ખરીદી બાદ બચ્ચન પરિવારની કુલ સંપત્તિ અને સંપત્તિની યાદીમાં વધારો થયો છે.

બચ્ચન પરિવારે 10 એપાર્ટમેન્ટ ખરીદ્યા છે. તેમાંથી 8 મિલકતો 1,049 ચોરસ ફૂટ (ચોરસ ફૂટ) વિસ્તારની છે. જ્યારે, બાકીના બે પ્રોજેક્ટ 912 ચોરસ ફૂટમાં છે. 6 પ્રોપર્ટી અભિષેક બચ્ચને ખરીદી તેમાંથી 6 પ્રોપર્ટી અભિષેક બચ્ચને ખરીદી છે, જેની કિંમત 14.77 કરોડ રૂપિયા છે અને બાકીની 4 અમિતાભ બચ્ચને ખરીદી છે, જેની કિંમત 10.18 કરોડ રૂપિયા છે. કહેવામાં આવી રહ્યું છે કે અમિતાભ-અભિષેકે 1.50 કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી પણ ચૂકવી છે.

અમિતાભ બચ્ચનનું વર્ક ફ્રન્ટ અમિતાભ બચ્ચનના વર્ક ફ્રન્ટ વિશે વાત કરવામાં આવે તો બિગ બી 'કલ્કી 2898 AD' પછી 'વેટ્ટાઈયાં'માં જોવા મળ્યા હતા. આ ફિલ્મમાં તેની સાથે સાઉથના સુપરસ્ટાર રજનીકાંત પણ લીડ રોલમાં હતા. જોકે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી ન હતી. હવે તે 'આંખ મિચોલી ૨' ફિલ્મમાં જોવા મળશે. આ સાથે બિગ બી ટીવી પર 'કૌન બનેગા કરોડપતિ' પણ હોસ્ટ કરી રહ્યા છે.

# કાર્તિક આર્યન શાહરુખ ખાનનો ફેન હતો...!

## જ્યારે પહેલીવાર મુંબઈ આવ્યો હતો, ત્યારે મન્નતની બહાર ભીડમાં એક ઝલક માટે ઊભો રહેતો



(એજન્સી) મુંબઈ | તા.25

આ દિવસોમાં, કાર્તિક આર્યન, જે તેની આગામી ફિલ્મ 'ભૂલ ભુલૈયા 3' માટે ચર્ચામાં છે, તેણે કહ્યું કે તે શાહરુખ ખાનનો ઘણો મોટો ફેન હતો. જ્યારે તે પહેલીવાર મુંબઈ આવ્યો ત્યારે શાહરુખ ખાનની એક ઝલક મેળવવા માટે કલાકો સુધી મન્નતની બહાર ઊભો રહેતો હતો.

હાલમાં જ બોલિવૂડ હંગામાને આપેલા એક ઈન્ટરવ્યૂમાં કાર્તિક આર્યનએ કહ્યું હતું કે, તે સેલ્ફી આપીને શક્ય તેટલા ફેન્સને ખુશ કરવાનો પ્રયાસ કરે છે. એક્ટરે કહ્યું છે કે, એક સમયે તે પણ ઘણા સ્ટાર્સનો ફેન હતો અને તેમની સાથે મળવા અને સેલ્ફી લેવા માટે ઉત્સુક હતો. આવી સ્થિતિમાં તે સમજી શકે છે કે ફેન્સને મળવું કેટલું જરૂરી છે.

વાતચીત દરમિયાન જ્યારે કાર્તિકને પૂછવામાં આવ્યું કે તે કોનો ફેન છે તો તેણે જવાબમાં શાહરુખ ખાનનું નામ લીધું. કાર્તિકે કહ્યું, હું શાહરુખ ખાનનો ઘણો મોટો ફેન રહ્યો છું. ત્યારે હું તેમને મળ્યો ન હતો, હું મન્નતની સામે ઊભો રહ્યો હતો.જ્યારે હું અહીં (મુંબઈ) પહેલીવાર આવ્યો હતો, ત્યારે હું બેન્ડસ્ટેન્ડ પર ગયો હતો. રવિવારે ઘણા લોકો તેને જોવા આવે છે.

કાર્તિક આર્યને વાતચીત દરમિયાન એ પણ જણાવ્યું કે, શાહરુખ ખાન એ પહેલો સેલિબ્રિટી છે જેને તેણે પહેલીવાર જોયો. શાહરુખ ખાન દર રવિવારે તેના ઘરેથી નીકળતો હતો, તેથી કાર્તિકે તેને તેની કારમાં પસાર થતો જોયો હતો. કાર્તિક આર્યન એ પણ કહ્યું છે કે એકવાર ફિલ્મની સ્ટાર કાસ્ટ 'ચક દે ઈન્ડિયા'ના પ્રમોશન માટે મુંબઈ મેરેથોન પહોંચી હતી. આવી સ્થિતિમાં કાર્તિકે ફિલ્મની એક્ટ્રેસ સાગરિકા સાથે સેલ્ફી ક્લિક કરાવી. નોંધનીય છે કે, કાર્તિક આર્યનની ફિલ્મ 'ભૂલ ભુલૈયા 3' 1 નવેમ્બરે રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મમાં તેની સાથે તૃપ્તિ ડિમરી લીડ રોલમાં છે. આ ફિલ્મની બોક્સ ઓફિસ ટક્કર રોહિત શેટ્ટીની મલ્ટી સ્ટારર ફિલ્મ 'સિંઘમ અગેઈન' સાથે થવાની છે.

# રણવીર અને દીપિકાએ પોણા પાંચ કરોડની કાર ખરીદી...





મુંબઈ : રણવીર સિંહ અને દીપિકાએ ૪.૭૪ કરોડની નવી કાર ખરીદી છે. દીકરીના જન્મની ખુશાલીમાં તેમણે આ કાર ખરીદી હોવાનું મનાય છે. રણવીરના કાફલામાં આ ચોથી કાર છે . અભિનેતા ૬૯૬૯ નંબરને લકી માનતો હોવાથી પોતાની અગાઉની ત્રણ કારની જેમ જ આ કારનો નંબર પણ ૬૯૬૯ રાખ્યો છે. રણવીરની ગ્રીન રંગની રેન્જ રોવર ૪.૪ એલડબલ્યૂબીનાફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ કારનું રજિસ્ટ્રેશન ગઈ તા. ચોથી ઓક્ટોબરે કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ગઈ તા. આઠમી સપ્ટેમ્બરે દીપિકા એક બાળકીની માતા બની હતી.

# ભારતીય મહિલા ટીમે પહેલી વન-ડે 59 રને જીતી

## ન્યૂઝીલેન્ડ સામેની સિરીઝમાં 1-0ની લીડ લીધી

(એજન્સી) અમદાવાદ તા 25

ભારતીય મહિલા ટીમે ત્રણ મેચની વન-ડે સિરીઝની પ્રથમ મેચમાં ન્યૂઝીલેન્ડને 59 રને હરાવ્યું હતું. ગુરુવારે સ્મૃતિ મંધાનાએ હરમનપ્રીત કૌરની ગેરહાજરીમાં ભારતીય ટીમની કમાન સંભાળી હતી. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારતીય ટીમ 44.3 ઓવરમાં 227 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. 228 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની ટીમ 40.4 ઓવરમાં 168 રનમાં સમેટાઈ ગઈ હતી. ભારતે 3 દીપ્તિ શર્માએ 41 રન બનાવ્યા અને 1 વિકેટ લીધી. તેને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરી હતી.

મહિલા T20 વર્લ્ડ કપ પછી બંને ટીમ વચ્ચે કોઈપણ ફોર્મેટની આ પ્રથમ મેચ હતી. ન્યૂઝીલેન્ડે આ મહિને રમાયેલી ફાઈનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને ટાઇટલ જીત્યું હતું.



**તેજલે સૌથી વધુ 42 રન બનાવ્યા :** ભારત તરફથી તેજલ હસબનિસે સૌથી વધુ 42 રન બનાવ્યા હતા. તેણે આ ઈનિંગ 64 બોલમાં 3 ફોરની મદદથી રમી હતી. આ સિવાય દીપ્તિ શર્માએ 51 બોલમાં 41 રન, યાશિકા ભાટિયાએ 33 બોલમાં 37 રન, જેમિમાહ રોડ્રિગ્સે 36 બોલમાં 35 રન બનાવ્યા હતા. ન્યૂઝીલેન્ડની એમેલિયા કેરે 4 મહત્વની વિકેટ લીધી હતી.

**રાધા યાદવે 3 વિકેટ લીધી :** ટાર્ગેટને ચેઝ કરતી વખતે ન્યૂઝીલેન્ડે બીજી ઓવરમાં જ પ્રથમ વિકેટ ગુમાવી દીધી હતી. સુઝી બેટ્સ 4 બોલમાં 1 રન બનાવી સાયમા ઠાકોરનો શિકાર બની હતી. ન્યૂઝીલેન્ડ માટે બ્રુક હેલીડેએ 54 બોલમાં સૌથી વધુ 39 રન બનાવ્યા હતા. તે જ સમયે, મેડી ગ્રીન 32 બોલમાં 32 રન બનાવીને આઉટ થયો હતો. ભારત તરફથી રાધા યાદવે 3 અને સાયમા ઠાકોરે 2 વિકેટ ઝડપી હતી. આ સિવાય દીપ્તિ શર્મા અને અરુંધતિ રેડ્ડીએ 1-1 વિકેટ લીધી હતી. ત્રણ બેટર્સ રન આઉટ થયા હતા.

## ટીમ ઈન્ડિયાએ છેલ્લી મેચ 5-3થી જીતી, કેપ્ટન હરમનપ્રીતે 2 ગોલ કર્યા

# ભારતીય હોકી ટીમ શૂટઆઉટમાં જર્મની સામે સિરીઝ હારી ગઈ

(એજન્સી) નવી દિલ્હી તા 25

ભારતીય હોકી ટીમ વિશ્વ ચેમ્પિયન જર્મની સામે માત્ર 2 મેચથી સિરીઝ હારી ગઈ છે. વિજેતાનો નિર્ણય શૂટઆઉટથી કર્યો હતો. જેમાં ભારતનો 1-3થી પરાજય થયો હતો. ગુરુવારે ભારતે કેપ્ટન હરમનપ્રીત સિંહ અને સુખજીત સિંહના 2-2 ગોલને કારણે બીજી મેચ 5-3થી જીતી લીધી હતી. ટીમ ઈન્ડિયાની આ જીત સાથે સિરીઝ 1-1થી બરાબર થઈ ગઈ હતી, કારણ કે જર્મનીએ પહેલી મેચ 2-0થી જીતી લીધી હતી.

મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતેની બીજી ટેસ્ટમાં, જર્મની માટે એલિયન મજકૂરે બે ગોલ (7મી અને 57મી મિનિટમાં) અને હેનરિક મર્ટજેન્સે 60મી મિનિટે એક ગોલ કર્યો. તે જ સમયે, ભારતીય ટીમ માટે બીજા હાફમાં સુખજીત સિંહ (34મી અને 48મી મિનિટ), કેપ્ટન હરમનપ્રીત સિંહ (42મી અને 43મી) અને અભિષેક (45મી મિનિટ) એ ગોલ કર્યા હતા. હરમનપ્રીતે એક મિનિટમાં 2 પેનલ્ટી કોર્નરને ફેરવીને ભારતને લીડ અપાવી હતી. ભારત તરફથી સુખજીતે 34મી મિનિટે અને અભિષેકે ચોથો ગોલ કર્યો હતો.હરમનપ્રીતે એક મિનિટમાં બે ગોલ કર્યા.



**શૂટઆઉટમાં ભારત માત્ર એક જ ગોલ કરી શક્યું**

સિરિઝ નક્કી કરવા માટેના શૂટઆઉટમાં, ભારતીય ખેલાડીઓ 5 પ્રયાસોમાં માત્ર એક ગોલ કરી શક્યા, જ્યારે જર્મનોએ 3 ગોલ કર્યા. ભારત તરફથી ડેબ્યૂ કરી રહેલા આદિત્ય અર્જુન લાલગેએ ગોલ કર્યો હતો જ્યારે હરમનપ્રીત, અભિષેક, મોહમ્મદ રાહીલ નિષ્ફળ રહ્યા હતા. ગોલકીપર કૃષ્ણ બહાદુર પાઠકે 2 ગોલ બચાવ્યા, પરંતુ ટીમની હાર રોકી શક્યો નહીં.

### ગોલ સેલિબ્રેટ કરતા સુખજીત સિંહ

ભારતીયો પ્રથમ ક્વાર્ટરમાં જર્મન ડિફેન્સને ભેદી શક્યા ન હતા ભારતે મેચની શરૂઆત આક્રમક રીતે કરી હતી. ટીમે શરૂઆતની મિનિટોમાં ઘણી તકો સર્જી હતી, પરંતુ જર્મન ડિફેન્સને ભેદી શકી નહોતી. આ સાથે જ જર્મનીના એલિયાને 7મી મિનિટે ગોલ કરીને પોતાની ટીમને લીડ પર પહોંચાડી હતી.

### હાફ ટાઇમ સુધી ભારત 0-1થી પાછળ

થોડીવાર પછી ભારતને પેનલ્ટી કોર્નર મળ્યો. જેના પર ભારતે વિવિધતાનો પ્રયાસ કર્યો અને પોતાની 200મી મેચ રમી રહેલા અમિત રોહિદાસે હરમનપ્રીતને બોલ સોંપ્યો, પરંતુ તેનો શોટ જર્મન ગોલકીપરે બચાવી લીધો. જર્મનીના વળતા હુમલામાં ભારત પેનલ્ટી કોર્નર મેળવવામાં નિષ્ફળ રહ્યું હતું. ભારતને વધુ બે પેનલ્ટી કોર્નર મળ્યા, પરંતુ ગોલ કરી શક્યો નહીં.

# ભૂતપૂર્વ મહિલા હોકી કેપ્ટન રાની રામપાલે નિવૃત્તિ લીધી : 254 મેચમાં 205 ગોલ કર્યા

(એજન્સી) દિલ્હી તા 25

ભારતીય મહિલા હોકી ટીમની પૂર્વ કેપ્ટન રાની રામપાલે ગુરુવારે નિવૃત્તિની જાહેરાત કરી હતી. આ સાથે તેના હોકીમાં 16 વર્ષ પૂરા થયા છે. 14 વર્ષની ઉંમરે 2008માં ઓલિમ્પિક ક્વોલિફાયરમાં ડેબ્યૂ કરનાર રાનીએ ભારત માટે 254 મેચમાં 205 ગોલ કર્યા હતા. રાની હરિયાણાની રહેવાસી છે. રાનીએ પત્રકાર પરિષદમાં પત્રકારોને કહ્યું, 'તે એક અદ્ભુત યાત્રા રહી છે. મેં ક્યારેય વિચાર્યું ન હતું કે હું ભારત માટે આટલો લાંબો સમય રમીશ.



નાનપણથી જ મેં ઘણી ગરીબી જોઈ છે પરંતુ મારું ધ્યાન હંમેશા દેશનું પ્રતિનિધિત્વ કરવા પર હતું.'

રાનીએ માત્ર 14 વર્ષની ઉંમરે ભારત માટે ડેબ્યૂ કર્યું હતું. રાનીની આગેવાનીમાં ભારતીય ટીમ ટોકિયોમાં ચોથા સ્થાને રહી હતી રાનીની આગેવાની હેઠળ, ભારતીય મહિલા હોકી ટીમે ટોકિયો ઓલિમ્પિક 2020માં ઐતિહાસિક ચોથું સ્થાન હાંસલ કર્યું હતું, જે ટીમની અત્યાર સુધીની સર્વોચ્ચ ઓલિમ્પિક રેન્કિંગ છે. આ ઉપરાંત, તેણે ઘણી મોટી જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, જેમાં 2017 મહિલા એશિયન કપમાં સિલ્વર મેડલ અને 2018 એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલનો સમાવેશ થાય છે.

### રાનીને ઘણા પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવી

રાનીને 2016માં અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. 2020માં, તેને ભારતના સર્વોચ્ચ રમત સન્માન મેજર ધ્યાનચંદ ખેલ રત્ન અને ચોથા ક્રમનું ભારતીય રાષ્ટ્રીય સન્માન પદ્મશ્રી મળ્યું. રાનીને 2010 મહિલા હોકી વર્લ્ડ કપમાં ટુર્નામેન્ટની શ્રેષ્ઠ યુવા ખેલાડી અને 2013 જુનિયર વર્લ્ડ કપમાં પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે પસંદ કરવામાં આવી હતી.

**ગયા વર્ષે તેને જુનિયર મહિલા ટીમનો કોચ બનાવવામાં આવી :** રાની રામપાલને એક વર્ષ પહેલાં મહિલા ટીમના કોચ તરીકે નિયુક્ત કરવામાં આવી હતી. ત્યારથી એવું માનવામાં આવે છે કે તેનું ટીમમાં પરત ફરવું મુશ્કેલ છે. હોકી ઈન્ડિયાની વુમન્સ લીગમાં, સુરમા ક્લબે તેને મેન્ટર અને હોકી કોચ તરીકે પસંદ કરી છે.

# રાફિન્હાની હેટ્રિકના જોરે બાર્સેલોનાએ બાયર્ન મ્યૂનિચને 4-1થી હરાવ્યું

ચેમ્પિયન્સ લીગ ફૂટબોલની અત્યંત મહત્વપૂર્ણ મેચમાં બાર્સેલોનાએ બાયર્ન મ્યૂનિચને 4-1થી પરાજય આપ્યો હતો. મેચમાં રાફિન્હાએ ગોલની હેટ્રિક તથા રોબર્ટ લેવાન્ડોવસ્કીએ ગોલ નોંધાવ્યા હતા. પાંચ વખતની ચેમ્પિયન બાર્સેલોનાએ પ્રથમ મિનિટે ગોલ કરીને લીડ મેળવી હતી. તેની સામે ઈંગ્લેન્ડના હેરી કેને ગોલ કરીને છ વખતની ચેમ્પિયન મ્યૂનિચ માટે સ્કોર 1-1થી સરભર કરી દીધો હતો. લીગમાં મ્યૂનિચનો ત્રીજો પરાજય થયો છે. લીગની અન્ય મેચમાં લીવરપૂલે આરબી લિપઝિગને 1-0થી પરાજય આપવામાં સફળતા મેળવી હતી. લિલી ક્લબે એટલેટિકો મેડ્રિડ સામે 3-1થી વિજય મેળવ્યો હતો. બાયર લેવરકુસેને બ્રેસ્ટ ક્લબ સામેની મેચ 1-1થી ડ્રો કરી હતી. ઈન્ટર મિલાને અંતિમ મિનિટોમાં નોંધાયેલા ગોલ વડે યંગ બોય્ઝ હતો. એટ્લાન્ટા અને કેટલિક વચ્ચેની મેચ 0-0થી ડ્રો રહી હતી. ડાયનેમો ઝેગરેબે સાલ્ઝબર્ગ સામે 2-0થી વિજય મેળવ્યો હતો.

# ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝે ગ્લોબલ T20 લીગ શરૂ કરી

## પાકિસ્તાન, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની ટીમ પણ રમશે

(એજન્સી) ગાયના તા 25

ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝ નવી T-20 લીગ શરૂ કરવા જઈ રહ્યું છે. ગ્લોબલ સુપર લીગ નામની આ ટુર્નામેન્ટમાં વિવિધ દેશોની પાંચ ટીમ ભાગ લેશે. તે ગયાનામાં 26 નવેમ્બરથી 7 ડિસેમ્બર દરમિયાન યોજાશે. ચેમ્પિયન્સ લીગની તર્જ પર શરૂ થઈ રહેલી આ ટુર્નામેન્ટમાં ગયાના એમેઝોન વોરિયર્સ (CPL), લાહોર કલંદર્સ (PSL), હેમ્પશાયર હોક્સ (T20 બ્લાસ્ટ), રંગપુર રાઈડર્સ (BPL) અને વિક્ટોરિયા (ઓસ્ટ્રેલિયા સ્ટેટ ટીમ) સામેલ છે. પ્રથમ મેચ 26 નવેમ્બરે કેરેબિયન પ્રીમિયર લીગની ટીમ ગયાના એમેઝોન વોરિયર્સ અને પાકિસ્તાન સુપર લીગની ટીમ લાહોર કલંદર્સ વચ્ચે રમાશે.



ટોચની 2 ટીમ વચ્ચે ફાઈનલ રમાશે આ લીગની પ્રથમ સિઝનમાં ESPNના રિપોર્ટ અનુસાર, 5 ટીમ એકબીજા સાથે સ્પર્ધા કરશે એટલે કે ટીમ ગ્રૂપ સ્ટેજમાં 4-4 મેચ રમશે. ટોચની 2 ટીમ વચ્ચે ફાઈનલ રમાશે. જેમાં ટુર્નામેન્ટમાં 11 દિવસમાં કુલ 11 મેચ રમાશે. ફાઈનલ મેચ 7 ડિસેમ્બરે રમાશે. મોટા ખેલાડીઓ માટે રમવું મુશ્કેલ ગ્લોબલ લીગ એવા સમયે શરૂ થઈ રહી છે જ્યારે ઘણા દેશો આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં દ્વિપક્ષીય શ્રેણી રમી રહ્યા છે.

દરમિયાન, T10 લીગ સિઝન પણ અબુ ધાબીમાં 21 નવેમ્બરથી 2 ડિસેમ્બર સુધી રમાવવાની છે. આવી સ્થિતિમાં, ઘણા મોટા નામ ગ્લોબલ સુપર લીગની પ્રથમ સિઝનમાં પોતપોતાની ટીમ સાથે રમતા જોવા નહીં મળે. વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓ પણ આમાં સામેલ છે કારણ કે વેસ્ટ ઈન્ડિઝની ટીમે બાંગ્લાદેશ સામે 22 નવેમ્બરથી ઘરઆંગણે 2 મેચની ટેસ્ટ, 3 મેચની વન-ડે અને એટલી જ મેચની T20 શ્રેણી રમવાની છે.

# સાઉથ આફ્રિકા 7 વિકેટે જીત્યું

(એજન્સી) મીરપુર તા 25

સાઉથ આફ્રિકાએ મીરપુર ટેસ્ટમાં બાંગ્લાદેશને 7 વિકેટે હરાવ્યું છે. ગુરુવારે મેચના ચોથા દિવસે ટીમે પ્રથમ સેશનમાં 3 વિકેટ ગુમાવીને 106 રનનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો. બાંગ્લાદેશ બીજી ઈનિંગમાં 307 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. શેર-એ-બાંગ્લા નેશનલ સ્ટેડિયમમાં ટૉસ જીતીને બેટિંગ કરવા ઉતરેલી બાંગ્લાદેશની ટીમ 106 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ત્યારબાદ સાઉથ આફ્રિકાએ 308 રન બનાવ્યા અને 202 રનની લીડ લીધી. કાયલ વર્ન પ્લેયર ઓફ ધ મેચ રહ્યો હતો. તેણે પ્રથમ દાવમાં 114 રન બનાવ્યા હતા. કાગિસો રબાડાએ મેચમાં કુલ 9 વિકેટ લીધી હતી. બાંગ્લાદેશે 106 રનનો ટાર્ગેટ આપ્યો હતો બાંગ્લાદેશે સાઉથ આફ્રિકાને 106



રનનો ટાર્ગેટ આપ્યો હતો. ટીમે મેચના ચોથા દિવસે 283 રનથી રમવાનું શરૂ કર્યું અને 307 રન પર સમેટાઈ ગઈ. મેહદી હસન મિરાજે 97 રનની ઈનિંગ રમી હતી. ઝાકિર હસને 58 રન બનાવ્યા હતા.

ગુરુવારે દક્ષિણ આફ્રિકા તરફથી કાગિસો રબાડાએ 6 વિકેટ ઝડપી હતી. જ્યારે કેશવ મહારાજને 3 વિકેટ મળી હતી. મીરપુર ટેસ્ટના ત્રીજા દિવસે બાંગ્લાદેશે બીજા દાવમાં 81 રનની લીડ મેળવી લીધી છે. ટીમે બુધવારે તેના ગઈકાલના 101 રનના સ્કોરથી આગળ રમવાનું શરૂ કર્યું હતું. ઓલરાઉન્ડર મેહદી હસન મિરાજની ફિફ્ટીને કારણે બાંગ્લાદેશે 7 વિકેટ ગુમાવીને 283 રન બનાવી લીધા છે. ખરાબ પ્રકાશને કારણે ત્રીજા દિવસે સ્ટમ્પ મોકૂફ રાખવામાં આવ્યા હતા.

# સરફરાઝ ખાને બોલ પકડ્યા વગર અપાવી વિકેટ

(એજન્સી) પૂર્ણે તા 25

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે બીજી ટેસ્ટ પુણેમાં રમાઈ રહી છે. આ ટેસ્ટમાં સરફરાઝ ખાનના લીધે ટીમ ઈન્ડિયાને બીજી વિકેટ મળી હતી. સરફરાઝે બોલને પકડ્યા વિના પણ ભારતને મોટી સફળતા અપાવી હતી. આ વિકેટ અશ્વિનના ખાતામાં ગઈ પરંતુ સરફરાઝ ખાનની સમજદારી વિના તે હાંસલ કરવું શક્ય નહોતું. સરફરાઝના કારણે અશ્વિન અને ટીમ ઈન્ડિયાને જે વિકેટ મળી તે ન્યૂઝીલેન્ડના બેટ્સમેન વિલ યંગની હતી. આ વિકેટ સાથે ન્યૂઝીલેન્ડને પુણે ટેસ્ટના પ્રથમ દાવમાં બીજો ઝટકો પણ લાગ્યો છે. સરફરાઝે કેવી રીતે બોલ કેચ કર્યા વિના ભારતને વિકેટ અપાવી તે ઈનિંગની 24મી ઓવરમાં જોવા મળ્યું હતું. અશ્વિનની આ ઓવરનો છેલ્લો



બોલ તેની લાઈનથી થોડો ભટકી ગયો હતો. મિડલ સ્ટમ્પ પર અથડાયા બાદ બોલ લેગ સાઈડ તરફ ગયો. વિલ યંગે તેના પર ફ્લિક શોટ રમવાનો પ્રયાસ કર્યો પરંતુ તે ચૂકી ગયો. યંગે અપીલ કરતાની સાથે જ ભારતીય ખેલાડીઓએ જોરદાર અપીલ કરી હતી, જેની અમ્પાયર પર કોઈ અસર થઈ ન હતી. અમ્પાયરના ઈનકાર બાદ ફોરવર્ડ શોર્ટ લેગ પર ઉભેલા સરફરાઝ ખાને કેપ્ટન રોહિત શર્માને DRS લેવા કહ્યું. સરફરાઝ જે રીતે રોહિત સમક્ષ પોતાના મંતવ્યો રજૂ કરી રહ્યો.

# ભારત-ન્યુઝીલેન્ડ મેચમાં પાણી માટે તરસ્યા લોકો, બોટલનો ભાવ સાંભળીને ઉડશે હોશ!

(એજન્સી) પૂર્ણે તા 25

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે પુણેમાં સિરિઝની બીજી ટેસ્ટ મેચ રમાઈ રહી છે. ભારતીય બોલરોએ MCA ક્રિકેટ સ્ટેડિયમમાં પોતાના પ્રદર્શનથી પ્રશંસકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા, પરંતુ સ્ટેડિયમમાં પાણીની અછતએ બધાને પરેશાન કર્યા હતા. ગ્રાઉન્ડમાં ચાહકો પાણીના દરેક ટીપા માટે તડપતા જોવા મળ્યા હતા. નારાજ ચાહકોએ સોશિયલ મીડિયા પર MCA સ્ટેડિયમની વ્યવસ્થા પર સવાલ ઉઠાવ્યા હતા. કેટલાક ચાહકોએ તસવીરો પણ શેર કરી હતી, જેમાં લોકોની ભીડ પાણીની રાહ જોતી ઉભી જોવા મળી હતી. એક ટ્વિટ અનુસાર, વિક્રેતાઓ જમીન પર 80 રૂપિયામાં 100 મિલી પાણીની બોટલ વેચતા જોવા મળ્યા હતા. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે પુણેમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચનો



પ્રથમ દિવસ ટીમ ઈન્ડિયાના નામે રહ્યો હતો. રોહિતની પલટનને ચીયર કરવા આવેલા ચાહકોને પાણીની તંગીનો સામનો કરવો પડ્યો હતો.

ચાહકોએ ટ્વીટ કર્યું કે MCA ક્રિકેટ સ્ટેડિયમમાં લગભગ 2 કલાક સુધી પાણીનો પુરવઠો નહોતો, જેના કારણે સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ગઈ. કાળઝાળ ગરમીમાં પાણીના અભાવે ચાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. એક પ્રશંસકે ટ્વિટ કર્યું, "પુણેના MCA સ્ટેડિયમમાં પાણી નથી. આ સ્થિતિ ઓક્ટોબર મહિનામાં પણ છે, જ્યારે ગરમીનું મોજું ચાલુ રહે છે. ચાહકોને પાયાની સુવિધાઓ મળતી ન હોય ત્યારે સ્ટેડિયમ સુધારવાનો શો અર્થ? શરમજનક."

# અમારી ભાભી કેવી..." ફેન્સે લીધી શુભમનની મજા

(એજન્સી) પૂર્ણે તા 25

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ટેસ્ટ સીરીઝની બીજી મેચ પુણેમાં રમાઈ રહી છે. ગુરુવારે ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ સત્રની રમત સમાપ્ત થઈ ગઈ છે અને ન્યુઝીલેન્ડે 259 રને ઓલઆઉટ થઈ ગઈ છે. આ દરમિયાન મેદાન પર ઘણી રસપ્રદ વસ્તુઓ જોવા મળી હતી. પુણે સ્ટેડિયમમાં હાજર ફેન્સે શુભમન ગિલનો આનંદ માણ્યો અને ભરચક મેદાનમાં જ સારા તેંડુલકરના નારા લગાવવા લાગ્યા. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. અમારી ભાભી કેવી હોવી જોઈએ... ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ટેસ્ટ સીરીઝની બીજી મેચ આજથી જ શરૂ થઈ ગઈ છે. પહેલા દિવસના પહેલા સેશનથી જ સ્ટેડિયમમાં હાજર દર્શકોએ સારાના નામનો જાપ શરૂ કરી દીધો હતો. વીડિયોમાં તમે જોઈ શકો છો કે ભીડ "અમારી ભાભી કેવી હોય, સારા જેવી હોય"ના નારા લગાવી રહી છે. સોશિયલ મીડિયા પર પણ આ અંગે ઘણી પ્રતિક્રિયાઓ આવી હતી. ફેન્સે આપી પ્રતિક્રિયા એક યુઝરે ટ્વીટ કર્યું કે શુભમન ગિલ ઈજામાંથી પરત આવ્યા બાદ સારું પ્રદર્શન કરવાનું વિચારી રહ્યો હશે પરંતુ પૂણેની ભીડ 'અમારી ભાભી કેવી હોવી જોઈએ, સારા જેવી હોવી જોઈએ' અમારી ભાભી કેવી હોવી જોઈએ? સારા ભાભી જેવી હોવી જોઈએ!! અન્ય એક યુઝરે લખ્યું છે કે ભાઈ, ગ્રાઉન્ડમાં લોકો સારા ભાભીની બૂમો પાડી રહ્યા છે. આપણી ભાભી કેવી હોવી જોઈએ, "સારા ભાભી જેવી હોવી જોઈએ." સારા અને ગિલ સોશિયલ મીડિયા પર એકબીજાને નથી કરતા ફોલો ભારતીય ક્રિકેટ ટીમના યુવા ક્રિકેટર શુભમન ગિલ અને ક્રિકેટના ભગવાન સચિન તેંડુલકરની પ્રિય સારા તેંડુલકરનું નામ ઘણીવાર એકબીજા સાથે જોડાયેલા હોય છે. તેમની સોશિયલ મીડિયા પોસ્ટના કોમેન્ટ બોક્સમાં પણ એકબીજાનો ઉલ્લેખ કરવામાં આવે છે. શુભમનના ફેન્સ હંમેશા સારાને કોમેન્ટ બોક્સમાં સારા ભાભી કહીને બોલાવે છે.

# અશ્વિને રચ્યો ઈતિહાસ, વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં હાંસલ કરી આ સિદ્ધિ

(એજન્સી) પૂર્ણે તા 25

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ત્રણ મેચની ટેસ્ટ સિરીઝની બીજી મેચ પુણેના એમસીએ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. આ મેચમાં ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પુણે ટેસ્ટના પહેલા દિવસે ન્યુઝીલેન્ડે સારી શરૂઆત કરી હતી. પરંતુ મેચમાં આર અશ્વિન બોલિંગ કરવા આવ્યો કે તરત જ તેને કીવી ટીમના કેપ્ટનને પેવેલિયન મોકલી દીધો. પ્રથમ સત્રના અંત સુધીમાં આર અશ્વિને 2 વિકેટ ઝડપી હતી. આ સાથે આર અશ્વિને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ઈતિહાસ રચ્યો છે. આર અશ્વિને પુણે ટેસ્ટના પહેલા દિવસે શાનદાર બોલિંગ કરી બતાવી છે. પ્રથમ સેશનમાં 2 વિકેટ લઈને અશ્વિન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ વિકેટ લેનારો બોલર બની ગયો છે. આ સાથે અશ્વિને ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ સ્પિન બોલર નાથન લાયનને પાછળ છોડી દીધો છે. અત્યાર સુધી આ લિસ્ટમાં નાથન લાયન નંબર વન પર હતો. નાથન લાયનના નામે 43 મેચમાં 187 વિકેટ છે. અશ્વિને માત્ર 39 મેચમાં આ આંકડો પાર કર્યો છે. અશ્વિનના નામે 188 વિકેટ છે. પુણે ટેસ્ટમાં આર અશ્વિને ન્યુઝીલેન્ડના કેપ્ટન ટોમ લૈથમની પ્રથમ વિકેટ ઝડપી હતી. આ પછી અશ્વિને બીજા બેટ્સમેન વિલ યંગને આઉટ કર્યો. પ્રથમ સેશનની 7 ઓવર બાદ જ કેપ્ટન રોહિત શર્માએ અશ્વિનને બોલિંગ કરવા ઉતાર્યો હતો. નાથન લાયનના આંકડા ઓસ્ટ્રેલિયાના નાથન લાયને અત્યાર સુધી 43 મેચ રમીને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં 187 વિકેટ ઝડપી છે. તેને 11 વખત ચાર અને 10 વખત 5 વિકેટ લીધી છે.

# ટીમ સાઉથીએ ઉડાવ્યા રોહિત શર્માના હોશ, ખાતુ ખોલ્યા વગર હિટમેન આઉટ

(એજન્સી) પૂર્ણે તા 25

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે બીજી ટેસ્ટ પૂણેમાં રમાઈ રહી છે. ન્યુઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ન્યુઝીલેન્ડની આખી ટીમ 259 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. વોશિંગ્ટન સુંદરે તેના સ્પિનિંગ બોલથી તબાહી મચાવી હતી અને 7 વિકેટ લીધી હતી. રોહિત શર્મા સાથે પુણે ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં થયું હતું, જે બેંગલુરુમાં થયું હતું. સાઉથીના બોલ પર રોહિત થયો આઉટ ટિમ સાઉથીના હાથમાંથી એક શાનદાર બોલ પર ભારતીય કપ્તાન સંપૂર્ણ રીતે ચૂકી ગયો હતો. રોહિત સાઉથીના બોલને વાંચવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયો હતો. પહેલા દિવસની રમતના અંત સુધીમાં ટીમ ઈન્ડિયાએ કેપ્ટન રોહિતની વિકેટ ગુમાવીને સ્કોર બોર્ડ પર 16 રન બનાવી લીધા હતા. ન્યુઝીલેન્ડને 259 રનમાં ઓલઆઉટ કર્યા બાદ ભારતની ઓપનિંગ જોડી રોહિત



શર્મા અને યશસ્વી જયસ્વાલે મેદાન માર્યું હતું. રોહિત શરૂઆતથી જ ક્રિઝ પર આરામદાયક લાગતો ન હતો. 8 બોલનો સામનો કરવા છતાં રોહિત પોતાનું ખાતું પણ ખોલી શક્યો નહોતો. ટિમ સાઉથીની ઓવરના છેલ્લા બોલ પર રોહિત હવામાં ફટકો પડ્યો અને બોલ તેના ઓફ સ્ટમ્પ પરથી ઉડી ગયો. રોહિતના હાવભાવ જોઈને સ્પષ્ટ લાગી રહ્યું હતું કે તે સાઉદીના આ બોલને સમજવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે. રોહિતે ઈચ્છા ન હોવા છતાં ખાતું ખોલાવ્યા વિના જ પેવેલિયન પરત ફરવું પડ્યું હતું. હિટમેન ટેસ્ટ શ્રેણીમાં બીજી વખત શૂન્ય પર આઉટ થયો છે. પહેલા દિવસની રમતના અંત સુધીમાં ટીમ ઈન્ડિયાએ કેપ્ટન રોહિતની વિકેટ ગુમાવીને સ્કોર બોર્ડ પર 16 રન બનાવી લીધા હતા. ન્યુઝીલેન્ડને 259 રનમાં ઓલઆઉટ કર્યા બાદ ભારતની ઓપનિંગ જોડી રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલે મેદાન માર્યું હતું. રોહિત શરૂઆતથી જ ક્રિઝ પર આરામદાયક લાગતો ન હતો. 8 બોલનો સામનો કરવા છતાં રોહિત પોતાનું ખાતું પણ ખોલી શક્યો નહોતો.

## સંક્ષિપ્ત સમાચાર

### કિમના સૈનિકો રશિયા વતી યુદ્ધ લડવા પહોંચ્યા?

યુક્રેનના પ્રદેશમાં રશિયન ત્રિરંગા સાથે લાલ અને વાદળી ઉત્તર કોરિયાનો ધ્વજ કથિત રીતે ઉડતો જોવા મળ્યો છે. ધ સન ન્યૂઝ દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે કે જો આ દાવામાં સત્ય છે તો ઉત્તર કોરિયા સૈનિકો મોકલનાર પ્રથમ દેશ છે. રશિયાના કુર્સ્ક પ્રદેશમાં ઓછામાં ઓછા 3,000 ઉત્તર કોરિયાના સૈનિકો હાજર છે અને યુએસ અધિકારીઓને ડર છે કે તેઓ પુતિનને યુક્રેનિયન દળોને પાછળ ધકેલવામાં મદદ કરવા માટે ત્યાં મોકલવામાં આવ્યા છે.યુક્રેનિયન ઈન્ટેલિજન્સનું કહેવું છે કે કિમના સૈનિકો રશિયાના સૈન્ય મથકો પર તાલીમ લઈ રહ્યા છે અને તેમને ડર છે કે યુદ્ધમાં સામેલ થવા માટે મોકલવામાં આવ્યા છે. રશિયાના ફાર ઈસ્ટના હોવાના કથિત વીડિયોમાં કિમના સૈનિકોને શસ્ત્રો સાથે સૈન્ય તાલીમમાં આપવામાં આવી રહી છે. અન્ય ફૂટેજમાં ઉત્તર કોરિયાના સૈનિકો મોસ્કોના રેડ સ્ક્વેરમાં ફોટા માટે પોઝ આપતા જોવા મળે છે. મોસ્કો અને પ્યોંગયાંગ બંનેએ ઉત્તર કોરિયાના સૈનિકોની હાજરીનો ઈનકાર કર્યો છે. દક્ષિણ કોરિયાના ગુપ્તચર વડાએ કહ્યું કે ઉત્તર કોરિયાના સૈનિકોને યુક્રેનમાં ડ્રોન સહિતના સાધનોનો ઉપયોગ કરવાની તાલીમ આપવામાં આવી રહી છે. અમેરિકા અને અન્ય પશ્ચિમી દેશો પણ રશિયા અને ઉત્તર કોરિયા પર સતત આ પ્રકારના આરોપો લગાવી રહ્યા છે.

### ધરતી તરફ 3 એસ્ટરોઇડ આગળ વધ્યા, અથડાવાની શક્યતા?

ધરતી પર એકવાર ફરીથી ત્રણ એસ્ટ્રોયડનો ખતરો તોળાયો છે. અમેરિકાની જાણીતી સંસ્થા નાસાએ આને લઈને એલર્ટ જાહેર કર્યું છે. ત્રણ વિશાળકાય લઘુગ્રહોની ગતિ પણ ધરતી તરફ વધી રહી છે. રસ્તો ભટકે ત્યારે ધરતી સાથે અથડાઈ શકે છે. જો કે, વર્ષોથી આવી આગાહીઓ થતી રહે છે.. પરંતુ એકપણ વાર આવું બન્યું નથી. જો કે, ચિંતાનું કોઈ કારણ નથી. એસ્ટરોઈડ 2024 TR6 પૃથ્વીથી આશરે 240 ફૂટ પહોળો અને 56 કિલોમીટર દૂર છે. એસ્ટરોઈડ 2002 NV16 ગુરુવાર, 24 ઑક્ટોબરે રાત્રે 9.15 વાગ્યે પૃથ્વીની નજીકથી પસાર થશે. તે 17542 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પૃથ્વી તરફ આગળ વધી રહ્યું છે. તે પૃથ્વીથી 4520000 કિલોમીટર દૂર છે. આ અંતર પૃથ્વી અને ચંદ્ર વચ્ચેના અંતર કરતાં 11 ગણું વધુ છે, જે 384400 કિલોમીટર છે.જો કે અવકાશમાં આ ગતિ સામાન્ય છે અને એસ્ટરોઈડ પૃથ્વી સાથે અથડાવાની શક્યતા નહિવત છે, પરંતુ જો કોઈ સૌર તોફાન આવે અથવા તે તેના માર્ગથી ભટકી જાય તો આ સામાન્ય ગતિ પણ પૃથ્વી માટે મોટો ખતરો બની શકે છે. તેથી, નાસા અને વિશ્વભરની અવકાશ એજન્સીઓ ટેલિસ્કોપ અને ટ્રેકિંગ સિસ્ટમ દ્વારા સતત તેમની દેખરેખ રાખે છે.નાસાની સત્તાવાર વેબસાઈટ અનુસાર, અત્યાર સુધીમાં 13 લાખથી વધુ એસ્ટરોઈડ મળી આવ્યા છે. આમાંથી ઘણા એસ્ટરોઈડનું કદ ક્રિકેટના મેદાન જેટલું મોટું છે.

### આ એરપોર્ટ પર ગળે મળવું એટલે મુસીબતને માથે લેવી, જાણો કારણ

વિશ્વમાં એક એવું પણ એરપોર્ટ છે જ્યાં વિદાય આપવા આવેલા લોકોને પોતાના પ્રિયજનોને ત્રણ મિનિટ કરતાં વધુ સમય ગળે મળવા નહીં દેવામાં આવતા. આ નિયમ એરપોર્ટ પર કેમ બનાવ્યો છે. આ જાણવું ખૂબ રસપ્રદ અહીં એરપોર્ટ પર પોતાના પ્રિયજનોને મોડે સુધી ગળે મળીને વિદાય કરવી મુશ્કેલીમાં નાખી શકે છે. અહીં હગ કરવા માટે ત્રણ મિનિટની લિમિટ નક્કી કરાઈ છે. આનાથી વધુ મોડું થવા લાગે કે તરત ત્યાં હાજર કર્મચારી પહોંચી જશે અને દંડની રસીદ ફાડશે. જાણો કયા એરપોર્ટ પર આવો નિયમ બન્યો છે. ન્યૂઝીલેન્ડ દેશના એક એરપોર્ટ પર પોતાના સગા-વ્હાલાઓને મોડે સુધી ગળે મળવું હવે તમને મુશ્કેલીમાં મૂકી શકે છે. જો આ સમય ત્રણ મિનિટ કરતાં વધુ હોય. આ નિયમ અહીંના એક ડુનેડિન શહેરમાં આવેલા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર લાગુ થયો છે.અહીંના ડ્રોપ-ઑફ ઝોનમાં ગળે મળવા માટે ત્રણ મિનિટનો સમય નક્કી કરેલો છે. આવો વિચિત્ર નિયમ બનાવવાની પાછળનો હેતુ એરપોર્ટ પર સુરક્ષા અને ભીડને ઓછી કરવાનો છે.

### કેનેડાના બે ગેંગસ્ટર્સે ટ્રુડોને ખુલ્લા પાડયા, રિપુદમન હત્યા કેસમાં ગુનો કબૂલ્યો

કેનેડામાં સોમવારે બે ગેંગસ્ટર્સ ટેન્નર ફોક્સ અને જોલ લોપેજે જુલાઈ-2022માં રિપુદમન સિંહ મલિકની હત્યાના આરોપમાં પોતાના દોષનો સ્વીકાર કર્યો છે. આ ખુલાસાથી એવા ઓપીની પોલ ખોલી દીધી છે, જે કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડોએ ભારત વિરુદ્ધ લગાવ્યા હતા. ટ્રુડોએ કોઈપણ પુરાવા વગર ખાલિસ્તાન આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યા માટે ભારત પર આરોપ લગાવવાનો પ્રયાસ કર્યો હતો. રિપુદમનસિંહ મલિક સામે વર્ષ-1985માં એર ઈન્ડિયા કનિષ્ક બોમ્બ વિસ્ફોટનો આરોપ હતો. તેની હત્યા અને નિજ્જરની હત્યા બંને તેની દુશ્મનાવટ અને ટ્રુડો સરકાર દ્વારા સમર્થિત ગેંગસ્ટર જોડાણો સાથે જોડાયેલા છે. સરે શહેરમાં આવેલા ગુરુદ્વારાના પાર્કિંગમાં નિજ્જરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ટ્રુડોએ કોઈપણ પુરાવા વગર આ હત્યા માટે ભારતને જવાબદાર ઠેરવ્યું હતું. જેના લીધે ભારત અને કેનેડા વચ્ચે ઘણા સમયથી ઘર્ષણ ચાલી રહ્યો છે.

## 13 દેશોને દરજ્જો મળ્યો, જેમાં 7 મુસ્લિમ બહુમતીવાળા દેશોનો સમાવેશ

# BRICSના ભાગીદાર દેશોમાં પાકિસ્તાનનું નામોનિશાન નહીં

(એજન્સી) કઝાન તા 25

રશિયાના કઝાનમાં BRICS સમિટ 2024નું આયોજન કરવામાં આવી રહ્યું છે. 4 નવા દેશો ઉમેરવા ઉપરાંત 13 ભાગીદાર દેશો પણ ઉમેરવામાં આવ્યા છે. અલ્જીરિયા, મલેશિયા, ઈન્ડોનેશિયા, કઝાકિસ્તાન, નાઈજીરિયા, તુર્કી, ઉઝબેકિસ્તાન સહિત 7 મુસ્લિમ બહુમતી દેશો છે. આમાં પાકિસ્તાનને સ્થાન મળ્યું નથી. પાકિસ્તાને બ્રિક્સ દેશોમાં સામેલ થવા માટે અરજી કરી હતી, પરંતુ તે પાર્ટનર દેશોમાં પણ સ્થાન મેળવી શક્યો ન હતો. ભાગીદાર દેશો બ્રિક્સના ઔપચારિક સભ્ય નહીં હોય, પણ સંગઠનના આયોજનનો ભાગ હશે.

આ વખતે બ્રિક્સના સભ્યપદ માટે 30થી વધુ દેશોએ અરજી કરી હતી. બુધવારે બ્રિક્સ સમિટમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું હતું કે, હવે નવા દેશોને સામેલ કરતા પહેલા ધ્યાન રાખવામાં આવશે કે તેનાથી સંગઠનની કાર્યક્ષમતા પર અસર ન પડે.જિનપિંગે બંને દેશો પર પોતાના મતભેદોને યોગ્ય રીતે સંભાળવા પર પણ ભાર મૂક્યો હતો. ચીનના રાષ્ટ્રપતિએ કહ્યું કે, આપણે આપણા વિકાસના સપનાઓને સાકાર કરવા માટે સંચાર અને પરસ્પર સહયોગને મજબૂત બનાવવો જોઈએ. ભારત અને ચીને સ્થિર સંબંધો જાળવવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ, જે બંને દેશોના વિકાસ લક્ષ્યોને પૂર્ણ બંને દેશોના વિશેષ પ્રતિનિધિઓ ટૂંક સમયમાં મળશે. જેમાં ભારત તરફથી NSA અજીત ડોભાલ અને ચીન તરફથી વિદેશ મંત્રી વાંગ યી સામેલ હશે. અગાઉ 21 ઓક્ટોબરે ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું હતું કે, પૂર્વી લદ્દાખમાં LAC પર પેટ્રોલિંગને લઈને ભારત અને ચીન વચ્ચે સમજૂતી થઈ છે.



### જયશંકર બ્રિક્સ પ્લસની બેઠકમાં ભાગ લેશે

વિદેશ મંત્રી એસ જયશંકર આજે રશિયામાં યોજાનારી બ્રિક્સ પ્લસ બેઠકમાં ભારત વતી ભાગ લેશે. આ બેઠકમાં કુલ 28 દેશો અને 5 આંતરરાષ્ટ્રીય સંગઠનો ભાગ લેશે. બેઠક બાદ બ્રિક્સ દેશોનું સંયુક્ત નિવેદન એટલે કે કઝાન ઘોષણા જારી કરવામાં આવશે,ુધવારે, PM મોદીએ બ્રિક્સ સમિટ 2024 દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી. બંને વચ્ચે 5 વર્ષ બાદ યોજાયેલી આ બેઠકમાં સરહદી વિવાદનો વહેલી તકે ઉકેલ લાવવા, પરસ્પર સહયોગ અને પરસ્પર વિશ્વાસ જાળવી રાખવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. 2020માં ગલવાન અથડામણ બાદ બંને નેતાઓની આ પ્રથમ દ્વિપક્ષીય બેઠક હતી. 50 મિનિટની વાતચીતમાં PM મોદીએ કહ્યું-

**બંને દેશોમાં ભવિષ્ય માટેની રણનીતિ બનાવવામાં આવી :** PM મોદી અને શી જિનપિંગની મુલાકાત બાદ ભારતના વિદેશ મંત્રાલયે એક નિવેદન બહાર પાડ્યું છે. આ મુજબ, બંને નેતાઓએ 2020 માં શરૂ થયેલા વિવાદને ઉકેલવા માટે લાઈન ઓફ એક્ચ્યુલ કંટ્રોલ (LAC) પરથી સૈનિકો પાછા ખેંચવા અને પેટ્રોલિંગ કરારનું સ્વાગત કર્યું.

### ચીને કહ્યું- મતભેદોને ઉકેલવા પર ભાર મૂકવામાં આવશે

ચીને પણ જિનપિંગ અને મોદીની મુલાકાત અંગે નિવેદન જાહેર કર્યું હતું. ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું, 'પરસ્પર સંપર્કો અને સહયોગ વધારવા ઉપરાંત, બંને દેશોએ મતભેદો અને મતભેદોને ઉકેલવા પર પણ ભાર મૂક્યો.' બંને નેતાઓએ વિકાસની બાબતોમાં એકબીજાને સહકાર આપવાની પણ હિમાયત કરી છે. આંતરરાષ્ટ્રીય જવાબદારીઓમાં ખભે ખભા મિલાવીને ઊભા રહેવાની વાત પણ થઈ છે.

### BRICS સંબંધિત આ સમાચાર પણ વાંચો...

શું BRICSમાં પુતિન ભારત-ચીનના સંબંધો સુધારશે:ગ્લોબલ GDPમાં તેનો હિસ્સો 27% અને કન્ઝ્યુમર માર્કેટમાં 23% હિસ્સો; વિશ્વની 28% જમીન, 44% વસતી ધરાવે છે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓના સમૂહ BRICSની 16મી સમિટ રશિયાના કઝાન ખાતે યોજાઈ હતી. તેમાં ભાગ લેવા માટે ચીન, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા સહિત 28 દેશોના રાષ્ટ્રાધ્યક્ષ રશિયા પહોંચ્યા હતા. યુરોપિયન યુનિયન (EU)ને પાછળ છોડીને BRICS વિશ્વનું ત્રીજું સૌથી શક્તિશાળી આર્થિક સંગઠન બની ગયું છે.

### અત્યાર સુધીમાં 15 વખત બ્રિક્સ સમિટ યોજાઈ ચૂકી

BRIC દેશોની પ્રથમ સમિટ 2009માં યોજાઈ હતી. તેનું આયોજન રશિયામાં કરવામાં આવ્યું હતું. આ પછી, 2010 માં દક્ષિણ આફ્રિકામાં જોડાયા પછી તેનું નામ બદલીને BRICS કરવામાં આવ્યું. અત્યાર સુધીમાં 15 વખત બ્રિક્સ સમિટ યોજાઈ ચૂકી છે. આ વખતે 16મી સમિટ યોજાઈ રહી છે.

# જસ્ટિન ટ્રુડોના રાજીનામાની માંગ, 4 દિવસનું અલ્ટીમેટમ

(એજન્સી) ઓટાવા તા 25

કેનેડાના PM જસ્ટિન ટ્રુડોને પોતાની જ પાર્ટીમાં વિરોધનો સામનો કરવો પડી રહ્યા છે. લિબરલ પાર્ટીના સાંસદોએ ટ્રુડોને વડાપ્રધાન પદેથી રાજીનામું આપવા માટે 28 ઓક્ટોબર સુધીનો સમય આપ્યો છે. નારાજ નેતાઓએ ટ્રુડોને કહ્યું કે કાં તો પદ છોડો અથવા બળવાનો સામનો કરવા તૈયાર રહો.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટ્રુડોની પાર્ટીના 24 સાંસદોએ ચૂંટણી પહેલા PMને હટાવવાની માંગ કરી છે. આ માટે તેમણે એક લેટર પર સહી પણ કરી છે. સાંસદોના હસ્તાક્ષર કરાયેલા આ માંગ પત્રને હજુ સુધી જાહેર કરવામાં આવ્યો નથી. આ પત્રમાં સાંસદોએ ટ્રુડોને આગામી વર્ષની સામાન્ય ચૂંટણીમાં હારના ભયને જોતા ચૂંટણી પહેલા રાજીનામું આપવાની માંગ કરી છે. સાંસદોએ ટ્રુડોને ચોથી વખત વડાપ્રધાન પદની ચૂંટણી ન લડવા જણાવ્યું છે. છેલ્લા 100 વર્ષમાં કોઈ કેનેડિયન નેતા ચોથી વખત ચૂંટણી જીતી શક્યા નથી. ટ્રુડો સમક્ષ આ પડકાર એવા સમયે આવ્યો છે જ્યારે તેમની સરકાર ખાલિસ્તાની આતંકવાદી



હરદીપ સિંહ નિજ્જરની હત્યા મામલે ભારત સાથે મોટા રાજદ્વારી તણાવમાં ફસાયેલી છે. NDPના ખાલિસ્તાન તરફી નેતા જગમીત સિંહે ટ્રુડો સરકાર પાસેથી સમર્થન પાછું ખેંચી લીધું હતું. સાંસદે કહ્યું- ટ્રુડોએ બાઈડનની જેમ પોતાનો દાવો છોડી દેવો જોઈએ PM ટ્રુડો બુધવારે બંધ બારણે લિબરલ પાર્ટીના 20 સાંસદોને પણ મળ્યા હતા. આ બેઠકમાં લિબરલ પાર્ટીના બ્રિટિશ કોલંબિયાના સાંસદ પેટ્રિક વ્હીલરે કહ્યું કે આવતા વર્ષે ચૂંટણી જીતવા માટે PMનું રાજીનામું જરૂરી છે. વ્હેઇલરે કહ્યું કે અમેરિકામાં બાઈડનના નેતૃત્વમાં ડેમોક્રેટિક પાર્ટી ચૂંટણીમાં ઘણી પાછળ હતી. આ પછી તેણે દાવેદારી છોડી દીધી અને કમલા હેરિસનું નામ આગળ કર્યું. આનાથી ડેમોક્રેટિક પાર્ટીની લીડ મજબૂત થઈ. તેમણે કહ્યું કે લિબરલ પાર્ટી કેનેડામાં પણ આ જ રીતે પુનરાગમન કરી શકે છે. કેનેડાના ન્યુફાઉન્ડલેન્ડના લિબરલ સાંસદ કેન મેકડોનાલ્ડે કહ્યું કે ટ્રુડોએ લોકોને સાંભળવાની જરૂર છે. તેમણે કહ્યું કે તેમના ઘણા સાથીદારો છે જેઓ આગામી ચૂંટણી લડવા માંગે છે પરંતુ લિબરલ્સની ઘટી રહેલી લોકપ્રિયતાથી ગભરાયેલા છે.

હાલમાં, કેનેડાની સંસદ હાઉસ ઓફ કોમન્સમાં લિબરલ પાર્ટીના 153 સાંસદો છે. આ મહિનાની શરૂઆતમાં, ટ્રુડો સરકારના સહયોગી ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી (NDP)એ તેનું સમર્થન પાછું ખેંચી લીધું હતું. ત્યારથી, ટ્રુડો બહુમતી વિના સરકાર ચલાવી રહ્યા છે. NDPએ ખાલિસ્તાની તરફી કેનેડિયન શીખ સાંસદ જગમીત સિંહની પાર્ટી છે.. આ પત્રમાં સાંસદોએ ટ્રુડોને આગામી વર્ષની સામાન્ય ચૂંટણીમાં હારના ભયને જોતા ચૂંટણી પહેલા રાજીનામું આપવાની માંગ કરી છે.

# બિન લાદેનને જ્યા સંતાડ્યો હતો એ એબટાબાદમાં પાકિસ્તાન તૈયાર કરી રહ્યું છે નવા આતંકીઓ

(એજન્સી) પેશાવર તા 25

ખૂંખાર આતંકવાદી ઓસામા બિન લાદેનને પાકિસ્તાને જ શહેરમાં છુપાવી રાખ્યો હતો તે એબટાબાદમાં આતંકવાદીઓ તૈયાર કરવાની ફેકટરી ચાલે છે. હાફિઝ સઈદ, મસૂદ અઝહર અને સલાહુદ્દીન સંયુક્ત રીતે આતંકી સેના તૈયાર કરી રહ્યાં છે. આતંદવાદની આ ફેકટરી પાકિસ્તાન આર્મી કેમ્પની બાજુમાં આવેલ છે. જેના પર આઈએસઆઈ અને પાકિસ્તાન આર્મી સતત દેખરેખ રાખી રહી છે.ઓસામા બિન લાદેનને જ્યા સંતાડ્યો હતો એ એબટાબાદમાં પાકિસ્તાન તૈયાર કરી રહ્યુ છે નવા આજે સમગ્ર વિશ્વ આતંકવાદથી હેરાન પરેશાન છે ત્યારે પાકિસ્તાનના એબટાબાદમાં આતંકવાદી તૈયાર કરવા માટે તાલિમ કેન્દ્રો ધમીધમી રહ્યાં છે. ગુપ્તચર એજન્સીઓના રિપોર્ટ અનુસાર, પાકિસ્તાન તેના શહેર એબટાબાદમાં તાલિમ આપીને આતંકીઓની મોટી સેના તૈયાર કરી રહ્યું છે.

આ એ જ એબટાબાદ છે, જ્યાં ઓસામા બિન



લાદેનને આશ્રય આપીને પાકિસ્તાને અમેરિકાની બાજ નજરમાંથી મહિનાઓ સુધી સંતાડી રાખ્યો હતો. હાલમાં પાકિસ્તાન આર્મી બેઝ કેમ્પની બાજુમાં જ હાફિઝ સઈદ, મસૂદ અઝહર અને સલાહુદ્દીન દ્વારા આતંકીઓને તાલિમ આપીને આતંકવાદીઓ તૈયાર કરી રહ્યાં છે. ગુપ્તચર એજન્સીના રિપોર્ટમાં જણાવ્યાનુસાર, જેહાદીઓ મોટાપાયે એબટાબાદના તાલિમ કેમ્પમાં આવીને આતંકવાદીઓને તાલિમ આપી રહ્યાં છે. પાકિસ્તાન આર્મી બેઝ કેમ્પની છત્રછાયામાં આવેલુ આ આતંકવાદી તાલિમ કેન્દ્ર સુરક્ષીત હોવાનું માનવામાં આવે છે. કારણ કે, આર્મી બેઝ કેમ્પમાં પાકિસ્તાન આર્મી અને આઈએસઆઈ સિવાય અન્યોને પ્રવેશવા સામે પ્રતિબંધ છે. આથી આર્મી બેઝ કેમ્પની છત્રછાયામાં જ પાકિસ્તાન નવા આતંકવાદીઓને જન્મ આપી રહ્યું છે. ગુપ્તચર અહેવાલોમાં ઉલ્લેખ કર્યા મુજબ, એબટાબાદ જિલ્લામાં ISI જનરલની દેખરેખ હેઠળ આતંકવાદી તાલીમ શિબિર ચાલી રહી છે. આ કેમ્પની અંદર જે નવા આતંકવાદીઓને તાલીમ આપવામાં આવી રહી છે તેમને પાણીમાં રહેવાથી લઈને જમીન પર લડવા સુધીની વિશેષ તાલીમ આપવામાં આવી રહી છે. એવું માનવામાં આવે છે.

# રાષ્ટ્રપતિની ચૂંટણી કમલા હેરિસ જીતે તો જાણો ભારતને શું થશે ફાયદો?



(એજન્સી) અમેરિકા તા 25

અમેરિકામાં 5 નવેમ્બરે રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે, ડોનાલ્ડ ટ્રમ્પ અને કમલા હેરિસ બે સૌથી મોટા ઉમેદવારો છે. બંનેની નીતિઓ મોટાભાગે પરિચિત છે. પરંતુ કમલા હેરિસ પાસેથી ભારતની અપેક્ષાઓ વધુ છે અને તેનું કારણ તેના મૂળ ભારત સાથે સંબંધિત છે. અમેરિકામાં માત્ર બે અઠવાડિયામાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. કમલા હેરિસ અને ડોનાલ્ડ ટ્રમ્પ દેશની બે સૌથી મોટી પાર્ટીઓ ડેમોક્રેટિક અને રિપબ્લિકન તરફથી ચૂંટણી મેદાનમાં છે. ટ્રમ્પ અગાઉ એકવાર અમેરિકાના રાષ્ટ્રપતિ રહી ચૂક્યા છે, જ્યારે કમલા હેરિસ હાલમાં ઉપરાષ્ટ્રપતિ છે. બંનેની નીતિઓ મોટાભાગે પરિચિત છે. પરંતુ કમલા હેરિસ પાસેથી ભારતની અપેક્ષાઓ વધુ છે અને તેનું કારણ તેના મૂળ ભારત સાથે સંબંધિત છે. કમલા હેરિસની માતા ભારતીય હતી અને તે પોતાની માતા સાથે ઘણી વખત ભારત આવી ચુકી છે. હાલમાં જ ચૂંટણી પ્રચાર દરમિયાન ટ્રમ્પે પોતાની ભારતીય ઓળખ અંગે પણ ટિપ્પણી કરી હતી. આવી સ્થિતિમાં એવું માનવામાં આવે છે કે જો કમલા હેરિસ ચૂંટણી જીતશે તો ભારત અને અમેરિકાના સંબંધો વધુ સારા થશે. કમલા હેરિસને વિદેશ નીતિ પર કામ કરવાનો બહુ અનુભવ નથી. જ્યારે બીડેન ઉપરાષ્ટ્રપતિ બનતા પહેલા 12 વર્ષ સુધી સેનેટ ફોરેન રિલેશન કમિટીના અધ્યક્ષ અથવા સભ્ય હતા. બિડેન વહીવટીતંત્રની વિદેશ નીતિ પર કમલા હેરિસનો બહુ પ્રભાવ ન હતો, તેથી એવું માનવામાં આવે છે કે જો કમલા હેરિસ જીતશે તો તે બિડેન વહીવટીતંત્રની નીતિઓને આગળ વધારશે. જે ભારત માટે જ ફાયદાકારક રહેશે.કમલા હેરિસ ઈમિગ્રેશનના મુદ્દે ટ્રમ્પ જેટલી કડક નથી. તે હંમેશા બધાને સાથે લઈને ચાલવાની સ્થિતિમાં, એવું માનવામાં આવે છે કે જો હેરિસ રાષ્ટ્રપતિ બનશે તો તે ઈમિગ્રન્ટ્સના હિતોને ધ્યાનમાં રાખીને નિર્ણય લેશે.

### દ્વિપક્ષીય વેપાર સંબંધો વધુ મજબૂત થશે

આર્થિક અને સુરક્ષા બાબતોમાં કમલા હેરિસની નીતિઓ બિડેન વહીવટીતંત્ર જેવી જ હોઈ શકે છે. અમેરિકા ભારતના ટોચના વેપારી ભાગીદારોમાંનું એક છે. બિડેનના વહીવટ દરમિયાન બંને દેશો વચ્ચે સરપ્લસ દ્વિપક્ષીય વેપાર થયો છે. આવી સ્થિતિમાં, એવું માનવામાં આવે છે કે જો કમલા હેરિસ જીતશે તો બંને દેશો વચ્ચેના વેપાર સંબંધો સમાન ગતિએ આગળ વધશે. તે જ સમયે, ટ્રમ્પે તાજેતરના સમયમાં ભારત સામે સરચાર્જ વધારવાની સતત ધમકી આપી છે, જેના કારણે એવું માની શકાય છે કે હેરિસના રાષ્ટ્રપતિ બનવું આર્થિક સંબંધો માટે ટ્રમ્પ કરતાં વધુ સારું રહેશે.

## ટ્રમ્પને આનાથી ફાયદો, કમલાને નુકસાન; શું છે ચૂંટણી પહેલા મતદાનની રાજનીતિ?

# અમેરિકન મતદારોને 8 કરોડ કેમ વહેંચી રહ્યા છે મસ્ક?

(એજન્સી) વોશિંગ્ટન તા 25

અમેરિકી સરકારે ઈલોન મસ્કની ઝુંબેશ અમેરિકા પીએસીને ચેતવણી આપી છે. આ અંતર્ગત મસ્કે અમેરિકામાં ચૂંટણી પહેલા મતદાન કરનારા મતદારોને 1 મિલિયન ડોલર (રૂ. 8.4 કરોડ) આપવાની જાહેરાત કરી હતી. CNN અનુસાર, ન્યાય વિભાગે કહ્યું કે આ ગેરકાયદેસર છે. હકીકતમાં, અમેરિકામાં ચૂંટણીના થોડા દિવસો પહેલા મતદાન પ્રક્રિયા શરૂ થાય છે. આને વહેલું મતદાન કહેવામાં આવે છે. મસ્કે શનિવાર અને રવિવારે પેન્સિલવેનિયામાં એક પુરુષ અને એક મહિલાને $1 મિલિયનનો ચેક પણ આપ્યો. તેમની ટીમે જણાવ્યું હતું કે, સોમવારના વિજેતાની પસંદગી ઉત્તર કેરોલિનામાંથી કરવામાં આવી હતી. મસ્કની સ્કીમથી ટ્રમ્પને ફાયદો, કમલાને કેવી રીતે નુકસાન?



મસ્કના આ અભિયાનથી અમેરિકાની બાઈડન સરકાર નારાજ છે. હકીકતમાં મસ્ક અમેરિકાની ચૂંટણીમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને સમર્થન આપી રહ્યા છે. તેઓ ટ્રમ્પ માટે લાખો ડોલર ખર્ચી રહ્યા છે. મતદારોને પૈસા આપવાની જાહેરાત પણ આ સાથે જોડાયેલી છે. તેનો હેતુ સ્વિંગ રાજ્યોમાં રિપબ્લિકન પાર્ટીની તરફેણમાં વાતાવરણ ઊભું કરવાનો છે. હકીકતકમાં, સ્વિંગ સ્ટેટ્સ એવા રાજ્યો છે જ્યાં બે પક્ષો વચ્ચે સ્પર્ધા હોય છે. અહીં દરેક મત મહત્વની ભૂમિકા ભજવે છે. આવી સ્થિતિમાં મસ્કનું પ્રચાર કમલા પાસેથી કેટલાક મતદારો છીનવી શકે છે. તેનું મુખ્ય કારણ એ છે કે મસ્કે 8 કરોડ જીતવા માટે જે શરતો નક્કી કરી છે તે ટ્રમ્પને આપેલા ચૂંટણી વચનો સાથે મેળ ખાય છે.

મસ્કે કહ્યું- આ યોજના કોઈ એક પક્ષ માટે નથી ડેમોક્રેટ નેતાઓ મસ્કની પ્રારંભિક યોજનાને કાયદાનું ઉલ્લંઘન ગણાવી રહ્યા છે. પેન્સિલવેનિયાના ડેમોક્રેટિક ગવર્નર જોશ શાપિરોએ કહ્યું કે, મસ્કની જાહેરાત અત્યંત ચિંતાજનક છે. મસ્કે સોશિયલ મીડિયા પર પોતાના બચાવમાં દલીલો આપી છે કે, વિજેતાની પસંદગી લોટરી દ્વારા કરવામાં આવે છે. તેઓ જાણતા નથી કે તે રિપબ્લિકન અથવા ડેમોક્રેટિક પાર્ટીના સમર્થક છે. તેઓ કોઈપણ પક્ષના હોઈ શકે છે. આ પહેલા પણ અમેરિકન ચૂંટણીમાં એડવાન્સ પોલિંગ થઈ ચૂક્યું છે. જો કે, અગાઉની ચૂંટણીઓમાં, પ્રી-પોલ વોટિંગમાં ડેમોક્રેટ્સનું વર્ચસ્વ હતું, પરંતુ આ વખતે કેટલાક મોટા રાજ્યોમાં રિપબ્લિકન્સે લીડ લેવાનું શરૂ કર્યું છે. 1988 પહેલા માત્ર 6 રાજ્યો એવા હતા જ્યાં વહેલું મતદાન પ્રચલિત હતું. 1992થી ચૂંટણી પહેલા વહેલા મતદાનનું ચલણ વધ્યું છે. 1992ની ચૂંટણીમાં 7% લોકોએ મતદાન કર્યું હતું. NBC અનુસાર, આ વર્ષે ચૂંટણી પહેલા 14.5 મિલિયન લોકો મતદાન કરી શકે છે. તે લગભગ 70% છે.

## સંક્ષિપ્ત સમાચાર

### રેલવે દિવાળી-છઠ્ઠ પૂજા નિમિત્તે સાત હજાર ટ્રેનો દોડાવશે

નવી દિલ્હી : રેલ્વે મંત્રી અશ્વીની વૈષ્ણવે પ્રેસ મીટમાં જણાવ્યું હતું કે આ વર્ષે દિવાળી અને છઠ્ઠ પૂજા નિમિત્તે દૈનિક બે લાખ વધારાના મુસાફરોની સુવિધા માટે સાત હજાર વિશેષ ટ્રેન દોડાવશે. રેલવે અધિકારીએ જણાવ્યું હતું કે તહેવારોની ભીડને પહોચી વળવા ગત વર્ષે દિવાળી અને છઠ્ઠ પૂજા નિમિત્તે ૪૫૦૦ વિશેષ ટ્રેનો દોડાવી હતી મુસાફરોની સંખ્યામાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને મંત્રાલયે આ વર્ષે સેવાઓમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. આ સમયગાળા દરમિયાન દેશના પૂર્વીય ભાગોમાં મોટી સંખ્યામાં મુસાફરો મુસાફરી કરતા હોવાથી આ ભાગમાં ઉત્તર રેલવે વધુ સંખ્યામાં ટ્રેનો દોડાવશે. ઉત્તર રેલવેએ એક યાદીમાં જણાવ્યું હતું કે મુસાફરોને તેમના ગંતવ્ય સુધી પહોચાડવા માટે ૩૦૫૦ વિશેષ ટ્રેનો દોડાવવામાં આવશે. ભારતીય રેલવેએ વર્ષ ૨૦૨૩માં ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો દોડાવી હતી જેમાં ઉત્તર રેલવેએ ૧,૦૮૨ ટ્રેનો દોડાવી હતી જેમાં આ વર્ષે ૩૦૫૦ ટ્રેનોની ટ્રીપ્સ દોડાવશે. સ્પેશિયલ ટ્રેનો ઉપરાંત રૂટીન્ રટ્રેનોમાં મુસાફરોનો રસ જોઈને કોચમાં વધારો કરવામાં આવી રહ્યો છે.

### સંસદની પીએસી બેઠકમાં સેબી પ્રમુખ માધવી બુચ હાજર ન રહ્યાં

નવી દિલ્હી: સિક્યુરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના પ્રમુખ માધવી પુરી બુચ આજે સંસદની પબ્લિક એકાઉન્ટ્સ કમિટી (પીએસી)ની સમક્ષ હાજર ન રહેતા સમિતિના પ્રમુખ કે સી વેણુગોપાલે બેઠક સ્થગિત કરી દીધી હતી.ભાજપે વેણુગોપાલ પર એકતરફી નિર્ણય લેવા અને અશોભનીય વર્તન કરવાનો આરોપ મૂકી લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને તેમની ફરિયાદ કરી હતી. કોંગ્રેસ નેતા વેણુગોપાલના જણાવ્યા અનુસાર બુચે આજે સવારે સાડા નવ વાગ્યે માહિતી આપી હતી કે તે અંગત કારણોસર પીએસીની બેઠકમાં હાજર રહી શકશે નહીં ત્યારબાદ બેઠકને સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.વેણુગોપાલે પત્રકારોને જણાવ્યું હતું કે સમિતિની પ્રથમ બેઠકમાં અમે નિર્ણય લીધો હતો કે એક મહિલાના આગ્રહને ધ્યાનમાં રાખી બેઠક સ્થગિત કરવામાં આવે. ભાજપ સભ્યોએ આક્ષેપ કર્યો છે કે વેણુગોપાલે અમારી સાથે ચર્ચા કર્યા વગર જ પોતાની જાતે બેઠક સ્થગિત કરવાનો નિર્ણય લીધો હતો.ભાજપ નેતા રવિશંકર પ્રસાદે જણાવ્યું હતું કે આ એક મોટો વિષય છે. પીએસીનું કાર્ય કેગના રિપોર્ટ પર ચર્ચા કરવાનો છે. બેઠક સ્થગિત કરવાનો નિર્ણય તેમણે પોતાની જાતે કઇ રીતે લઇ લીધું?

### રાજસ્થાનની માલવ પોલીસે 7 કરોડની રોકડ સાથે બે આરોપીઓને ઝડપ્યા

નવી દિલ્હી : બનાસકાંઠાની બોર્ડર અને રાજસ્થાનનું છેલ્લું પોલીસ સ્ટેશન માલવ પોલીસ સ્ટેશન,ત્યારે માલવ પોલીસ સ્ટેશને બોર્ડર નજીકથી બે આરોપીઓને રૂપિયા 7 કરોડની રોકડ સાથે ઝડપી પાડયા છે.કારમાં ચોરખાનું બનાવીને રૂપિયા સંતાડયા હતા,પોલીસે કાર ચેક કરતા તેમાંથી રોકડ રકમ મળી આવી હતી ત્યારે મહેસાણાના બે યુવકોની પૂછપરછ કરતા તેઓ સરખો જવાબ આપી શકયા ન હતા જેને લઈ પોલીસે ધરપકડ કરી હતી અને આઈટી વિભાગને જાણ કરી હતી. બનાસકાંઠાની અમીરગઢ બોર્ડર અને રાજસ્થાનની બોર્ડરે આવેલું પોલીસ સ્ટેશન એટલે માલવ પોલીસ સ્ટેશન,માલવ પોલીસ જ્યારે વાહન ચેકિંગ કરી રહી હતી તે દરમિયાન એક કારને ચેકિંગ કરવા માટે રોકવામાં આવે છે અને પોલીસને બાતમી હતી કે કારમાં રોકડ પડી છે જેને લઈ ચેકિંગ કરતા તેમાંથી રોકડ મળી આવી હતી અને કુલ મળીને 7 કરોડ 1 લાખ રૂપિયા ઝડપવામાં આવ્યા હતા.દિલ્હીથી અમદાવાદ આ યુવકો રોકડ લઈને આવતા હતા. રાજસ્થાન સરહદે કારમાંથી 7 કરોડ ઝડપાયા છે તે મુદ્દે કોના રૂપિયા છે તે દિશામાં પોલીસે તપાસ હાથધરી છે.પોલીસને હજી પણ આરોપીઓ સંતોષકારક જવાબ આપ્યો નથી જેને લઈ પોલીસ પણ મૂંઝવણમાં મૂકાઈ છે.રાજસ્થાન પોલિસ દ્વારા રોકડ રકમ ભરેલ કારને રિકકો પોલિસ સ્ટેશનમાં લઈ જઈ રકમને ગણતરી કરવાની તજવીજ હાથ ધરતાં રકમને ગણવા માટે બેંકથી મશીન લઈ ગણતરી કરવામા આવી હતી. પોલીસે બન્ને આરોપીઓની ધરપકડ કરી છે અને વધુ પૂછપરછ હાથધરી છે,રૂપિયા દિલ્હીથી લઈને અવાતા હતા જેને લઈ તપાસ તેજ કરવામાં આવી છે,હજી સુધી કોઈનું નામ સામે આવ્યું નથી કે આ રૂપિયા કોના હતા અને પોલીસે બન્ને આરોપીઓની પૂછપરછ કરી છે પણ સંતોષકારક જવાબ મળી આવતા નથી,હવે આઈટી વિભાગ આ વાતને લઈ શું ખુલાસા કરે છે તે જોવાનું રહ્યું.

### ભારત દેશ ના વધતા ટ્રેન્ડ વચ્ચે સુરત માં બન્યા રંગોળી અને પૉઝિટિવિટી ફેલાવતા કપડા

સુરત : દિવાળી ના ત્યોહાર ને ધ્યાન માં રાખી અલગ પ્રકાર ના કપડા માર્કેટ મા ખુદ આકર્ષણ નું કેન્દ્ર બની રહિયું છે જેમાં અનેક લોકો પોતાના બ્રાન્ડ થકી લોકો સુધી સરળ અને સારી ફેશન સિસ્ટમ ફોલો કરી સુરત માં ત્યોહવાર નિમિત્ત અલગ-અલગ કપડાં નું ટ્રેન્ડ માર્કેટ માં લાવી રહ્યા છે જેમાં કે એક્વેરિયન્સ બ્રીડલ દ્વારા દિવાળી ને ધ્યાન માં રાખી ઓવરકોટ્સ ની સુવિધા પ્રાપ્ત કરાવી છે. આ ઓવર કોટ બનારસી સિલ્ક અને ઝરીમાંથી બનાવવામાં આવે છે, વાઈબ્રન્ટ રંગોળી ડિઝાઈન અને આ ગાઉન અને ઓવરકોટ તમને ઉત્સવને હકારાત્મકતા અને ઉત્સાહ સાથે ઉજવવા માટે પ્રેરણા આપે છે. આ પ્રકારના સુંદર રંગો પહેરવાથી સંપત્તિ, સમૃદ્ધિ અને તમારી ત્વચાને સ્વસ્થ ગ્લો આપી શકે છે, અને સાથેજ આવા સુંદર કલર તમારા ઘરની લાવણ્યમાં વધારો કરે છે અને દિવાળીની ભાવનાને મૂર્ત બનાવે છે. ડૉક્ટર હીના મોદી ની વિચારધારા મુજબ આવા ડિઝાઈન ના કપડા તમે ગમે ત્યા પહેરી શકો અને આવા આકર્ષિત ડિઝાઈન તમને અને તમારા આસપાસ ના લોકો ને પણ ખૂબ પોઝિટિવિટી આપી શકે છે જે કોઈ પણ દેશ માં તમે એને આસાની થી પહેરી શકો અને આવા કપડાં તમને કોઈ પણ પ્રસંગ માં એક રોયલ ટચ આપી શકે છે.

---

**15 લાખથી વધુનું સ્થળાંતર : બંગાળમાં ત્રણ હોડી ડૂબતા 16 માછીમાર લાપતા**

# દાના વાવાઝોડું 'દાનવ'ની જેમ ત્રાટક્યું, 120 કિ.મી. ની ઝડપે પવન સાથે ભારે વરસાદ, 7 રાજ્યોને અસર

(એજન્સી) નવી દિલ્હી | તા 25

ચક્રવાતી તોફાન દાના 'દાનવ' બનીને ગુરુવારે મોડી રાત પછી ઓડિશા અને પશ્ચિમ બંગાળ પર ત્રાટક્યું હતું. વાવાઝોડું ત્રાટકે તે પહેલાં તકેદારીના ભાગરૂપે ગુરુવારે ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં 300થી વધુ ફ્લાઈટ્સ અને 552 ટ્રેનો રદ કરી દેવાઈ હતી. આ સિવાય ઓડિશામાં 10લાખથી વધુ જ્યારે બંગાળમાં ઓડિશા અને પશ્ચિમ બંગાળ સહિત સાત રાજ્યો પર વાવાઝોડાંની અસર થઈ હતી. વાવાઝોડાના કારણે ઝારખંડ, બિહાર, છત્તીસગઢ, મધ્ય-પ્રદેશમાં પણ ભારે વરસાદ ખાબક્યો હતો. ભારે પવન સાથે વરસાદ પણ જોરદાર પડી રહ્યું છે. વાવાઝોડું દાના ઓડિશામાં પ્રતિ કલાક 120 કિ.મી.ની ઝડપે ભિતરકનિકા નેશનલ પાર્ક અને ધામરા પોર્ટના દરિયા કિનારાના વિસ્તારમાં ટકરાયું હતું. આ સમયે સમુદ્રના મોજા બે મીટર ઊંચા ઉછળ્યા હતા. વાવાઝોડના કારણે ઓડિશામાં ભારે વરસાદ પડયો હતો. ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માંઝીએ ક્હયું હતું કે, તેમની સરકાર 'ઝીરો કેઝ્યુલિટી' માટે કટિબદ્ધ છે. આ માટે દરેક પ્રકારની વ્યવસ્થા કરી દેવાઈ છે. પીએમ મોદી સતત વાવાઝોડા દાના અંગે માહિતી મેળવી રહ્યા છે.



ઓડિશામાં 14 જિલ્લામાં 10 લાખથી વધુ, પશ્ચિમ બંગાળમાં 3.50 લાખથી વધુ અને અન્ય રાજ્યોમાંથી પણ હજારો લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું છે. વાવાઝોડાના પગલે સર્જાનારી કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે એનડીઆરએફની 19 ટીમો, ઓડિશા આરએએફની 51, ફાયર સર્વિસની 220 અને વન વિભાગની 95 ટીમો સહિત 385 રેસ્ક્યુ ટીમો તૈનાત કરાઈ છે. આ સિવાય ઓડિશા પોલીસના જવાનોની 150 પ્લાટૂન્સને પણ બચાવ કામગીરી માટે તૈનાત રખાઈ છે. ભુવેશ્વર એરપોર્ટ ગુરુવારે સાંજથી આગામી 16 કલાક માટે બંધ કરી દેવાયું હતું, જેને પગલે 300થી વધુ ફ્લાઈટ્સ રદ કરી દેવાઈ હતી. ઓડિશામાં સ્કૂલ અને કોલેજો બે દિવસ માટે બંધ કરી દેવાયા છે. ભારતીય રેલવેએ પણ ઓડિશા અને બંગાળમાં ૫૫૨થી વધુ ટ્રેનોનું સંચાલન રદ કર્યું હતું. પુરી જગન્નાથ મંદિર પરિસરમાંથી બધા જ અસ્થાયી ટેન્ટ હટાવી દેવાયા છે જ્યારે વિશ્વવિખ્યાત કોણાર્ક મંદિર બે દિવસ માટે બંધ કરી દેવાયું છે.

વાવાઝોડા દાનાની અસરના પગલે માત્ર ઓડિશા જ નહીં પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, છત્તિસગઢ સહિત પૂર્વોત્તરના રાજ્યો પર અસર જોવા મળી હતી. દાના ઓડિશામાં ત્રાટકે તે પહેલાં પશ્ચિમ બંગાળમાં શમશેરગંજ અને ફરક્કા વિસ્તારમાં આંધી-તોફાન જોવા મળ્યા હતા. તેની ઝપેટમાં આવતા ત્રણ હોડી ડૂબી ગઈ હતી અને 16 માછીમાર લાપતા થઈ ગયા હતા.

---

# વિપક્ષના 'ચાણક્ય' ગણાતાં શરદ, 30 વર્ષ બાદ શું ફરી બનશે મુખ્યમંત્રી?

(એજન્સી) નવી દિલ્હી | તા 25

મહારાષ્ટ્રમાં વિપક્ષના ચાણક્ય 83 વર્ષીય શરદ પવાર રાજકારણમાં પોતાના નિર્ણયોથી સૌ કોઈને અચંબામાં મુકવા માટે પ્રચલિત છે. ગઈકાલે શરદપવારની એનસીપીએ 45 બેઠકો પર પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી સૌ કોઈને ચોંકાવી દીધા છે. તેમાંય બારામતી બેઠક પર કાકા અજિત પવાર સામે ભત્રીજાને ઉતારતાં અજિતનું ટેન્શન વધાર્યું છે.મહાવિકાસ અઘાડીની બેઠક ફાળવણીમાં ત્રણેય પક્ષમાં સૌથી ઓછો જનાધાર હોવા છતાં શરદ પવારના પક્ષને સમાન બેઠકો પર ચૂંટણી લડવાનો મોકો મળ્યો છે. રાજકારણમાં સૌ કોઈ ચર્ચા કરી રહ્યા છે કે, પવારે એવી કઈ શરત મૂકી કે જેનાથી અન્ય બે પક્ષ સમાન બેઠકો આપવા રાજી થયા? ગઠબંધનમાં 85 બેઠકો પર ઉમેદવારો ઉતારનારા શરદ પવારની નજર મુખ્યમંત્રીની ખુરશી પર હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે. મહારાષ્ટ્ર લોકસભા ચૂંટણીમાં શરદ પવારના એનસીપી પક્ષની જીતનો સ્ટ્રાઈક રેટ સૌથી વધુ હોવાથી વિધાનસભા બેઠકમાં પણ તેમને વધુ બેઠકો મળી હોવાનો અંદાજ છે.

**શરદ પાવરની જીતના કારણો**



**1.** જીતનો સ્ટ્રાઈક રેટ વધુ: મહારાષ્ટ્ર લોકસભા ચૂંટણીમાં એનસીપી (શરદ)એ ૯માંથી 8 બેઠકો પર જીત મેળવી હતી. જેથી આ સ્ટ્રાઈક રેટને ધ્યાનમાં રાખતાં વિધાનસભામાં 60-70 બેઠકો પર જીત મેળવી શકે છે.

**2.** મુખ્યમંત્રી પદની કરી ચર્ચા: શરદ પવારે હાલમાં જ એક રેલીમાં જયંત પાટિલ મારફત મુખ્યમંત્રીની ખુરશી પર ચર્ચા કરી હતી. પવારે આ વખતે ચૂંટણી પહેલા મુખ્યમંત્રીનું નામ જાહેર કર્યુ નથી. 2004માં પવારે ચૂંટણી પહેલાં કોંગ્રેસના મુખ્યમંત્રી બનાવવાની જાહેરાત કરી હતી. જેમાં એનસીપીને કોંગ્રેસ કરતાં બે બેઠકો વધુ મળી હોવા છતાં પવારે મુખ્યમંત્રીની ખુરશી કોંગ્રેસને આપી હતી.

**30 વર્ષથી મુખ્યમંત્રીની ખુરશી નહીં** | શરદ પવાર પરિવારની પાસે 30 વર્ષથી મુખ્યમંત્રીની ખુરશી આવી નથી. છેલ્લે 1993થી 1995 સુધી શરદ પવાર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી રહ્યા હતા. જો શરદ પવારનો રાજકારણનો દાંવ સાચો પડે તો સુપ્રિયા માટે મુખ્યમંત્રી બનવાનો માર્ગ ખુલી જશે.

---

## RPF પોલીસ સ્મારક સપ્તાહ દરમિયાન ફરજની લાઇનમાં અંતિમ બલિદાન આપનાર 14 કર્મચારીઓનું સન્માન



(એજન્સી) અમદાવાદ । તા. 25

શ્રદ્ધાંજલિ રૂપે, RPF અધિકારીઓ નવ રાજ્યોમાં આ શહીદોના પૈતૃક ગામો અને શાળાઓની મુલાકાત લઈ રહ્યા છે, જે સમુદાયો તેમને આકાર આપે છે તેમની સાથે ઊંડો સંબંધ સ્થાપિત કરે છે. સન્માન પામનારાઓમાં પશ્ચિમ રેલવેના કોન્સ્ટેબલ અનુકુલ સાકોરનો પણ સમાવેશ થાય છે, જેમણે ડિસેમ્બર 2023માં પોતાની ફરજ નિભાવતી વખતે પોતાનો જીવ ગુમાવ્યો હતો. 21મી ઑક્ટોબરના રોજ મધ્ય પ્રદેશના ધારમાં તેમના અલ્મા માતા, સરસ્વતી શિશુ મંદિર ખાતે એક સ્મારક સેવા યોજાઈ હતી. આ ઘટનાએ તેમના પરિવાર, મિત્રો, વિદ્યાર્થીઓ અને સહકર્મીઓને એક ભાવનાત્મક મેળાવડામાં ભેગા કર્યા. તેમની વિધવા, શ્રીમતી ડોલી સાકોરે, તેમના પતિના બલિદાનને માન્યતા આપવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. કોન્સ્ટેબલ સાકોરની વાર્તા રેલ્વે કર્મચારીઓની બહાદુરી અને નિ:સ્વાર્થતાની યાદ અપાવે છે. તેમના બલિદાનને ભૂલવામાં આવશે નહીં, અને RPFની શ્રદ્ધાંજલિ તેમના શહીદ નાયકોને સન્માનિત કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. રેલ્વે જવાનોના બહાદુર કોન્સ્ટેબલની કહાણી નિઃસ્વાર્થતાનો પુરાવો છે. 19 ડિસેમ્બર, 2023 ના રોજ, રાજેન્દ્ર નગર સ્ટેશન પર ફરજ બજાવતી વખતે તેણે દુઃખદ રીતે પોતાનો જીવ ગુમાવ્યો.

---

## ક્લબ મહિન્દ્રાએ 'ક્લબ મહિન્દ્રા પાવાગઢ'નાં લોન્ચ સાથે ગુજરાતમાં તેના રિસોર્ટ પોર્ટફોલિયોનું વિસ્તરણ કર્યું

(એજન્સી) અમદાવાદ | તા 25

મહિન્દ્રા હોલિડેઝ એન્ડ રિસોર્ટ્સ ઈન્ડિયા લિમિટેડની ફ્લેગશિપ બ્રાન્ડ ક્લબ મહિન્દ્રાએ તાજેતરમાં ગુજરાતનાં પાવાગઢમા તેની પ્રોપર્ટી લોન્ચ કરી છે. આ નવું એડિશન લોકોને પાવાગઢનાં વિશાળ કૃષિ ક્ષેત્રોમાં તથા પર્વતોની શાંતિપૂર્ણ સુંદરતામાં ડૂબી જવા માટે માર્ગ મોકળો કરે છે. ક્લબ મહિન્દ્રા પાવાગઢ એ વડોદરા, અમદાવાદ, રાજકોટ, સુરત, ઉદયપુર, નાસિક, ઉજ્જૈન અને ઈન્દોર જેવા મોટા શહેરોની નિકટતા સાથે પ્રકૃતિમાં ખોવાઈ જવા માટે આદર્શ સ્થળ છે. પાવાગઢ, જે તેના મનોહર લેન્ડસ્કેપ્સ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા માટે જાણીતું છે, તેના કુદરતી સૌંદર્ય અને ઐતિહાસિક મહત્વને માણવા માટે સભ્યોને આમંત્રણ આપે છે. આ રિસોર્ટ પાવાગઢમાં આરામદાયક વાતાવરણમાં આરામ કરવા, આનંદ કરવા અને રીકનેક્ટ કરવા માંગતા પરિવારો માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. ક્લબ મહિન્દ્રા પાવાગઢ રિસોર્ટ, તેના 100 સુવ્યવસ્થિત રૂમ સાથે, 7 એકરમાં ફેલાયેલો છે અને મહેમાનો માટે વિવિધ પ્રકારના અનુભવો પ્રદાન કરે છે. આ સુંદર રિસોર્ટ ઈન્ડોર અને આઉટડોર રહેવાની જગ્યાઓને મિશ્રિત કરીને આરામ અને આનંદ માટે સંપૂર્ણ અનુકુળ બનાવે છે. ગુજરાતમાં ક્લબ મહિન્દ્રા પાવાગઢ માટે બુકિંગ હવે ક્લબ મહિન્દ્રાની વેબસાઈટ અને એપ દ્વારા કરી શકાશે. લોન્ચ પર ટીપ્પણી કરતા મહિન્દ્રા હોલિડેઝ એન્ડ રિસોર્ટ્સ ઈન્ડિયા લિમિટેડનાં મેનેજીંગ ડિરેક્ટર અને સીઈઓ મનોજ ભટે કહ્યું કે, "આ લોન્ચ અમારા સભ્યો માટે જાદુઈ ક્ષણો બનાવવાની અમારી બ્રાન્ડની પ્રતિબદ્ધતા સાથે સંરેખિત છે.

## I.N.D.I.A ગઠબંધનમાં બળવો, સપાના ઉમેદવાર સામે કોંગ્રેસ નેતાએ પણ ભર્યું ઉમેદવારી ફોર્મ

(એજન્સી) નવી દિલ્હી | તા 25

ઉત્તર પ્રદેશની નવ બેઠકો પર 13મી નવેમ્બરે પેટા ચૂંટણી માટે મતદાન યોજાશે. આ દરમિયાન ફુલપુરમાં કંઈક એવું બન્યું જે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવના ઉમેદવાર માટે મુશ્કેલી ઊભી કરશે. ફુલપુર બેઠક પરથી સપાના ઉમેદવારનું નામાંકન થયા બાદ કોંગ્રેસ જિલ્લા અધ્યક્ષ સુરેશ યાદવે પાર્ટી સામે બળવો કરીને ઉમેદવારી નોંધાવી હતી. નોંધનીય છે કે, તેમના નામાંકન બાદ પક્ષના નેતાઓમાં હડકંપ મીચી ગયો છે.આ મામલે બળવાખોર નેતા સુરેશ યાદવે કહ્યું કે, 'ફુલપુર બેઠક કોંગ્રેસની પરંપરાગત બેઠક રહી છે, મોટા નેતાઓ મળીને આ બેઠક પરથી સપાને લડાવી રહ્યા છે. આ બેઠક પરથી માત્ર કોંગ્રેસે જ ચૂંટણી લડવી જોઈતી હતી.'ભાજપે આ બેઠક પરથી પૂર્વ ધારાસભ્ય દીપક પટેલને ઉમેદવાર બનાવ્યા છે. જ્યારે સપાએ મુજ્જતબા સિદ્દિકી અને બસપાના પહેલા ઉમેદવાર શિવ બરન પાસીને હટાવીને જીતેન્દ્ર સિંહને ટિકિટ આપી છે. અગાઉ કોંગ્રેસ ફુલપુર અને મીરાપુરની બેઠકોની માંગ કરી રહી હતી.

## વૈશ્વિક વેપારમાં ગુજરાતના નિકાસકારોને આગળ વધારવા માટે MODIFI અને GIDA ભાગીદાર બન્યા

(એજન્સી) અમદાવાદ | તા 25

MODIFI, એક અગ્રણી વૈશ્વિક વેપાર ફાઈનાન્સ પ્લેટફોર્મ, ગુજરાત ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ એસોસિએશન (GIDA) સાથે ભાગીદારીમાં, 'અનલોકીંગ ગ્રોથ કેપીટલ ફોર ગ્લોબલ ટ્રેડ' ઈવેન્ટને સફળતાપૂર્વક હોસ્ટ કરવામાં આવી હતી. આ વિશિષ્ટ ઈવેન્ટ ગુજરાતના નિકાસકારોને તેમના વેપાર કામગીરીને શ્રેષ્ઠ બનાવવા અને કાર્યકારી મૂડીમાં સુધારો કરવા માટે મહત્વપૂર્ણ આંતરદૃષ્ટિ અને વ્યૂહરચના પૂરી પાડીને સશક્ત બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવી હતી, જે પ્રદેશમાં વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે. આ ઈવેન્ટે SMEs અને સ્થાનિક વેપારી અગ્રણીઓને ક્રોસ-બોર્ડર પેમેન્ટ્સનું સંચાલન કરવા, ટ્રેડ ફાઈનાન્સમાં પ્રવેશ કરવા અને વૈશ્વિક વેપારની તકોને વેગ આપવા માટે નવીન ઉકેલો શોધવાનું પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું. આ સહયોગ દ્વારા, MODIFI અને GIDA ગુજરાત સ્થિત નિકાસકારોને વિકસતી વૈશ્વિક અર્થવ્યવસ્થામાં મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે. MODIFI ઈન્ડિયાના વરિષ્ઠ નિયામક - નેશનલ સેલ્સ શ્રી પુલકિત કપિલએ જણાવ્યું હતુ કે, 'ગુજરાતની ગતિશીલ SME ઈકોસિસ્ટમ વૃદ્ધિ માટે નોંધપાત્ર




તકો રજૂ કરે છે, તેમના ધિરાણ અને ચુકવણીના પડકારોને સંબોધીને, અમે તેમને કાર્યકારી મૂડીની પ્રવેશ, સરળ ચુકવણી પ્રક્રિયા અને અસરકારક જોખમ સંચાલન જેવા અવરોધોને દૂર કરવામાં મદદ કરીએ છીએ. MODIFI ના ઉકેલો તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તરણ અને સ્પર્ધા કરવા માટે સશક્ત બનાવે છે.' તાજેતરના મીડિયા અહેવાલો અનુસાર, ગુજરાત 55,000 થી વધુ SMEs ધરાવે છે અને ભારતના અગ્રણી ઉત્પાદન કેન્દ્રોમાં સતત સ્થાન ધરાવે છે. રાજ્ય ટેક્સટાઈલ, ફાર્માસ્યુટિકલ્સ અને ઓટોમોબાઈલ્સમાં વિકાસશીલ ઉદ્યોગોનું ઘર છે, જે તેના મજબૂત આર્થિક લેન્ડસ્કેપમાં નોંધપાત્ર યોગદાન આપે છે. ક્રોસ બોર્ડર ટ્રેડ ફાઈનાન્સમાં MODIFI ની કુશળતા અને GIDA ના મજબૂત સ્થાનિક નેટવર્ક સાથે, ભાગીદારી વૈશ્વિક વિસ્તરણ ઈચ્છતા ગુજરાતના SMEs ને આવશ્યક સમર્થન પ્રદાન કરશે. GIDA ના સ્થાપક અને પ્રમુખ શ્રી ચંદ્રકાંત સાળુંખેએ જણાવ્યું હતું કે, 'ગુજરાતના SMEs એ રાજ્યની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ છે અને તેમને વૈશ્વિક વેપાર માટે યોગ્ય સાધનોથી સજ્જ કરવું ટકાઉ વૃદ્ધિ માટે મહત્વપૂર્ણ છે.

---

**SC/ST એક્ટ 1989 હેઠળ ગુનો નોંધી શકાયો નથી. હાલ તમામ આરોપીઓ બેલ્લારી જેલમાં છે**

# 98 લોકોને એકસાથે જન્મટીપની સજા... 10 વર્ષ જૂના દલિત વિરોધી હિંસાના કેસમાં કોર્ટનો ફેંસલો

(એજન્સી) નવી દિલ્હી | તા 25

કર્ણાટકની સેશન્સ કોર્ટે દલિતો પર અત્યાચાર અને ભેદભાવના કેસમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. આ કેસમાં 98 લોકોને આજીવન કેદની સજા સંભળાવવામાં આવી છે. જેમાં ત્રણ ગુનેગારોને 5-5 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. જજ ચંદ્રશેખર સીની કોર્ટે ગુરુવારે આ નિર્ણય સંભળાવ્યો છે. આ મામલો લગભગ 10 વર્ષ જૂનો છે. આરોપીઓ પર 2 થી 5 હજાર રૂપિયા સુધીનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.મીડિયા રિપોર્ટ અનુસાર, આ મામલો 2014નો છે. મારાકુંબી કર્ણાટકના ગંગાવતી તાલુકામાં આવેલા ગામમાં દલિતો પર અત્યાચાર અને ભેદભાવનો કિસ્સો સામે આવ્યો હતો. 29 ઓગસ્ટ 2014ના ફરિયાદ



કરવામાં આવી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે ગામમાં દલિતો પર અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો અને તેમના ઘરોને આગ ચાંપી દેવામાં આવી હતી. તેમજ દલિતોને કરિયાણાની દુકાનમાં સામાન આપવામાં આવતો ન હતો. દલિતોને વાળંદની દુકાનોમાં પણ જતા અટકાવવામાં આવ્યા હતા. આ હિંસા બાદ ત્રણ મહિનાઓ સુધી મારાકુંબી ગામમાં પોલીસ તૈનાત રહી હતી. રાજ્ય દલિત અધિકારી સમિતિએ પણ આ દમન સામે દેખાવો કર્યા હતા. કેટલાક મહિનાઓ સુધી સ્થાનિક પોલીસ સ્ટેશન પણ સીઝ કરી દેવામાં આવ્યું હતું.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સરકારી વકીલ અપર્ણા બુંડીએ લડેલા આ કેસમાં આ પહેલીવાર છે જ્યારે દલિત અત્યાચારના કેસમાં 98 લોકોને એકસાથે આજીવન કેદની સજા આપવામાં આવી છે. આ કેસમાં 117 લોકો સામે કેસ ચલાવવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન 16 લોકોના મોત થયા હતા. કુલ 101 લોકોને દોષિત ઠેરવવામાં આવ્યા હતા પરંતુ 3 લોકોને ઓછી સજા મળી હતી કારણ કે તેઓ દલિત હતા અને તેમની સામે SC/ST એક્ટ 1989 હેઠળ ગુનો નોંધી શકાયો નથી. હાલ તમામ આરોપીઓ બેલ્લારી જેલમાં છે.

## પ્લેનમાં યાત્રીને પેનિક એટેક આવ્યો, જયપુરમાં ઈમરજન્સી લેન્ડિંગ

(એજન્સી) જયપુર | તા 25

વિસ્તારા એરલાઈન્સની ફ્લાઈટ UK-829એ શુક્રવારે સવારે જયપુર એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું. વિમાન દિલ્હીથી હૈદરાબાદ જઈ રહ્યું હતું. જયપુર નજીક એક મુસાફરની મેડિકલ ઈમરજન્સીના કારણે ફ્લાઈટને જયપુરમાં લેન્ડ કરવામાં આવી હતી. સ્ટાફ અને પાયલોટે જયપુર એર ટ્રાફિક કંટ્રોલને મેડિકલ ઈમરજન્સી વિશે જાણ કરી હતી.

**ઈ-હરાજી સૂચના**

ઈ-ઓક્શન ફોર્મ કે જે TATA કેમિકલ લિમિટેડ, મીઠાપુર પ્લાન્ટ, મીઠાપુર, ગુજરાત - 361345 થી સંબંધિત છે તે રસ ધરાવતા ખરીદદારો પાસેથી સખત રીતે 'જ્યાં છે ત્યાં' ધોરણે, 'પ્રતિ MT ના ધોરણે', નુકસાન થયેલા બચાવ માટે 'પૂર, પ્રવેશ અને પાણી ભરાવાને કારણે સોડા એશ (વિવિધ વિવિધતા) ) જેમ કે BIC, SAD અને SAL' નિકાલ માટે આમંત્રિત કરવામાં આવે છે.

નિરીક્ષણ અને EMD જમા કરાવવાની છેલ્લી તારીખ - 04-11-2024.
ઈ-ઓક્શન 05-11-2024 ના રોજ યોજાશે.
ઈ-ઓક્શન ફોર્મ માટે
શ્રી હરપ્રીત સિંહનો
મોબાઈલ :- +91- 8178624994 પર સંપર્ક કરો

Bid2Win પ્રાઈવેટ લિમિટેડ (ઓક્શનર)
વધુ વિગતો માટે: www.bid2win.in

## ટ્રાફિક-પોલીસમાં 1,631 જગ્યા ખાલી

અમદાવાદના 20 અરજદારોએ ગુજરાત હાઈકોર્ટમાં પોલિટેક્નિકથી IIM વચ્ચે બનનારા ઓવરબ્રિજને લઈને એડવોકેટ સલીલ ઠાકોર મારફત જાહેરહિતની અરજી દાખલ કરી હતી, જે ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ ચાલી રહી છે. અરજદારોએ આ બ્રિજ નિર્માણને જ પડકાર ફેંક્યો હતો. હાઈકોર્ટે આ PILનો વિષય વિસ્તૃત કરીને શહેરમાં ટ્રાફિક સમસ્યા, બ્રિજની ડિઝાઈન, ગ્રીન કવર સુધી વિસ્તાર્યો હતો. આજે (25 ઓક્ટોબર) આ મુદ્દે હાઈકોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરાઈ હતી.


# સિટી એક્સપ્રેસ

SATURDAY 26 OCTOBER-2024

AHMEDABAD


## વ્યાજખોરે જમીન દલાલનું માથું ફોડી નાખ્યું

પઠાણી ઉઘરાણી કરતા વ્યાજખોરોને હવે પોલીસનો ડર રહ્યો નથી. પોલીસ વ્યાજખોરો વિરૂદ્ધ સંકજો કરી રહી છે ત્યારે તે બેફામ બન્યા છે. બે દિવસ પહેલાં વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં જે વ્યાજખોર સામે ફરિયાદ નોંધાઈ હતી તેણે સેટેલાઈટ પોલીસ સ્ટેશન સામે જ જમીન દલાલ પર દંડાથી હુમલો કરી લોહીલુહાણ કરી દીધો હોવાની ઘટના સામે આવી છે. જમીન દલાલના કહેવાથી તેના મિત્રએ વ્યાજખોર સામે ફરિયાદ કરી છે તેવી શંકા રાખીને આ હુમલો કરાયો હતો. સેટેલાઈટ પોલીસ સ્ટેશન પાસે જ વ્યાજખોર દ્વારા જમીન દલાલ પર હુમલો કરવામાં આવ્યો હતો.



# 48 બાંગ્લાદેશીઓ નકલી દસ્તાવેજથી બન્યા ભારતીય

## હવાલા મારફતે પૈસા બાંગ્લાદેશ પહોંચાડતા હોવાની આશંકા

## અમદાવાદમાં 3 મહિનાથી ગેરકાયદેસર વસવાટ કરતા ક્રાઈમ બ્રાન્ચે ઝડપ્યા

(એજન્સી) અમદાવાદ | તા.25

દિવાળી પહેલાં શહેર પોલીસ દ્વારા વિવિધ જગ્યાએ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને અસામાજિક તત્વો સામે કાર્યવાહી માટે ચેકિંગ હાથ ધરવામાં આવતું હોય છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગેરકાયદેસર વસવાટ કરતા 48 જેટલા બાંગ્લાદેશી ઝડપી પાડ્યા છે. આરોપીઓ નકલી દસ્તાવેજો બનાવીને રહેતા હોવાનું સામે આવ્યું છે.

શહેરના કેટલાક વિસ્તારોમાં નકલી દસ્તાવેજો થતાં હોવાની માહિતી મળી હતી. જેના આધારે બાંગ્લાદેશીઓના પણ નકલી દસ્તાવેજ થયા હોવાની માહિતી મળતા તેના આધારે વિવિધ વિસ્તારોમાં દરોડા પાડીને 48થી વધુ બાંગ્લાદેશીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. ટેકનોલોજીનો ઉપયોગ



કરીને તપાસ હાથ ધરી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ACP ભરત પટેલે જણાવ્યું હતું કે, શહેરના કુબેરનગર, સરદારનગર, શાહઆલમ, નરોડા પાટિયા તેમજ ચંડોળા તળાવમાં હજારોની સંખ્યામાં બાંગ્લાદેશીઓ વસવાટ કરે છે, જેને લઈને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા બાંગ્લાદેશીઓને શોધવાની ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. ચંડોળા તળાવમાં મોટી સંખ્યામાં બાંગ્લાદેશે વસવાટ કરતા હોય જેને લઈ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ કરીને વર્ષ 2010, 2015, 2020 અને 2024ના વર્ષના બાયસેક તેમજ ગૂગલ અર્થ દ્વારા તપાસ કરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવેલી તપાસમાં વર્ષો પહેલા અને અત્યારની પરિસ્થિતિમાં ખૂબ જ અલગ તસવીરો જોવા મળે છે અને વસવાટમાં વધારો જોવા મળ્યો હતો.

તળાવમાં પાણી ખાલી થાય ત્યારે ત્યાં દબાણ કરી દેવામાં આવે છે અને ઘર બનાવી રહેવા લાગે છે. બનાવટી દસ્તાવેજોના આધારે જે બાંગ્લાદેશીઓની ચંડોડા સહિત અલગ-અલગ વિસ્તારમાં તપાસ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં 48 જેટલા બાંગ્લાદેશીઓ મળી આવ્યા છે. અત્યારે હાલ ડ્રાઈવ ચાલુ કરવામાં આવી છે જેની જાણ થતાની સાથે જતાં રહ્યાં છે.

### 3 મહિનાથી નકલી દસ્તાવેજ પર વસવાટ કરતા હતા

ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ભૂતકાળમાં નોંધેલા ગુના પરથી જાણવા મળ્યું હતું કે, બનાવટી દસ્તાવેજો કરી અને બાંગ્લાદેશથી અહીંયા રહેવા આવી ગયા છે. છેલ્લા 3 મહિનાથી નકલી આધારકાર્ડ, પાનકાર્ડ, ચૂંટણીકાર્ડ બનાવી શાહઆલમ, ચંડોળા તળાવમાંથી બાંગ્લાદેશીઓ ઝડપાયા છે. ઝડપાયેલા બાંગ્લાદેશીઓ પાસેથી બાંગ્લાદેશી નાગરિક હોવાના પુરાવા અને મોબાઈલ મળ્યા છે. 48 લોકો ઝડપાયા જેમાં 32 પુરુષ, 8 મહિલા, 6 સગીર છે. 250થી વધુ જેટલા બાંગ્લાદેશીઓ હોવા અંગેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

### ભારતથી હવાલા મારફતે નાણાં બાંગ્લાદેશ પહોંચાડે છે

વધુમાં જાણવા મળ્યું હતું કે, બાંગ્લાદેશથી જે લોકો સરહદ પાર કરી ભારતમાં આવે છે. તેઓ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં મજૂરી કામ કરે છે. આ ઉપરાંત ભીખ, દેહવ્યાપાર, મજૂરી કરી ગુજરાન ચલાવે છે. બાંગ્લાદેશમાં ત્યાંની છોકરી સાથે લગ્ન કરી ગેરકાયદે રીતે અહી આવે છે અને મહિલાને દેહવ્યાપાર કરાવતાં હોય છે. કેટલાંક લોકોનું ગ્રુપ ભારતથી હવાલા મારફતે નાણાં બાંગ્લાદેશ ખાતે મોકલી આપે છે.

## અમદાવાદના સરખેજમાં ગેરકાયદે બાંધકામ પર ફેરવાયું બુલડોઝર, મહાનગરપાલિકાની કાર્યવાહી

(એજન્સી) અમદાવાદ | તા.25

અમદાવાદ મહાનગરપાલિકાને થતાં પાલિકા તંત્ર દ્વારા મંજૂરી વગર બાંધકામ પર મોટી કાર્યવાહી કરી છે. સરખેજમાં સોનલ સિનેમા રોડ પર નેહા ફ્લેટ નામની ફ્લેટની સ્કીમનું મંજૂરી વગર બાંધકામ કરતા AMCએ બાંધકામ અટકાવ્યું હતું. આ ઉપરાંત 27 યુનિટનું બાંધકામ તેડી પાડવામાં આવ્યું હતું. મળતી માહિતી અનુસાર, અમદાવાદના સરખેજમાં આવેલા સોનલ સિનેમા રોડ ઉપર નેહા ફ્લેટ નામની રહેણાંક સ્કીમનું મંજૂરી વગર બાંધકામ કરવામાં આવ્યું હતું. જેને લઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ મંજૂરી વગરના બાંધકામને અટકાવવા કરવામાં આવી હતી. એએમસી દ્વારા આ મંજૂરી વગરનું બાંધકામ અટકાવીને 27 યુનિટનું બાંધકામ પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે તોડી પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત જરૂરી કાર્યવાહી કરી તેને સીલ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, 2020માં આ બાંધકામને તોડી બિનવપરાશી કરવામાં આવ્યું હતું. પરંતુ તાજેતરમાં આ જ્ગ્યાએ ફરીથી બાંધકામ પ્રવૃત્તિ ચાલુ કરવામાં આવી હોવાનું કોર્પોરેશનના ધ્યાને આવ્યું હતું. જેથી કાર્યવાહી કરીને મિલકતને સીલ કરી બાંધકામ આગળ થતું અટકાવવામાં આવ્યું હતું.

# હજુ આગામી પાંચ દિવસ ગુજરાતીઓને શેકાવું પડશે

## ઉત્તર પૂર્વ દિશાથી પવન ફૂંકાતા તાપમાનમાં કોઈ ફેરફાર નહીં, દિવાળી બાદ લઘુત્તમ તાપમાન ધીમે ધીમે ઘટશે

(એજન્સી) અમદાવાદ | તા.25

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી બેવળી ઋતુનો અનુભવ થાય છે. જેમાં દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ થયા બાદ કેટલીક વખત છૂટા છવાયા હળવા વરસાદી ઝાપટા વરસી જતા હતા, પરંતુ હવે છેલ્લા પાંચ દિવસથી દિવસ દરમિયાન અત્યંત ગરમીનો અહેસાસ થયા બાદ વહેલી સવારે ઠંડકનો અનુભવ થાય છે. જે હજુ પણ આગામી પાંચ દિવસ યથાવત રહેવાની શક્યતા છે. એટલે કે દિવાળી પહેલાં શિયાળાનો શરૂ થવાની શક્યતા નહીવત છે. ત્યાર બાદ નવેમ્બર મહિનાના પહેલાં સપ્તાહ પછી ધીમે ધીમે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થવાની સંભાવના જણાઈ રહી છે. ઓક્ટોબર મહિનામાં ભારતીય હવામાન વિભાગની આગાહી અનુસાર સમાન્ય કરતા વધુ તાપમાન રહ્યું છે.

### આગામી પાંચ દિવસ તાપમાન યથાવત રહેશે

હવામાન વિભાગના ડાયરેક્ટર એકે દાસના જણાવ્યા અનુસાર ગુજરાતમાં હજુ પણ આગામી પાંચ દિવસ લઘુત્તમ અને મહત્તમ તાપમાન યથાવત રહેશે. હાલમાં ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા હોવાથી તાપમાનમાં ફેરફારની કોઈ શક્યતા નથી, પરંતુ ધીમે ધીમે જેમ નવેમ્બર મહિનો નજીક આવશે તેમ પાંચ દિવસ બાદ તાપમાનમાં ફેરફાર નોંધાઈ શકે છે. અમદાવાદ શહેરમાં છેલ્લા 24 કલાક દરમિયાન સમાન્ય કરતાં 1.9 ડિગ્રી સેલ્સિયસ વધુ રહીને 31.1 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન પણ સમાન્ય કરતાં 2 ડિગ્રી સેલ્સિયસ વધુ રહીને 21.8 ડિગ્રી નોંધાયું હતું. જોકે, 23 તારીખના રોજ જે લઘુત્તમ તાપમાન નોંધાયું હતું તેના કરતા બે ડિગ્રી જેટલું ઓછું લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. એટલે કે, ધીમે ધીમે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થવા જઈ રહ્યો છે, પરંતુ હજુ પણ આગામી પાંચ દિવસ દરમિયાન આ પ્રકારનું વાતાવરણ યથાવત રહેશે.



# SP રિંગ રોડ પર કચરો ફેંક્યો તો લાગશે તાળાં

## હોટલ, સોસાયટી તથા લારી-ગલ્લા સહિતના એકમો સામે દંડથી લઈને સીલિંગ કાર્યવાહી

(એજન્સી) અમદાવાદ | તા.25

અમદાવાદની ફરતે આવેલા સરદાર પટેલ રિંગ રોડ (SP Ring Road) પર જો હવે કચરો નાખવામાં આવશે કે ગંદકી ફેલાવવામાં આવશે તો રૂપિયા 500થી લઈને રૂપિયા 2000 સુધીનો દંડ ઔડા (અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી) દ્વારા કરવામાં આવશે. આજે મળેલી ઔડાની બેઠકમાં એસપી રિંગ રોડ પર જે લોકો જાહેરમાં કચરો ફેંકી ગંદકી ફેલાવશે, ખુલ્લી ડ્રેનેજમાં કચરો નાખશે તો તેમની સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. હોટલ, રેસ્ટોરાં, દુકાનદારો સહિતના એકમો જો બે વખત દંડ બાદ પણ કચરો ફેંકશે તો મિલકતને સીલ કરવામાં આવશે. જાહેર રોડ પર દબાણ કરનારા સામે પણ 1000 રૂપિયાના દંડથી લઈને દબાણ દૂર કરવાની કાર્યવાહી થશે.ઔડાના CEO ભવ્ય વર્માએ જણાવ્યું હતું કે સરદાર પટેલ રિંગ રોડની જવાબદારી અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની છે. રિંગ રોડની બંને તરફ આવેલી હોટલ, ઢાબા, સોસાયટી, સંસ્થા,



પ્રોપર્ટી, કાફે શોપ, ટી સ્ટોલ તથા અન્ય લારી-ગલ્લા તથા ખાણીપીણીના વિક્રેતાઓ દ્વારા રોજબરોજનો ભેગો થતો કચરો તથા પ્લાસ્ટિક વેસ્ટ રિંગ રોડની ડ્રેનેજ અને રોડ પર નાખવામાં આવે છે, જેના કારણે કચરાના ઢગલાં તથા પ્લાસ્ટિક વેસ્ટના ઢગલા થાય છે. હવેથી જે લોકો રિંગ રોડ પર કચરો ફેંકશે અથવા ગંદકી ફેલાવશે તેમની સામે દંડ લેવાથી લઈને મિલકત સીલ કરવા સુધીની કાર્યવાહી કરવા નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી મહિનાથી આ માટે અલગ સ્કવોડ તૈયાર કરી તાત્કાલિક ધોરણે અમલીકરણ શરૂ કરી દેવાશે.

### બીયુ/ડેવલપમેન્ટ પરમિશન રદ કરવા જાણ કરાશે

રિંગ રોડની ઓપન ડ્રેનેજ તથા સર્વિસ રોડ પર સફાઈની કામગીરી ઔડા અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંયુક્ત રીતે કરાય છે, જેથી હવે દંડની કાર્યવાહી ઔડા અને રિંગ રોડના કન્સેનર અમદાવાદ રિંગ રોડ ઈન્ફાસ્ટ્રક્ચર પ્રા.લિ. (ARRIP) દ્વારા ઔડાના સંકલનમાં રહીને વસૂલ કરવાનો રહેશે. રિંગ રોડ પર વારંવાર ગંદકી ફેલાવતા એકમોના બીયુ/ડેવલપમેન્ટ પરમિશન રદ કરવા તથા યુનિટને સીલ કરવા અંગે લાગુ પડતી સંબંધિત ઓથોરિટી/ કોર્પોરેશનને જાણ કરવામાં આવશે.

## અમદાવાદમાં હવાનું પ્રદૂષણ ઘટાડવા હવેથી ૧૦૦મીટર સુધી ઉંચાઈની સાઈટમાં એર કવોલીટી સેન્સર, ડીસ્પલે લગાવવા ફરજિયાત

(એજન્સી) અમદાવાદ | તા.25

નેશનલ કલીન એર પ્રોગ્રામ અંતર્ગત અમદાવાદમાં ૪૫થી ૭૦ તથા ૧૦૦ મીટર સુધીની ઉંચાઈની બાંધકામ સાઈટ ઉપર એર કવોલીટી સેન્સર લગાવવા ફરજિયાત બનાવવામા આવ્યા છે. નવી બનતી બાંધકામ સાઈટ ઉપર એર કવોલીટી સેન્સર નહીં લગાવનારા ડેવલપરને મ્યુનિ.ના એસ્ટેટ વિભાગ તરફથી નોટિસ આપવાથી લઈ રજા ચિઠ્ઠી રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.સાઈટ ઉપર લગાવવામાં અવેલા સેન્સરને કમાન્ડ કંટ્રોલ સેન્ટર સાથે કનેકટિવીટી અપાશે. શહેરમાં હવાનુ પ્રદૂષણ વધવાની સાથે પી.એમ.૧૦ તથા પી.એમ.-૨.૫ની માત્રા પણ વધતી હોય છે.આ પોલીસીના અમલના ભાગ રુપે પાઈલોટ પ્રોજેક્ટ તરીકે અમદાવાદ શહેરમાં ૨૦ હજાર સ્કેવર ચોરસ મીટરથી વધારે બિલ્ટઅપ એરીયા ધરાવતી વીસ જેટલી બાંધકામ સાઈટ ઉપર એર કવોલીટી મોનિટરીંગ સ્ટેશનનુ ઈન્સ્ટોલેશન કરવામાં આવ્યુ છે.

## કાંકરિયા ઝૂમાં નવા પ્રાણીઓનો ઉમેરો

### મહારાષ્ટ્રના નાગપુર પ્રાણીસંગ્રહાલયમાંથી લાવેલી 2 વાઘણ અને 3 દીપડાની જોડીને મુલાકાતીઓ નિહાળી શકશે

(એજન્સી) અમદાવાદ | તા.25

મહારાષ્ટ્ર નાગપુર ખાતે આવેલા ગોરેવાડા પ્રોજેકટના વાઈલ્ડ લાઈફ રેસ્ક્યૂ સેન્ટરમાંથી 2 વાઘણ અને 3 દીપડા-દીપડીની જોડી અમદાવાદનાં કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં લાવવામાં આવી છે. એક માસ સુધી કવોરેન્ટાઈનમાં પિરિયડ પૂરો કર્યા બાદ આજે શુક્રવારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીઓ અને શહેર પ્રમુખ દ્વારા મુલાકાતીઓને જોવા માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતા. કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાંથી 90થી વધુ વિવિધ પશુ-પક્ષીઓ પણ નાગપુર ખાતે આવેલા વાઈલ્ડ લાઈફ રેસ્ક્યૂ સેન્ટરમાં આપવામાં આવ્યા છે.

હાલમાં કુલ 8 વાઘ અને વાઘણ છેઃ અધિકારી રિક્રિએશનલ કમિટીના ચેરમેન જયેશ ત્રિવેદી અને કાંકરિયા ઝુના અધિકારી ડો. આર. કે. સાહુએ જણાવ્યું હતું કે, બે નવી વાઘણ અને ત્રણ જોડી દીપડા-દીપડીની લાવવામાં આવી છે.

અત્યારે હાલમાં કુલ 8 વાઘ અને વાઘણ છે. કુલ એક સિંહ અને બે સિંહણ છે. નાગપુરના પ્રાણીસંગ્રહાલયમાંથી લાવવામાં આવેલી બે વાઘણ અને છ દીપડાને મુલાકાતિઓને જોવા માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે. કાંકરિયા ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. શર્વ શાહ અને પ્રાણીસંગ્રહાલયના 10 અધિકારી તથા કર્મચારીઓ દ્વારા નાગપુર ખાતે જઈ ત્રણ ટ્રક મારફતે લાવવામાં આવ્યા હતા.

## આંગડિયા પેઢીમાં અમદાવાદ પોલીસનો 'તોડકાંડ', ક્રિપ્ટો કરન્સીના સોદામાં 25 લાખ ચાંઉ કર્યા

(એજન્સી) અમદાવાદ | તા.25

અમદાવાદ પોલીસનો વધુ એક તોડકાંડ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. ક્રિપ્ટો કરન્સીનો એક સોદો થયો અને સીજી રોડ ઉપર આંગડિયા પેઢીમાં 20 લાખ રૂપિયાનું ચૂકવણું થાય ત્યાં ઝોન-1 સ્કવોડ પોલીસ પહોંચી હતી.

આ 20 લાખ રૂપિયા પોલીસે ચાંઉ કર્યાના આક્ષેપ સાથે રજૂઆત કરાતાં પોલીસ કમિશનરે તપાસના આદેશ આપ્યાં છે. ક્રિપ્ટો કરન્સીનો સોદો કરનાર અશોક નામનો શખ્સ અને પોલીસે પાંચ લાખ તેની પાસેથી લીધાનું રહસ્ય પણ ઘેરાયું છે. ચોંકાવનારી બાબત એ છે કે, એક મહિના પહેલાં નવરંગપુરામાં જ તોડ અંગે બે કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરાયાં હતાં. હવે, ઝોન-1 સ્કવોડ સામે આક્ષેપો થયાં છે. અમદાવાદના અશોક નામના એક શખ્સે છેલ્લા એક-દોઢ વર્ષથી સુદર્શનભાઈ નામના વેપારી સાથે મિત્રતા કેળવી હતી. 50 લાખના રોકાણ સામે અઠવાડિયામાં જ 60 લાખ કમાવાની લાલચ આપી ચૂકેલો અશોકે હવે યુ.એસ.ડી.ટી. એટલે કે ક્રિપ્ટો કરન્સીની લાલચ આપી હતી. એક વ્યક્તિને પૈસાની જરૂરત હોવાથી 30 લાખની ક્રિપ્ટો કરન્સી 20 લાખમાં વેચવાની હોવાની વાત કરાઈ હતી.

સુદર્શનભાઈએ પોતાના વોલેટમાં યુ.એસ.ડી.ટી. આવે તે પછી જ 20 લાખ આપશે તેવી વાત કરી હતી. વસ્ત્રાપુર મોલ પાસે મુલાકાત કર્યા પછી પૈસાની ચૂકવણી કરવા માટે સુદર્શનભાઈને સીજી રોડ ઉપર આંગડિયા પેઢીમાં લવાયાં હતાં. વોલેટમાં ક્રિપ્ટો કરન્સી આવે તેની રાહ જોવાઈ રહી હતી ત્યાં મયૂર, અમીત સહિતના પોલીસ કર્મચારીઓ આવ્યાં હતાં. આંગડિયા પેઢીથી 20 લાખ રૂપિયા સાથે સુદર્શનભાઈ અને અશોકને નવરંગપુરા પોલીસ સ્ટેશનના ઉપરના માળે લઈ જવાયાં હતાં.

ઝોન-1 સ્કવોડની ઓફિસમાં પીએસઆઈ જેવા દેખાતાં એક અધિકારી પાસે બન્નેને 20 લાખ રૂપિયા સાથે રજૂ કરવામાં આવ્યાં હતાં. કંઈક અજૂગતું થશે તેવી આશંકાથી સુદર્શનભાઈએ પોતાના ઓળખિતાઓને ફોન કર્યા હતા. દબાણ સર્જાતાં અશોકે જ ઝોન-1 સ્કવોડને જવા દેવા માટેની ભલામણ કરવા સાથે સુદર્શનભાઈને 20 લાખ પરત અપાવવા ખાતરી આપી હતી. બદલામાં અશોક રૂા. પાંચ લાખ ચૂકવે તેવી માગણી કરાઈ હતી. અગાઉ નવરંગપુરામાં કામ કરી ચૂકેલા અને હાલ વેજલપુરમાં કાર્યરત પોલીસ કર્મચારીને મધ્યસ્થી બનાવીને પાંચ લાખ રૂપિયાનો હવાલો અપાયો હતો. આ પ્રકારે અશોક પાસેથી પાંચ લાખ મેળવાયાં હતાં.

## રાજભા ગઢવી સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુન્હો નોંધી, એટ્રોસિટી દાખલની બાર એસોસિયેશનની માંગ



સુશીલ પવાર : ડાંગ

ગુજરાતનાં પ્રખ્યાત લોક સાહિત્ય કલાકાર રાજભા ગઢવી એ વિવાદાસ્પદ ટીપ્પણી કરતા ડાંગ જિલ્લાના આદિવાસી સમાજમાં રોષ ફાટી નીકળ્યો છે.ત્યારે રાજભા ગઢવી સામે એટ્રોસીટી એકટ મુજબ ગુનો દાખલ કરી તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે આહવા બાર એસોસિયેશને આવેદનપત્ર પાઠવ્યુ હતુ.

ડાંગ જિલ્લાનાં વકીલ બાર એસોસીએશને સોશિયલ મીડિયાના માધ્યમથી ફેસબુક LOK DAYRO નામના ID પર સાહિત્ય કલાકાર રાજભા ગઢવીનો એક ડાયરાનો વિડીયો અપલોડ થયેલ જોયો હતો. જેમાં ડાંગ જિલ્લાનાં આદિવાસી સમાજનો જાહેરમાં અને વિદેશમાં અપમાન કરેલ છે.

## આદિવાસી સમાજના વિરોધને લઈને રાજભા ગઢવીએ "દિલગીરી અનુભવું છું" કહેતો વિડિયો વાયરલ

સુશીલ પવાર, ડાંગ

ગુજરાતનાં લોક સાહિત્ય કલાકાર રાજભા ગઢવી દ્વારા એક લોકડાયરામાં જાહેર મંચ ઉપર ડાંગ જિલ્લા વાસીઓને લઈ વિવાદાસ્પદ ટિપ્પણી કરતા ડાંગ જિલ્લાના આદિવાસી સમાજમાં રોષ ફાટી નીકળ્યો છે જેને લઈને સખત વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. ત્યારે રાજભા ગઢવી આ મામલે એક નિવેદન આપતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો છે જેમાં ' હું દિલગીર છું'એવા શબ્દોનું ઉચ્ચારણ રાજભા ગઢવી દ્વારા કરવામાં આવેલ છે.ડાંગ જિલ્લામાં રાજભા ગઢવીને લઈને ઠેરઠેર વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે તેને લઈને રાજભા ગઢવીએ એક નિવેદન આપતો વિડિયો વાયરલ કર્યો છે. ત્યારે આ વીડિયોમાં રાજભા ગઢવી દ્વારા કહેવામાં આવી રહ્યું છે કે,'આદિવાસી વન બંધુઓને એવું લાગ્યું છે કે હું તેમના વિશે બોલ્યો છું લૂંટી લેવું.વિશ્વના દેશોની વાત કરતા કરતા ડાંગની વાત કરી છે.ત્યારે આવી ઘટના ક્યારેક બની હોય તે મગજમાં આવી જતી હોય છે.જોકે આ ચોક્કસ છે કે



આદિવાસી કે વનવાસી શબ્દ ક્યાંય વાપર્યો નથી અને આદિવાસી શબ્દ બોલ્યો નથી. તેમજ હુ પણ વનબંધુ છું હું પણ ગીરમાંથી આવું છું. જોકે અહીં ગેરસમજ કરી લેવામાં આવેલ છે.તમારી લાગણીઓને મારા વંદન છે. અને ઘણાને કહ્યું કે મહેમાનગતિ કરાવીએ છીએ ત્યારે મહેમાનગતિ કરી આપણી સંસ્કૃતિને સાચવી રાખવામાં આવેલ છે,જેને વંદન છે. અને લૂંટી લે એવું કહેવામાં આવેલ છે ત્યારે જંગલમાં બહારના લુટારુઓ આવીને પણ લૂંટી લે, આદિવાસી શબ્દો એવો હું બોલ્યો જ નથી. તેમજ હું લોકસાહિત્યનો માણસ છું તેથી દરેક જ્ઞાતિની વાતો કરી છે. પણ કોઈ જ્ઞાતિને દુઃખ લાગે તેવી કોઈ વાત આજ દિન સુધી કરી નથી. એક પ્રાંતની વાત કરવામાં આવી હતી. ત્યારે પ્રાંતમાં આવીને તો કોઈ પણ કઈ પણ કરી શકે. અમુક લોકો ગીરમાં આવીને સિંહ ને મારી ગયા હતા એનો દાખલો આપણે ઘણા વર્ષો પહેલા જોયો છે.બીજા રાજ્યમાંથી આવીને ગીરમાં સિંહને મારી ગયા હતા.એટલે ડાંગ વાળા એવું કરે છે એમ નહીં. ટૂંકમાં આદિવાસી વન બંધુઓને લઈને પણ મેં ઘણી વાતો કરી છે અને સારી સારી વાતો કરી છે. ભગવાન બિરસા મુંડાથી લઈ ફાંસીયા શબ્દ સુધીની વાત મેં કરી છે.આદિવાસી સમાજના લોકો કાળજા થઈ અંગ્રેજો સામે લડ્યા છે, નો ઈતિહાસ બહાર આવ્યો જ નથી ત્યારે આ વાતો મે બહાર લાવી છે આવું હું ઘણી વખત બોલ્યો છું. અત્યારે ખાસ કરીને આદિવાસી બંધુઓ તમે સાચી રીતે જોજો,એ રીતે ના લો. તેમજ મારો સ્વભાવ એવો છે કે મારા કહેવાથી કોઈને દુઃખ થાય એવું મને ખબર પડે તો તે બાબતે મને ઘણું દુઃખ થાય છે.ત્યારે હું આ મામલે દિલગીર છું.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...